# સત્સંગ વાચનમાળા

## ભાગ ત્રીજો

# અનુક્રમણિકા


| ક્રમ | ચરિત્ર | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | યોગમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી | ૧ |
| ૨. | સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી | ૧૩ |
| ૩. | વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી | ૨૯ |
| ૪. | આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ | ૪૧ |
| ૫. | ભક્તરાજ કુશળકુંવરબા | ૪૯ |
| ૬. | ભક્તરાજ પર્વતભાઈ | ૫૭ |
| ૭. | ભક્તરાજ શિવલાલ શેઠ | ૬૫ |



યોગમૂર્તિ સદ્. ગોપાળાનંદ સ્વામી

# યોગમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી

ગઢપુરમાં અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. સામે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો બેઠા હતા. ત્યારે શ્રીજીમહારાજે મોટેરા સંતોને વારાફરતી પૂછ્યું કે 'તમારી વિશિષ્ટતા શી ?' સૌએ પોતપોતાની વિશિષ્ટતા જણાવી. તેમાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે 'હે મહારાજ ! અનંત કોટિ બ્રહ્માંડમાં આપનું ધાર્યું થાય છે પણ આપની કૃપાથી એક વખત હું પણ મારું ધાર્યું આ બ્રહ્માંડમાં કરી દેખાડું.'

આ સાંભળી શ્રીજીમહારાજ રાજી થયા અને બોલ્યા : 'તમારી વાત ખરી છે.'

આવા મહાસમર્થ યોગમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૩૭ના મહા સુદ ૮ના મંગળ દિવસે, ઈડર પ્રાંતના ટોડલા ગામમાં, પિતા મોતીરામ ભટ્ટ ને માતા કુશલાદેવીને ત્યાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણનું નામ હતું ખુશાલ.

ગૌર વર્ણ અને તેજસ્વી મુખાકૃતિવાળા આ બાળકનાં જન્મજાત લક્ષણો, પ્રભાતનાં કિરણો ફૂટે તેમ એક પછી એક પ્રકાશવા લાગ્યાં. ચાર વર્ષની કુમળી વયે તો બાળકે પિતા પાસે દેવભાષા સંસ્કૃતના પાઠ શરૂ કર્યા. ત્યારપછી બાજુના નભોઈ ગામના વિદ્વાન બ્રાહ્મણ પાસે વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, ખગોળ, વેદ-વેદાંતનો પણ ઊંડો અભ્યાસ કર્યો.

પૂર્વના યોગાભ્યાસી હોય તેમ ટોડલાને પાદર વહેતી નદીને સામે કિનારે આવેલા મહાદેવના દેરામાં તેઓ ઘણી વખત ધ્યાનમગ્ન રહી બેસતા. વળી, ક્યારેક ટોડલા ગામને ફરતી સોહામણી પર્વતમાળાની કંદરામાં જઈ મહિનાઓ સુધી તપ પણ કરતા. આથી, યોગની કાંતિ તેમના મુખારવિંદ ઉપર સહેજે ઝળહળતી હતી.

અધ્યયન પૂર્ણ થયા પછી ગામમાં એમણે પાઠશાળા શરૂ કરી. બાળકોને તેઓ અભ્યાસ કરાવતા. માત્ર પઠન-પાઠનની વિદ્યા અધૂરી જણાતાં તેઓ બાળકોને ભગવદ્‌ભક્તિના પાઠો – ધૂન, કીર્તન, નામસ્મરણ આદિક પણ

કરાવતા. ક્યારેક ભગવદ્‌ભક્તિમાં તલ્લીન થઈ જતા ખુશાલ ભક્તની સાથે બાળકો પણ ભક્તિના પ્રભાવથી સમાધિદશા પ્રાપ્ત કરતાં. દેવદર્શન, પૂજાપાઠ, કથાવાર્તા, સંતોની સેવા એ જ ખુશાલ ભક્તનો નિત્યનો ક્રમ હતો. આવું ધર્મપરાયણ જીવન જીવતા આ ભક્તરાજનું જીવન ઘણું જ ચમત્કારી હતું.

ટોડલાથી થોડે દૂર શામળાજીનું વિખ્યાત પુરાતની મંદિર છે. અહીં એક વહેલી સવારે પૂજારીએ મંદિરનાં દ્વાર ખોલ્યાં તો સિંહાસનમાં શામળાજીની મૂર્તિ જ ન મળે. આ જોઈ પૂજારી તો એકદમ હેબતાઈ ગયો. તેણે તરત મંદિરના બીજા માણસોને બોલાવ્યા. ફરી દ્વાર ખોલ્યાં તો શામળાજીની મૂર્તિ સિંહાસનમાં જેમ હતી તેમ ગોઠવાઈ ગઈ હતી. આ જોઈ પૂજારીને ઘણું આશ્ચર્ય થયું ! પણ બીજા માણસોને શંકા થઈ કે નક્કી આમાં પૂજારીનું કંઈ કપટ છે. તેમણે મૂર્તિનાં વસ્ત્રાલંકારોની તપાસ કરી તો જણાઈ આવ્યું કે એક જરિયાન વસ્ત્ર અને પગનું એક સોનાનું ઝાંઝર મૂર્તિના અંગ પર ન હતાં. આથી, પૂજારી ઉપર ચોરીનો આરોપ આવ્યો. સૌ તેને મારવા લાગ્યા.

તે વખતે મૂર્તિમાંથી એકાએક અવાજ આવ્યો કે 'પૂજારીનો કાંઈ વાંક નથી. હું અહીંથી થોડે દૂર ટોડલા ગામે, મારા એક ભક્ત ખુશાલની સાથે રોજ રમવા જાઉં છું. આજે રોજના સમય કરતાં પૂજારીએ નિજમંદિર વહેલું ખોલ્યું એટલે મારે દોડતાં ત્યાંથી આવવું પડ્યું, આથી, મારું એક વસ્ત્ર અને ઝાંઝર રસ્તામાં પડી ગયું છે તે તમે ત્યાં તપાસ કરો તો મળી આવશે.'

આ સાંભળી સૌ આશ્ચર્યમાં ડૂબી ગયા !

આ બાજુ ખુશાલ ભક્તનાં માતુશ્રી સવારના પહોરમાં પોતાના ઘરનું આંગણું વાળતાં હતાં. ત્યાંથી એક જરિયાન વસ્ત્ર અને નવેળામાંથી ઝાંઝર તેમને મળી આવ્યાં. તેઓ આમતેમ જોવા લાગ્યાં. તેથી હસતાં હસતાં બાલ-ભક્તે કહ્યું કે 'એ ત્યાં ને ત્યાં રહેવા દ્યો. જેનું છે તે હમણાં આવીને લઈ જશે.'

થોડી વારમાં જ શામળાજી મંદિરના માણસો તે ઘર શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા. ખુશાલ ભક્તને પ્રણામ કર્યા. તેમનાં માતુશ્રીને બધી વાત કરી અને આશ્ચર્ય પામતાં બંને વસ્તુઓ લઈ ગયા. કુશલાદેવી તો પોતાના બાળકની આ અલૌકિક ચેષ્ટાથી મનોમન ખૂબ આનંદ પામ્યાં.

આવા ઘણા ચમત્કારી પ્રસંગોમાં બીજો પણ એક પ્રસંગ ખાસ નોંધાયેલો છે. તે વખતે ઈડરના રાજાએ બ્રાહ્મણો ઉપર માથા દીઠ રૂપિયા ત્રણનો વાર્ષિક

કર નાખેલો. બ્રાહ્મણોએ કર માફ કરવા રાજાને વિનંતી કરી, પણ રાજાએ તે માન્ય રાખી નહીં. આ સમયે બાલભક્તની ખ્યાતિ ચોતરફ પ્રસરી ચૂકી હતી. તેથી બ્રાહ્મણો તેમને ચમત્કારી જાણી, તેમના દ્વારા રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ ગર્વથી અંધ બનેલા તે રાજાએ અજ્ઞાનતામાં આ બાલ-ભક્તના વચનની પણ ઉપેક્ષા કરી. આથી, ખુશાલ ભક્ત સૌ બ્રાહ્મણોને સાથે લઈ, ગામની બહાર વાવ છે ત્યાં ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે રાજાને સદ્‌બુદ્ધિ આપે. પોતાના ભક્તને થયેલો અપરાધ ભગવાન કેમ સહન કરે? ભગવાને ઇચ્છા કરી અને તે જ વખતે રાજા અને તેનાં કુટુંબીજનો તથા કારભારીઓનાં ઝાડા-પેશાબ એકદમ બંધ થઈ ગયાં. રાજમહેલમાં ખળભળાટ મચી ગયો. બધાં ખૂબ અકળાવા લાગ્યાં. પછી કોઈએ સલાહ આપી કે 'પેલા નાનકડા ખુશાલ ભક્તનું તમે અપમાન કર્યું તેથી જ કદાચ આમ બન્યું હશે. માટે હવે તેની માફી માગો, તો જ સૌને સારું થાય.'

રાજાના અંતરમાં પણ આ વાત મનાઈ ગઈ. રાજાએ અને તેના માણસોએ ખુશાલ ભક્ત પાસે આવી માફી માગી. ત્યારે બાલભક્તે કહ્યું કે 'પહેલાં વેરો માફ કરો અને તાંબાના પતરા ઉપર લેખ કરી આપો કે મારા રાજ્યમાં બ્રાહ્મણો ઉપર વેરો નહીં નાખવામાં આવે.'

આ પ્રમાણે કર્યું ત્યારે જ રાજા અને તેના માણસોને સારું થયું. સૌ રાજી થઈ ખુશાલ ભક્તનો મહિમા સમજવા લાગ્યા. આવા અનેક ચમત્કારિક પ્રસંગોનો ખુશાલ ભક્તના જીવનમાં સૌને અનુભવ થયેલો.

થોડાં વર્ષો પછી વાડાશિનોરના બે સત્સંગીઓ, કાશીરામભાઈ તથા મુરલીધરભાઈ પાસેથી તેમણે સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય અને મહિમા સંબંધી વાતો સાંભળી. પૂર્વના સંસ્કારથી ખુશાલ ભક્તને આ વાતોથી શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠા વધવા લાગી.

એવામાં નભોઈ ગામમાં શ્રીહરિના પરમહંસ સર્વેશ્વરાનંદજીનો તેમને યોગ થયો. તેમની પાસે વર્તમાન લઈ શ્રીજીના આશ્રિત થયા, પણ શ્રીજી-મહારાજનાં દર્શનની તત્પરતા રોકી શક્યા નહીં અને ડભાણમાં સૌ પ્રથમ શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. જેમ નદી સાગરમાં મળી જાય તેમ શ્રીજી-મહારાજના દિવ્ય સ્વરૂપમાં ખુશાલ ભક્ત પણ લીન થઈ ગયા! પૂર્વનું હેત ઊભરાઈ આવ્યું અને ભાવવિભોર બની આનંદાશ્રુથી શ્રીજીમહારાજનાં

ચરણકમળ તેમણે પખાળ્યાં. શ્રીજીમહારાજ પણ પોતાના ભક્તને મળીને અત્યંત રાજી થયા. પૂર્વનું જ્ઞાન પ્રગટ થયું અને ભક્તને ભગવાનનો નિશ્ચય તે જ ક્ષણે થઈ ગયો.

હવે વિલંબ શો ? ખુશાલ ભક્તે તરત ત્યાગી થઈ ચરણકમળમાં નિવાસ આપવા શ્રીજીમહારાજને આજીજી કરી. શ્રીજીમહારાજે થોડી મુદત આપી ભક્તને ઘરે મોકલ્યા. પણ ભક્તહૃદય કેમ જંપે ? સંસારનો ત્યાગ કરી પ્રભુની સમીપ પહોંચવાની ખુશાલ ભક્તની ઝંખના રાત-દહાડો વધવા લાગી.

એક વખત એક બ્રાહ્મણ ખુશાલ ભક્તને ત્યાં આવી પહોંચ્યો. બ્રાહ્મણ સાથે ખુશાલ ભક્ત પણ ગુજરાતમાં, શ્રીજીમહારાજને મળવાની અભિલાષાથી નીકળ્યા. રસ્તામાં આ બ્રાહ્મણ પોતે ખુશાલ ભક્તને જમાડે, તેમના પગમાં (જોડા ન હતા તેથી) કાંટા વાગે તે કાઢી આપે – એમ બહુ સેવા કરે. આગળ જતાં જેતલપુર નજીક બ્રાહ્મણે ખુશાલ ભક્તનો સાથ છોડી દીધો અને તેમને કહ્યું કે ‘સ્વામિનારાયણ ભગવાન અહીં બિરાજે છે, તમે તેમને મળો, હું પછી આવીશ.’

ખુશાલ ભક્ત તો દર્શનની તાલાવેલીમાં એકદમ શ્રીજીમહારાજ પાસે પહોંચી ગયા. શ્રીજીમહારાજ રાજી થયા અને કઈ રીતે આવ્યા તે વિગત પૂછી. ખુશાલ ભક્તે સાથે આવેલા બ્રાહ્મણની વાત કરી. આ સાંભળી શ્રીજીમહારાજ હસવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે રસ્તાની કેટલીક વિગત કહી, તેથી ખુશાલ ભક્તને ખાતરી થઈ કે શ્રીજીમહારાજ પોતે જ બ્રાહ્મણના વેશે તેડવા આવેલા. તેઓ ગદ્‌ગદ થઈ શ્રીજીમહારાજનાં ચરણોમાં પડી ગયા.

શ્રીજીમહારાજની ઇચ્છાથી તેઓ થોડો સમય વડોદરા પાસે સરસવણી ગામે શિક્ષક તરીકે નિશાળમાં ભણાવતા. પાછળથી શ્રીજીમહારાજની આજ્ઞાથી વડોદરામાં સદાશિવભાઈને ત્યાં રહેતા અને કથાવાર્તા કરી મુમુક્ષુઓને સન્માર્ગે વાળતા.

ત્યાગાશ્રમમાં પ્રવેશવાનો એ પવિત્ર દિવસ આવી પહોંચ્યો. શ્રીજી-મહારાજે પોતાના ભક્ત ખુશાલ ભટ્ટને ગઢપુર તેડાવ્યા. સંવત ૧૮૬૪ના કાર્તિક વદ આઠમના રોજ દાદાખાચરના દરબારમાં ખુશાલ ભક્તને શ્રીજીમહારાજે ભાગવતી દીક્ષા આપી અને ‘ગોપાળાનંદ સ્વામી’ એવું શુભ નામ ધારણ કરાવ્યું.

શ્રીજીમહારાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી ઘણુંખરું વડોદરામાં રહેતા. આ નગરીમાં ઘણા વિદ્વાનો હતા. તેથી અહીં સત્સંગ પ્રવર્તાવવાનું કાર્ય ઘણું કઠણ હતું, છતાં પણ પોતાની સાધુતા અને વિદ્વત્તાથી તેમણે વિદ્વાનો, સદ્‌ગૃહસ્થો, રાજ્યના અમલદારો અને ખુદ સયાજીરાવ ગાયકવાડને પણ સત્સંગ કરાવ્યો અને શ્રીહરિના આશ્રિત બનાવ્યા. તેમણે દેખાડેલાં ઐશ્વર્ય-ચમત્કારોથી પણ આ પ્રદેશમાં સત્સંગનો સારો વિકાસ થયો.

વડોદરામાં એક વખત વિષ્ણુયાગ થતો હતો, ત્યારે યજમાનોએ યાજ્ઞિકને પૂછ્યું કે 'યજ્ઞનારાયણ દર્શન દે કે નહીં ?'

યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ ભાવુક હતો. તેણે કહ્યું કે 'કોઈ સંતપુરુષ આહુતિ આપે તો યજ્ઞનારાયણ જરૂર દર્શન દે.'

ગોપાળાનંદ સ્વામી એવા પ્રતાપી પુરુષ છે એમ જાણી, તેમને યજ્ઞમાં આહુતિ આપવા પધારવા સૌએ વિનંતી કરી. દયાળુ સ્વામીએ યજ્ઞમાં પધારી ઘીની આહુતિ આપી અને સૌના આશ્ચર્ય વચ્ચે સાક્ષાત્ યજ્ઞનારાયણે અગ્નિ-શિખાઓમાંથી પ્રગટ થઈ દર્શન દીધાં. સૌને અપાર આનંદ થયો.

એક સત્સંગી બ્રાહ્મણ વડોદરામાં રહેતો હતો. તેને જ્યોતિષનું સારું જ્ઞાન હતું. તે સમયે પૂનમનું ગ્રહણ આવતું હતું. ગ્રહણની ગણતરી કરી સત્સંગી જ્યોતિષીએ જાહેર કર્યું કે 'ગ્રહણ દેખાશે નહીં.' જ્યારે વડોદરાના બીજા જ્યોતિષીઓએ પોતાની ગણતરીથી કહ્યું કે 'ગ્રહણ જરૂર દેખાશે.'

સત્સંગી જ્યોતિષીએ તેમની સામે દૃઢતાથી જણાવ્યું કે 'મારી ગણતરી સાચી જ છે અને જો તે ખોટી પડે તો હું મારું માથું ડૂલ કરું.'

આ વિવાદ ગોપાળાનંદ સ્વામી પાસે પહોંચ્યો. સ્વામી જાણતા હતા કે ગ્રહણ દેખાવાનું છે, પણ પોતાના ભક્તે માથાનો સોદો કર્યો હતો તેથી સ્વામીએ બીજા જ્યોતિષીઓને કહ્યું કે 'આ વખતે ગ્રહણ દેખાશે નહીં.' સ્વામીનું આ વચન સાંભળી સૌ વિમાસણમાં પડ્યા અને ગ્રહણની રાહ જોવા લાગ્યા.

ગ્રહણનો દિવસ આવ્યો અને ખરેખર સ્વામીના વચન પ્રમાણે ગ્રહણ ન જ દેખાયું. સૌ વિદ્વાનો દિઙ્મૂઢ બની ગયા. પછી સ્વામીએ સત્સંગી જ્યોતિષીને બોલાવીને કહ્યું કે 'ભક્તરાજ ! આવું માથાનું સાટું ન કરવું. ગ્રહણ તો દેખાવાનું જ હતું પણ તમારે માટે શ્રીજીમહારાજે તે અટકાવ્યું.'

ગ્રહોની ગતિ ફેરવવાનો સ્વામીનો આવો પ્રૌઢ પ્રતાપ તે ભક્ત મનોમન

વિચારવા લાગ્યો.

ગુજરાતમાંથી ગઢપુર જતાં સારંગપુર રસ્તાનું ગામ. ગઢપુર જતાં યાત્રાળુઓ અહીં દરબાર વાઘાખાચરને ત્યાં વિસામો લે. દરબાર સૌ સંતો તથા હરિભક્તોની સારી સરભરા અને સેવા-ચાકરી કરે. સેવાના અવિરત ઘસારાથી અને નજીવી આવકને કારણે વાઘાખાચર મનમાં મૂંઝાવા લાગ્યા કે હવે હું શી રીતે સૌની સેવા કરીશ.

દયાળુ ગોપાળાનંદ સ્વામીએ તેમનું આ દુઃખ દૂર કરવા વિચાર્યું. તેમણે હનુમાનજીની એક પથ્થરની મૂર્તિ તૈયાર કરાવી અને વાઘાખાચરના દરબારમાં એક ઓરડામાં પધરાવી. સ્વામીએ પોતાની લાકડી અડાડીને હનુમાનજીનું મૂર્તિમાં આહ્‌વાન કર્યું. શ્રીહરિ પ્રત્યે સ્વામીની એવી ભક્તિ હતી કે તેમણે પધરાવેલ આ મૂર્તિમાં સાક્ષાત્‌ હનુમાનજી પ્રગટ થયા તેવો સૌને અનુભવ થયો. હનુમાનજી ખૂબ પ્રતાપ જણાવવા લાગ્યા અને લોકોની ભૂત-પ્રેત અને વળગાડની યાતના દૂર કરી ઐહિક મનોકામના પૂર્ણ કરવા લાગ્યા. દેશોદેશથી દુખિયારા આવવા લાગ્યા અને સંકટમાંથી મુક્તિ મેળવી હનુમાનજીનાં ચરણોમાં સેવા મૂકવા લાગ્યા. આથી વાઘાખાચરને ભક્તોની સેવા કરવાની અનુકૂળતા થઈ. પાછળથી તેમણે આ આવક કાયમ માટે ગઢપુર મંદિરમાં અર્પણ કરી દીધી હતી. આજે પણ સ્વામીના પ્રસાદીના હનુમાનજી એવો જ પ્રતાપ જણાવે છે. (શાસ્ત્રીજી મહારાજ અહીં મહંત તરીકે રહ્યા ત્યારે તેમણે આ સ્થાનનો જીર્ણોદ્ધાર કરી આલીશાન ઈમારતો અહીં ઊભી કરી, આ સ્થાનની મહત્તા વધારી હતી.)

આવાં અલૌકિક ઐશ્વર્યોની સાથે સ્વામીની વાતો કરવાની શૈલી અને જ્ઞાનપ્રવાહ પણ એવાં અદ્‌ભુત હતાં કે તેમના સમાગમમાં આવનાર મુમુક્ષુને સંસારની આસક્તિ નીકળી જતી અને સત્સંગનો મહિમા, શ્રીજીમહારાજની નિષ્ઠા દૃઢ થતાં. પરમચૈતન્યાનંદ સ્વામી, વડોદરાના સદાશિવભાઈ, સુંદરિયાણાના હિમરાજ શેઠ આદિ અનેક ભક્તોને એમણે જ્ઞાન આપી શ્રીહરિના દૃઢ આશ્રિત કર્યા હતા.

આવો જ એક પ્રસંગ મેંગણીના માનભાનો બન્યો. શિકારના શોખીન, મદ્ય-માંસનું ભક્ષણ કરતા માનભા કુળના રિવાજ મુજબ દરબારમાં રામાયણ વંચાવતા. ક્યારેક ફુરસદે તેઓ સાંભળવા બેસતા. તેમાં પદ આવ્યું કે,

*'નારી નયન શર જાહી ન લાગા,*
*ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા;*
*લોભપાશ જેહી નર ન બંધાયા,*
*સો નર તમ સંગાત રઘુરાયા!'*

આ સાંભળી દરબારે કથા વાંચતા બ્રાહ્મણ જેઠા મહારાજને પૂછ્યું કે 'તમારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવા કોઈ પુરુષ છે ?'

જેઠા મહારાજે ગોપાળાનંદ સ્વામીનો પરિચય આપ્યો. આથી, માનભાના અંતરમાં પ્રકાશ થયો અને સ્વામીનાં દર્શનની ઇચ્છા જાગી. તેમણે સ્વામીને આમંત્રણ મોકલ્યું.

થોડા દિવસ પછી ફરતાં ફરતાં સાધુના મંડળ સાથે સ્વામી મેંગણી પધાર્યા. બાપુ કામ પ્રસંગે બહાર ગયા હોવાથી સંતોએ ગામ બહાર વાડીમાં ઉતારો કર્યો. બાપુ આવ્યા. સંતોના આગમનથી ફરી એક વાર તેમના અંતરાત્મામાં શ્રદ્ધાનો દીપ પ્રગટ્યો. તેઓ પોતાના કારભારી સાથે સ્વામીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામી ધ્યાનમાં બેઠા હતા. તેઓ હાથ જોડી નમ્રભાવે સ્વામી સમક્ષ ઊભા રહ્યા. એટલામાં સ્વામી જાગ્રત થયા અને પ્રથમ દૃષ્ટિ દરબાર ઉપર જ પડી. બાપુને તરત સમાધિ થઈ અને અક્ષરધામમાં શ્રીજીમહારાજનાં દિવ્ય-અલૌકિક દર્શન થયાં. સ્વામીના સમાગમથી બાપુને શ્રીજીમહારાજનો અપાર મહિમા સમજાયો. અંતઃકરણ શુદ્ધ થયું અને દૃઢ સત્સંગી થયા.

વિદ્વત્તા અને સાધુતાએ યુક્ત ગોપાળાનંદ સ્વામીની સ્થિતિ અલૌકિક હતી. પોતાના પૃથ્વી ઉપર પ્રગટ થવાના છ હેતુની વાત શ્રીજીમહારાજે તેમને કારિયાણીમાં કરી હતી અને સ્વધામ પધારતાં પહેલાં શ્રીજીમહારાજે સ્વામીને વરતાલ અને અમદાવાદ બંને મંદિરોની જવાબદારી સોંપી હતી. તેમજ ગુણાતીતાનંદ સ્વામી માટે ભલામણ કરી હતી કે 'તમોને સત્સંગમાં મોટેરા કર્યા છે, પણ આ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું સાક્ષાત્ અક્ષરધામ છે, માટે તમો આ સ્વામીનું વિશેષ રાખજો.'

શ્રીજીમહારાજે સૌ સંતો તથા હરિભક્તોને આજ્ઞા કરી હતી કે 'વર્ષોવર્ષ જૂનાગઢ, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા સૌએ એક માસ જવું.' આથી, ગોપાળાનંદ સ્વામી પ્રતિવર્ષ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં પધારતા અને સભામાં પ્રસંગોપાત્ત 'ગુણાતીતાનંદ

સ્વામી અક્ષરધામનો અવતાર છે' એવો મહિમા પણ સૌને કહેતા. આવી રીતે સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીનો અપાર મહિમા હતો અને પોતાના શિષ્યો અચિંત્યાનંદ બ્રહ્મચારી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, શિવલાલભાઈ, જીભાઈ શેલત, કેશવજીવનદાસ વગેરે બસો જેટલા સંતો તથા હરિભક્તોને, ગુણાતીતાનંદ સ્વામીનો જેમ છે તેમ મહિમા કહી સમાગમ કરવા મોકલેલા.

ગુણાતીતાનંદ સ્વામી પણ સ્વામીનો અપાર મહિમા સૌને કથાપ્રસંગમાં કહેતા : 'ગોપાળાનંદ સ્વામી દરિયા જેવા, તે તો અનંત જીવને માયાપાર કરી મૂકે... મચ્છરથી તે ગરૂડ સુધીના મુક્તના ભેદ છે તે ગોપાળાનંદ સ્વામી ગરૂડ જેવા છે... ગોપાળાનંદ સ્વામી ભેળા તો ભગવાન હોય, તે બે વર્ષ શું પણ ચાર કલ્પ સુધી ભેગા રહીએ તો પણ કઠણ ન પડે. જેવા રઘુવીરજી મહારાજ હતા અને જેવા ગોપાળાનંદ સ્વામી હતા તેવા તો ઓળખાયા જ નહીં...'

અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો હોવાથી સ્વામીના દેહની પ્રકૃતિ કૃષ અને કોમળ હતી. છતાં તેમનો ત્યાગનો ઈશક સહેજ પણ મોળો પડ્યો ન હતો.

એક વખતે એક પ્રેમીભક્તે સ્વામીને મહિમાપૂર્વક રેશમી કોરનું ધોતિયું ઓઢાડ્યું અને આગ્રહભરી વિનંતી કરી કે 'આ ધોતિયું ફાટે નહીં ત્યાં સુધી પહેરવું.' સ્વામીએ એના ભાવનો અનાદર ન કર્યો તેમજ શ્રીજીમહારાજની આજ્ઞા પણ સચવાય એવી યુક્તિ કરી. ધોતિયું ખૂબ તાણીને પહેર્યું અને જેવા પોતે બેસવા ગયા કે ફાટી ગયું. તેથી તરત કાઢી નાખ્યું. આમ, શ્રીજી-મહારાજની આજ્ઞા જે, રેશમી કે જરિયાન વસ્ત્ર ન પહેરવું, તે પણ સાચવી.

તેઓ ઘી-દૂધ આદિક સ્નિગ્ધ પદાર્થો લેતા નહીં. રોટલી પણ કોરી જમતા અને ઘણી વાર પોતાના ભાગનું ઘી અગ્નિદેવતાને હોમી દેતા. આથી તેમના શરીરને વિશેષ ઘસારો લાગતો. તેમનો દેહ સારી રીતે સચવાય અને હરિભક્તોને સુખ મળે એ હેતુથી ગુણાતીતાનંદ સ્વામીએ તેમને કહ્યું કે 'સ્વામી ! તમારી અવસ્થા થઈ છે, તો હવે થોડું થોડું ઘી રોટલીમાં જમો.'

પરંતુ સ્વામીની તો તેવી રુચિ જ ન હતી. ગુણાતીતાનંદ સ્વામીએ એક વાર ઘી ચોપડીને રોટલી તેમને આપી. ગુણાતીતાનંદ સ્વામીનો પ્રેમ ને આગ્રહ તેથી સ્વામી જમ્યા તો ખરા, પણ પછી બોલ્યા કે 'હવે ત્યાગ-વૈરાગ્યની વાતો મારાથી નહીં થાય, એ વાતો હવે તમે કરજો.' આટલો બધો

તેમને વર્તવાનો નિશ્ચય હતો.

તપ અને ઐશ્વર્યનાં બળથી ઝળહળતી સ્વામીની પ્રતિભા ન સહન થતાં કેટલાક સંતોએ એમનું અપમાન કરી, સત્સંગમાંથી વિમુખ કરવાનો પણ પ્રયત્ન કરેલો. પણ ગુણાતીતાનંદ સ્વામીના દૃઢ પક્ષથી - મહત્તાથી દબાઈ જઈ સૌ પાછા પડ્યા. બીજા એક પ્રસંગે કેટલાકે સ્વામીની ઝોળીમાં દેવતા નાખી એમણે રચેલા અમૂલ્ય ગ્રંથોનો નાશ કરવા પણ પ્રયત્ન કરેલો. આવા ત્રાસદાયક અપમાનના અનેક પ્રસંગોમાં પણ તેમની ક્ષમાવૃત્તિ અને મહિમાની દૃષ્ટિ સહેજ પણ ડગતી નહીં.

એમની કરુણાનો એક દાખલો હૃદયસ્પર્શી છે. હમીર નામના એક ભક્તને બ્રહ્મચર્યવ્રતનો ભંગ થયો. તેથી સૌએ તેને સત્સંગમાંથી બહાર કાઢ્યો, પરંતુ તેનામાં ભક્તપણું હતું, તેથી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. સંતોને તેણે ઘણી કાકલૂદી કરી પણ સૌએ તેને પાછો લેવાની ના પાડી. ગોપાળાનંદ સ્વામી પાસે વાત આવી. સ્વામી તો દયાની મૂર્તિ ! તેમણે સૌને સમજાવ્યું કે જો હમીર સત્સંગથી દૂર રહેશે તો વધારે ભ્રષ્ટ થશે. તેને પશ્ચાત્તાપ થયો છે તો પ્રાયશ્ચિત્ત આપી આપણે તેને સત્સંગમાં લેવો જોઈએ. આવી વિશાળ દૃષ્ટિથી તેઓ મુમુક્ષુ જીવોનું સર્વથા હિત કરતા.

તેમના મંડળમાં સાઠ સાધુ હતા. તેમાં પણ તેમની રુચિના જાણનારા, સર્વનિવાસાનંદ સ્વામી, બાલમુકુંદાનંદ સ્વામી અને વિજયાત્માનંદ સ્વામી મુખ્ય હતા. પાછળથી એમણે પોતાના આ ત્રણેય મુખ્ય સંતોને ગુણાતીતાનંદ સ્વામીના સાંનિધ્યમાં જૂનાગઢ મોકલ્યા હતા.

સ્વામીના સાંનિધ્યમાં આવનાર મુમુક્ષુને કેવો અલૌકિક લાભ મળતો તે અનેક પ્રસંગોએ જણાઈ આવતું. એક વખત સ્વામી ફરતાં ફરતાં બોટાદ પધાર્યા. મુસાફરીને કારણે તેમને થાક લાગ્યો હતો. એક સેવાભાવી સંત સ્વામીનું શરીર સરસ રીતે દાબવા લાગ્યા. સ્વામીનો થાક ઊતરતો ગયો અને એકાએક ઊંઘ આવી ગઈ. અડધી રાતે જ્યારે તેઓ જાગી ગયા ત્યારે તેમણે તે સાધુને ત્યાં જ બેસીને શરીર દાબતા જોયા. સ્વામીએ પૂછ્યું કે 'હજુ ગયા નથી ?'

તે સાધુએ નમ્રતાથી કહ્યું : 'ના, રાતનો જ બેઠો છું.'

સ્વામી અંતરથી રાજી થઈ ગયા અને બોલ્યા કે 'તેં મારા દેહની કાળજી

મટાડી છે, હું તારા અંતરની કળતર મટાડીશ.'

તે વખતે સમાજમાં છડેચોક શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતો કરવામાં સંકોચ થતો. આથી, એક વખત ઉમરેઠમાં શ્રીજીમહારાજે સ્વામીને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું કે 'અમારું સર્વોપરીપણું પ્રવર્તાવો, નહીં તો આ દેહમાં સો વર્ષ રાખીશ, હજાર વર્ષ રાખીશ.'

શ્રીજીમહારાજની આ આજ્ઞાથી સ્વામીને ચોટ લાગી અને સવારના કથાપ્રસંગમાં આચાર્ય રઘુવીરજી મહારાજ, મોટેરા સંતો તથા શિવલાલભાઈ શેઠ વગેરેને સંબોધીને શ્રીજીમહારાજના સ્વરૂપની અદ્‌ભુત વાતો કરતાં કહ્યું :

'સર્વ અવતારો પરબ્રહ્મ પુરુષોત્તમના સ્વરૂપમાંથી પ્રગટ થાય છે, તેમની શક્તિથી સંચારિત થાય છે અને અંતે તેમના સ્વરૂપમાં લીન થઈ જાય છે. એ પરબ્રહ્મ પુરુષોત્તમ મનુષ્ય સ્વરૂપે, શ્રી સહજાનંદ સ્વામી રૂપે, આપણા આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ થયા. એ જ આપણા સર્વના ઈષ્ટદેવ છે.'

ભગવાનની આવી સર્વોપરી નિષ્ઠાની વાત સાંભળી અખંડાનંદ બ્રહ્મચારીને એવો તો આઘાત લાગ્યો કે તેમને ઝાડા થઈ ગયા. શરીર અસ્વસ્થ થઈ ગયું અને કોઈ રીતે પણ કળ વળી નહીં. પછી રઘુવીરજી મહારાજે આશ્વાસન આપ્યું કે 'અમે સૌ તમે સમજો છો તેમજ સમજીએ છીએ અને સ્વામી તો યોગી છે, તે યોગકળામાં બોલતા હોય.'

પાછળથી રઘુવીરજી મહારાજે સ્વામીને પણ આવી આકરી વાતો ન કરવા સમજાવ્યું. ત્યારે સ્વામી કહે : 'અમને તો તમારા બાપે આજ્ઞા કરી તેથી સ્વરૂપનિષ્ઠાની વાતો કરી, પણ તમે ના પાડતા હો તો બંધ કરીએ.'

આ પ્રસંગ પછી સ્વામી ઉદાસ થઈ ગયા અને ધામમાં જવાનો સંકલ્પ કર્યો.

ઉમરેઠથી નીકળી સ્વામી વરતાલ પધાર્યા. અહીં આવ્યા પછી સ્વામીને કાન આગળ રતવાની ફોડકી થઈ. પીડા ધીરે ધીરે વધવા લાગી. લગભગ વીસથી એકવીસ દિવસના ઉપવાસ થયા. આથી, શરીર વધારે કૃશ થયું. સૌના મનમાં ભય વ્યાપ્યો કે રખે સ્વામી હવે દેહ ન રાખે. આથી ગામોગામથી હેતવાળા સંતો-હરિભક્તો એમનાં દર્શને આવવા લાગ્યા.

વૈશાખી પૂનમના સમૈયે આવેલા હરિભક્તો પડવાને દિવસે પાછા ફરતાં સ્વામીની રજા લેવા એમના આસને ગયા. સ્વામી બહિર્ભૂમિ જઈ હાથ

ધોતા હતા, ત્યારે વડોદરાના બાપુ રાયજી, પ્રેમાનંદ રાયજી વગેરે ભક્તોએ સ્વામીને પ્રાર્થના કરી કે 'દયાળુ ! વડોદરા સામે દૃષ્ટિ રાખજો !'

વડોદરાનો સત્સંગ સમાજ સ્વામીના પ્રયાસ અને પોષણથી જ વિકસ્યો હતો, તેથી સહજ આ શબ્દો તેમના મુખમાંથી નીકળી ગયા. આકાશ જેવા નિર્લેપ અને નિર્બંધ સ્વામી તો આ સાંભળી, વેદનાથી પીડાતા છતાં હસતાં હસતાં કહે : 'હવે વડોદરા સામે દૃષ્ટિ ન હોય, હવે તો અક્ષરધામમાં મહારાજ સામે દૃષ્ટિ કાં તો જૂનાગઢના જોગી મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી સામે દૃષ્ટિ હોય !'

સ્વામીનાં આ મર્મયુક્ત વચનો ત્યારે તો કોઈ સમજ્યું નહીં પણ પાછળથી પ્રાગજી ભક્તે અને શિવલાલભાઈએ સ્વામીને આ વચનનું રહસ્ય પૂછ્યું. ત્યારે સ્વામી કહે : 'સર્વોપરી શ્રીજીમહારાજ અને તેમનું ધામ ગુણાતીતાનંદ સ્વામી એ બે દિવ્ય સ્વરૂપોને મૂકી હવે બીજે ક્યાં દૃષ્ટિ રાખવી ?'

આ જ યોગીરાજની સ્થિતિ ! શ્રીજીમહારાજની ઇચ્છા પ્રમાણે આ લોકમાં અનેક કાર્યો કર્યાં પણ દૃષ્ટિ તો પોતાના ઇષ્ટદેવ સહજાનંદ સ્વામી ને તેમના ધામરૂપ ગુણાતીતાનંદ સ્વામી તરફ જ !

સંવત ૧૯૦૮ના વૈશાખ વદ ચોથને રવિવારે સ્વામીએ પોતાના યોગ-બળના પ્રતાપે દેહત્યાગ કર્યો. સત્સંગમાં શોકનું વાતાવરણ પ્રસરી ગયું. ગુણાતીતાનંદ સ્વામી અને મોટા સદ્‌ગુરુઓએ સૌને સાંત્વન આપ્યું. આ લોકમાં અનેક જીવને આત્યંતિક કલ્યાણનો માર્ગ બતાવી, સુખિયા કરી, સ્વામી તો ધામમાં શ્રીજીમહારાજની અખંડ સેવામાં બિરાજી ગયા.

પોતાના કાર્યની સ્થૂળ પ્રસાદીરૂપે સ્વામીએ સત્સંગમાં અમૂલ્ય સાહિત્ય-સેવા આપી. શ્રીજીની પરાવાણી વચનામૃતનું સંપાદનકાર્ય તેમણે નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને શુકમુનિ સાથે, મળીને કર્યું. તેમજ ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, ભાગવત, ગીતા અને વેદસ્તુતિના ગદ્ય ઉપર સંસ્કૃતમાં ગ્રંથો રચી, સંપ્રદાયની વૈદિક પરંપરા તથા અક્ષરપુરુષોત્તમના સનાતન સિદ્ધાંતને પ્રગટ કર્યો. આ બધાં ભાષ્યોમાં એમણે બ્રહ્મ સહિત પરબ્રહ્મની, સ્વામીરૂપ થઈને નારાયણની શુદ્ધ ઉપાસનાનું શાસ્ત્રોક્ત રીતે અદ્‌ભુત સમર્થન કર્યું છે.

શ્રીજીના લાડીલા અને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પુરસ્કર્તા

આ સંતવર્યનું ઋણ અદા કરવા સમગ્ર સંપ્રદાયમાં એકમાત્ર શાસ્ત્રીજી મહારાજે, શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની સાથે ગોપાળાનંદ સ્વામીની પણ ધાતુની મૂર્તિઓ ભવ્ય શિખરબદ્ધ મંદિરોમાં તથા પટમૂર્તિઓ હરિમંદિરમાં પધરાવીને એમનાં દિવ્ય જીવન અને કાર્યને યથાર્થ અંજલિ આપી છે !

# સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી


*વા'લા રુમઝુમ કરતા કાન, મારે ઘેર આવો રે;*
*મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે.*
*મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;*
*મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે.*

ગાયકવાડી સલ્તનતની જાહોજલાલી અને કળા-કૌશલ્યથી રોનક પામી ચૂકેલી વડોદરા નગરીના સરિયામ રસ્તા ઉપર ગૌરવર્ણ અને કાષાય વસ્ત્રોમાં શોભતા, પગમાં ઘૂઘરા ને હાથમાં કરતાલ રાખી લળી લળીને નાચતા, ઉપરનું કીર્તન ગાતા એ સ્વામિનારાયણીય સંત ઉપર હજારો આંખો મીટ માંડી રહી હતી. મશગૂલ બનીને કીર્તન ઝીલતું, પાછળ આવતું સંતવૃંદ પણ વાતાવરણમાં ઉમંગની છોળો ઉછાળતું હતું. આ દૃશ્યથી રાજદરબાર તરફ જઈ રહેલા સેંકડો સાધુ-સંન્યાસીઓ અને વિદ્વાનોનો અંતરાત્મા રંગાઈ ચૂક્યો હતો.

ભગવત્‌ભજનમાં મસ્ત બનેલી આ સંતમંડળી રાજદરબારમાં આવી પહોંચી ત્યારે દીવાનશ્રી નારૂપંત નાના અને રાજ્યપંડિત શ્રી શોભારામ શાસ્ત્રી, વિદ્વાન શ્રી ચીમનરાવ જનાર્દને એમનું સ્વાગત કર્યું. મંડળીના મોવડી હતા મુક્તાનંદ સ્વામી, જેમણે પોતાના ભક્તિસભર નૃત્ય-કીર્તનથી સૌને મુગ્ધ કર્યા હતા. સ્વામીને યોગ્ય આસન આપી રાજાએ વિવેક કર્યો. આસન ઉપર બિરાજતા પહેલાં સ્વામીએ પણ સંતહૃદયને છાજે એમ રાજા અને સભાજનોને નીચા નમી પ્રણામ કર્યા.

અત્યાર સુધી માંહોમાંહી ચર્ચા કરતા અને જ્ઞાનના અહંકારમાં ડૂબેલા વિદ્વાનો સ્વામીની સંતપ્રતિભાથી છોભીલા જેવા થઈ ગયા. શ્રીમંત સરકાર ગાયકવાડના હુકમથી શાસ્ત્રચર્ચા શરૂ થઈ. વિદ્વાનોની આવી મોટી સભામાં મુક્તાનંદ સ્વામી જેવા ગરીબ પ્રકૃતિના નિર્માની સંત સહેજ મૂંઝાયા, પણ શ્રીજીમહારાજનું બળ ધારી કટિબદ્ધ થયા.

મુક્તાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાય શાસ્ત્રોક્ત છે તે પુરવાર કરી બતાવ્યું. ભગવાનનો અવતાર હવે કલ્કિરૂપે જ થશે અને ત્યાં સુધી



સદ્. મુક્તાનંદ સ્વામી

કેવળ ભગવાનનું નામસ્મરણ જ એકમાત્ર કલ્યાણનું સાધન છે – એ ભ્રાંતિ ટાળી દીધી. મોક્ષનું મુખ્ય સાધન પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ છે અને પ્રગટ ભગવાનની ઉપાસના આત્યંતિક કલ્યાણ માટે અનિવાર્ય છે – એ સિદ્ધાંત બુદ્ધિપૂર્વક સમજાવતાં શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા કહ્યો.

ગંગાના પ્રવાહ જેવી સ્વામીની અસ્ખલિત હૃદયંગમ વાણીથી વિદ્વાનો વિસ્મિત થયા. રાજા અને સભાજનો શાંત થયા અને સર્વત્ર સ્વામિનારાયણનો જયજયકાર થયો. તેજોદ્વેષથી ખાખ થઈ ચૂકેલા મતપંથીઓના મનોરથો છેદાઈ ગયા અને સંપ્રદાયની વૈદિકતા સત્ય ઠરી. શ્રીજીમહારાજની આજ્ઞાથી શાસ્ત્રાર્થ માટે પધારેલા મુક્તાનંદ સ્વામી પોતાની મંડળી સાથે પછી વરતાલ થઈ શ્રીજીમહારાજ પાસે આદરજ મુકામે પધાર્યા. શ્રીજીમહારાજ અતિ હેતથી સ્વામીને ભેટ્યા ને રાજીપો દર્શાવ્યો.

પ્રશાંત સાગર જેવા ધીરગંભીર છતાં પ્રતિભાસંપન્ન આ સાધુચરિત મહાપુરુષનો જન્મ સંવત ૧૮૧૪ના પોષ વદી સાતમના શુભ દિને કાઠિયાવાડમાં અમરેલી ગામે થયો હતો. પિતાનું નામ આનંદરાય અને માતાનું નામ રાધા. બાલમુકુંદમાં અનુરાગવાળા આ બાળકનું 'મુકુંદદાસ' નામ સાર્થક હતું. ગીતા અને ભાગવત જેવાં સત્શાસ્ત્રનો અભ્યાસ તરુણ અવસ્થામાં જ પિતા પાસે કર્યો. કાવ્યકીર્તન અને સંગીતમાં તો સ્વાભાવિક જ રુચિ હોવાથી સારું શિક્ષણ મેળવ્યું.

રૂપ અને કૌશલ્યને વરેલા આ બાળકમાં વિધિએ વિચિત્રતા તો એ મૂકી હતી કે જન્મથી જ તેનામાં જગત તરફ અકલ્પનીય ઉદાસીનતા જણાતી હતી. મા-બાપ તેને લગ્નગ્રંથિથી જલદી જોડી સંસારમાં પ્રવેશ કરાવવા ઇચ્છતાં હતાં; જ્યારે ભક્તરાજ મુકુંદના મનમાં એક જ રટન હતું કે ક્યારે આ મોહ-માયાથી અળગો થાઉં. પણ મા-બાપે એમનું ધાર્યું કર્યું. છેવટે સંસારના બંધનમાંથી છૂટવા પ્રયત્ન કરતા મુકુંદદાસે કુટુંબથી દૂર અમરેલી નજીક અમરાપર ગામે આવી ગૃહસ્થજીવન આદર્યું. અહીં મહાત્મા મૂળદાસના બે વિદ્વાન શિષ્યો હાથીરામ અને જદુરામ પાસે તેમણે નવરાશના સમયે રામાનુજ સંપ્રદાય સંબંધી સારું જ્ઞાન મેળવ્યું. પ્રભુપ્રાપ્તિ માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતની મહત્તા અને અનિવાર્યતા તેમને સમજાઈ.

પૂર્વના સંસ્કારથી બ્રહ્મચર્યવ્રતપાલનની તેમની ભાવના એટલી તો

પ્રબળ બનતી ગઈ કે ગૃહસ્થજીવન તેમને અસહ્ય લાગ્યું અને એક દિવસ ઘરનો ત્યાગ કરી સાચા ગુરુની શોધમાં નીકળી પડ્યા. ફરતાં ફરતાં તેઓ ધ્રાંગધ્રામાં રહેતા દ્વારકાદાસ બાવા પાસે આવ્યા. મુકુંદદાસે પોતાની ઇચ્છા વ્યક્ત કરી. આંગણે આવેલા આવા ઉત્તમ શિષ્યમાં ન લોભાતાં, ભગવાનની ઇચ્છાથી જ બાવાજીએ સરળભાવે જણાવ્યું કે 'પોતે તો એને માટે અસમર્થ છે, પણ વાંકાનેરમાં રહેતા કલ્યાણદાસ બાવા, પિત્તળની કોપીન પહેરે છે ને તેને લોઢાનું તાળું વાસે છે અને બ્રહ્મચર્ય પાળે છે. માટે તમારે તેની પાસે જવું યોગ્ય છે.'

ઉતાવળે પગલે મુકુંદદાસ વાંકાનેરમાં કલ્યાણદાસ પાસે આવી પહોંચ્યા. ભક્તોથી વીંટળાયેલા મહાત્માને મુકુંદદાસે એકાંતમાં મળી અંતરની ઇચ્છા જણાવી કે 'મારે અખંડ બ્રહ્મચર્ય પાળવું છે, તો તમે માર્ગ બતાવશો ?'

કિશોરના આ પ્રશ્નથી કલ્યાણદાસ તો સ્તબ્ધ થઈ ગયા અને બોલ્યા : 'છોકરા ! તું આવો રૂપાળો અને હજુ નાનો છું ત્યાં તને આ શું સૂઝ્યું છે ? હજુ તો તેં જુવાની જોઈ નથી. પછી ખબર પડશે.'

અહીં પણ ભગવાનની પ્રેરણાથી જ કલ્યાણદાસે મુકુંદદાસને શુદ્ધ મુમુક્ષુ જાણી સ્પષ્ટ વાત કરી કે 'આજથી ચાલીસ વર્ષ પહેલાં હું કાશી જતો હતો. રસ્તામાં મોરબી ગામને પાદર એક પનિહારીને મેં ઉજ્જૈનનો રસ્તો પૂછ્યો, અને એ બાઈએ જે હાથનું લટકું કરી મને માર્ગ બતાવ્યો તે લટકું હજુ મારા મનમાંથી નીકળતું નથી. તો બેટા ! નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત તો કોઈથી પણ પળાય તેમ નથી.'

કલ્યાણદાસની આ સચોટ વાતથી મુકુંદદાસના અંતરમાં ખૂબ નિરાશા વ્યાપી ગઈ. ઈશ્વરના સાક્ષાત્કાર માટે બ્રહ્મચર્યવ્રત વગરનું જીવન નિરર્થક છે, એવું દૃઢપણે માનતા આ મુમુક્ષુ યુવાને પોતાની લગનીના આવેગમાં આત્મહત્યા કરવાનો નિરધાર કર્યો. એક વિશાળ આંબલીના વૃક્ષ ઉપરથી પડવાનો જ્યાં તે પ્રયત્ન કરે છે ત્યાં જ તેને આકાશવાણી સંભળાય છે કે 'બેટા ! મરે છે શા માટે ? તને ભગવાન જરૂર મળશે. તું સરધાર જા.'

અને પછી તો મુકુંદદાસ એક ક્ષણનો પણ વિલંબ કેમ કરે ? વીજળીની ત્વરાથી તેઓ સરધાર આવી પહોંચ્યા. અહીં ચોરામાં રામજી મંદિરના મહંત તુલસીદાસનો આશરો લીધો. આવો રૂડો-રૂપાળો ચેલો ક્યાંથી ? મારી

ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને જ મોકલ્યો છે – એવું વિચારી અવસ્થાને આરે પહોંચેલા આ મહંતે મુકુંદદાસમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી, મંદિરનો વ્યવહાર તેને સોંપી દીધો. ગ્રામ્યજનોએ પણ મુકુંદદાસને સ્વીકારી લીધા.

પણ મુકુંદદાસને ચેન પડતું નથી? આકાશવાણી સત્ય ઠરશે કે કેમ? એવું વિચારતા આ ભક્તરાજ દિવસો ગણવા લાગ્યા.

એવામાં એક દિવસ રાત્રે ચોરે કોઈ કથા સાંભળવા આવ્યું નહીં. મુકુંદ-દાસે તપાસ કરી તો ખબર પડી કે રામાનંદ સ્વામી નામના એક સમર્થ સંત - કૃષ્ણભક્ત ગામમાં આવ્યા છે અને ભગવદ્વાર્તા બહુ સારી કરે છે.

મુકુંદદાસના અંતરમાં પ્રેરણા થઈ અને બીજે દિવસે રાત્રે કામથી જલદી પરવારી રામાનંદ સ્વામી કથા કરતા હતા ત્યાં છુપાઈને નવેળામાં ઊભા રહ્યા. એટલામાં ચોકીવાળો ત્યાં આવ્યો અને અંધારામાં કોઈને ઊભેલા જોઈ તેણે પડકાર કર્યો. મુકુંદદાસે તેને શાંતિથી પોતાની ઓળખાણ આપી સમજાવ્યું કે મારા ગુરુની બીકે અહીં છુપાઈને હું રામાનંદ સ્વામીની કથા સાંભળું છું.

કથા પછી સૌ વિખરાયા એટલે એકાંત જોઈ મુકુંદદાસ રામાનંદ સ્વામી પાસે દોડી ગયા અને ખોળામાં મસ્તક મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા. સ્વામીની દિવ્ય પ્રતિભા અને અલૌકિક વાણીથી જ ક્યારનો એમના અંતરાત્મામાં પ્રકાશ થઈ ચૂક્યો હતો. આકાશવાણીએ નિર્દેશેલા જ આ સદ્ગુરુ મળ્યા છે, એવી હૃદયમાં પ્રતીતિ થઈ હતી. બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરાવી શરણે લેવા સ્વામીને તેમણે વિનંતી કરી. સ્વામીએ સાંત્વન આપી તેમના મસ્તક ઉપર વાત્સલ્યપૂર્વક સ્પર્શ કર્યો. પછી ધીરેથી ઓળખાણ પૂછી. મુકુંદદાસે પોતાનો પરિચય આપ્યો. તેમને માર્ગીપંથી જાણી સ્વામી જરા ખચકાયા અને બોલ્યા કે 'તમે તો ગામના માનીતા એવા તુલસીદાસના શિષ્ય છો, એની રજાચિઠ્ઠી વગર અમારાથી તમને ન રખાય; નહીં તો અમારે આ ગામ છોડી ચાલ્યા જવું પડે.'

જાણે આભ તૂટી પડ્યું હોય એવો આઘાત મુકુંદદાસે ફરી એક વાર જીવનમાં અનુભવ્યો. નિસાસો નાખતા તેઓ પાછા ફર્યા.

ચોરામાં આવી મુકુંદદાસે નિર્ણય કરી લીધો કે ગમે તેમ કરીને રજાચિઠ્ઠી મેળવવી અને સ્વામી પાસે પહોંચવું. એમ તો ગુરુજી રજા આપે નહીં, તેથી તેમણે યુક્તિ કરી. મંદિરની વસ્તુઓ, સીધા-સામગ્રી વગેરે જેમ ફાવે તેમ સૌ તીર્થવાસી સાધુ-સંન્યાસીને વહેંચવા લાગ્યા. તુલસીદાસે રોક્યા ત્યારે કહ્યું કે

'હું તો મંદિરનો મહંત છું, મને ફાવે તે કરું.'

તુલસીદાસે જાણ્યું કે આ તો સતગાંડિયો લાગે છે, તેથી જ તેને કોઈ સંઘરતું નહીં હોય. એમ જાણી મુકુંદદાસને તેમણે રજા આપી દીધી. મહંતની રજાચિઠ્ઠી લઈને તપાસ કરતાં મુકુંદદાસ તરત બંધિયા આવ્યા અને હર્ષભેર રામાનંદ સ્વામીને મળ્યા. તેમની મુમુક્ષુતા અને ખપ જોઈ સ્વામી ઘણા જ રાજી થયા. પણ કસોટી તો હજુ બાકી જ હતી. સ્વામીએ તેમની તત્પરતા જોવા, ગામમાં મુળુભાના ખેતરમાં હળ હાંકવા મોકલ્યા. મુકુંદદાસ તો તૈયાર જ હતા. હળ હાંકતાં જાય અને ભજન કરતાં જાય. પણ કોઈ દિવસ આવું કામ કરેલું નહીં, તેથી ક્યાંક વાગી જાય એ બીકે મુળુભાએ જ તેમને સ્વામી પાસે ના પડાવી.

હજુ કસોટી બાકી હોય તેમ સ્વામીએ તેમને કહ્યું કે 'તમે પરણેલા છો, તેથી તમારા ઘરના માણસની રજાચિઠ્ઠી લાવો તો અમે તમને રાખીએ.'

મુકુંદદાસ તો ઊપડ્યા. ઘેર પાછા ફરેલા જોઈ સૌ કુટુંબીઓ રાજી થયાં. પણ તેમણે તો ગાંડપણ શરૂ કર્યું. કોઈનાં છોકરાં કોઈના ઘોડિયામાં અને કોઈના ખાટલા કોઈના ફળિયામાં મૂકવા લાગ્યા અને *'રામ કટાકટ મહુડું ભાંગ્યું'* એમ બોલતા જાય. સૌ મૂંઝાયા એટલે સગાં-વહાલાંની રજા માગી. છેવટે અહીંથી પણ રજાચિઠ્ઠી મેળવી સ્વામી પાસે પહોંચ્યા. તેમનો આવો અદ્‌ભુત ખપ જોઈ સ્વામી કેમ પ્રસન્ન ન થાય !

સંવત ૧૮૪૨ની વસંત પંચમીએ બંધિયામાં સ્વામીએ તેમને ભાગવતી દીક્ષા આપી, 'મુક્તાનંદ' નામ ધારણ કરાવ્યું. માર્ગીપંથના મુકુંદદાસ વૈષ્ણવી સંત બન્યા.

સ્વામીની આજ્ઞાથી મુક્તાનંદ અને દેવાનંદ નામના બીજા સંત – એમ બંને સંતો કચ્છમાં સંસ્કૃતના અભ્યાસાર્થે ગયા. અહીં ભુજનગરમાં અભ્યાસ કરતા અને સાથે સાથે મુમુક્ષુજનોને ઉપદેશ પણ આપતા. કચ્છના દીવાન સુંદરજીભાઈ, હિરજીભાઈ, ગંગારામ મલ્લ વગેરે ભક્તો સ્વામીના યોગમાં આવ્યા. અધ્યયન પૂરું થતાં બંને સંતો પાછા ફર્યા અને માંગરોળ બંદર પાસે લોજ ગામમાં, રામાનંદ સ્વામીના આશ્રમમાં રહેવા લાગ્યા.

એક આદર્શ સંત તરીકે રામાનંદ સ્વામીના હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલા મુક્તાનંદ સ્વામીને, પચાસ સાધુનું મંડળ સોંપી સ્વામીએ તેમને આશ્રમના

અધ્યક્ષ બનાવ્યા. સાધુગુણેસંપન્ન મુક્તાનંદ સ્વામી સૌ સંતોને સાચવતા, સેવા-ભક્તિમાં પરોવતા અને કથાવાર્તા કરી સુખિયા કરતા. લોજ અને તેની આજુબાજુના વિસ્તારમાં પણ તેમના પ્રભાવથી સત્સંગ સારો વધવા લાગ્યો.

ત્યારપછી ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી વેષે અહીં પધાર્યા. મુક્તાનંદ સ્વામીએ એમને આશ્રમમાં આવકાર્યા. પાંચ અનાદિ તત્ત્વોના રૂપ સંબંધી વર્ણીના પ્રશ્નનો તેમણે સંતોષકારક જવાબ આપ્યો. વર્ણી ઘણા જ રાજી થયા. મુક્તાનંદ સ્વામીએ પણ એમને મહાપ્રતાપી જાણી આશ્રમમાં રોક્યા અને પોતાના ગુરુ રામાનંદ સ્વામીનો મહિમા કહ્યો.

વિશેષ પરિચયથી મુક્તાનંદ સ્વામીને વર્ણીનો પારલૌકિક મહિમા સમજાયો અને પોતે આશ્રમના અધ્યક્ષ તેમજ વયે પણ મોટા હોવા છતાં આધ્યાત્મિક ઉન્નતિને માટે વર્ણીની મરજી સાચવવા લાગ્યા.

નીલકંઠે અહીં આવી સૌ પ્રથમ બાઈ-ભાઈની સભા નોખી કરી; તેમજ આશ્રમ અને બાજુના ઘર વચ્ચેની એક દીવાલના ગોખલામાંથી સ્ત્રીઓ સાથે દેવતા લેવા-દેવાનો વ્યવહાર જે સંતોને હતો તે બંધ કરાવ્યો ને ગોખલો પુરાવ્યો. બ્રહ્મચર્યવ્રત-પાલનના હિમાયતી મુક્તાનંદ સ્વામીએ વર્ણીના આ બંને આદેશો સહર્ષ સ્વીકારી લીધા. તેમણે નીલકંઠ વર્ણીને સાધુનો વેષ આપ્યો હતો અને ‘સરજુદાસ’ એવું હુલામણું નામ પાડ્યું હતું. યોગાદિકમાં સરજુદાસની દક્ષતા જોઈ, સંતોને યોગ શીખવવા મુક્તાનંદ સ્વામીએ તેમને પ્રાર્થના કરી હતી અને પોતે સંતમંડળ સાથે સરજુદાસ પાસે જ્ઞાનવાર્તા પણ શ્રદ્ધાપૂર્વક સાંભળતા. તપ કરીને આવેલા સરજુદાસનું શરીર ઘણું જ કૃષ થઈ ગયેલું, તેથી સ્વામી તેમના શરીરની પણ સંભાળ રાખતા. વીસ-એકવીસ વર્ષના સરજુદાસ આગળ આધેડ વયના - લગભગ ત્રેવીસ વર્ષ મોટા મુક્તાનંદ સ્વામી આવી સરળ રીતે વર્તતા તે એમની સુહૃદયતા, નિર્માનીતા અને નિર્મત્સરતા સૂચવે છે.

એક વખત મુક્તાનંદ સ્વામી દેહાદિક શુદ્ધિથી પરવારી ધ્યાન કરતા હતા. બાજુમાં એમણે રંગેલી તુંબડી તડકામાં સૂકવવા મૂકી હતી. ત્યાં એકાએક કૂતરાનો આવવાનો અવાજ સંભળાયો. તેથી તુંબડું બગાડે તે બીકે, સ્વામીએ ધ્યાનમાંથી જાગ્રત થઈ લાકડીથી કૂતરાને હાંકી કાઢ્યું. ત્યારે સરજુદાસે સ્વામીને પૂછ્યું : ‘દૈવત તુંબીપાત્રમેં કિંવા ધ્યાન મેં ? કિંવા દોઉ

સમાન ?' આ પ્રશ્નનો મર્મ સ્વામી સમજી ગયા અને શરમાઈ ગયા. આ પ્રસંગથી સરજુદાસનો તેમના ઉપરનો પ્રભાવ જણાઈ આવે છે.

ત્યારપછી રામાનંદ સ્વામીએ સરજુદાસને ભાગવતી દીક્ષા આપી 'સહજાનંદ' નામ પાડ્યું. રામાનંદ સ્વામીએ ધામમાં જતાં પહેલાં સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપવાનો નિર્ણય કર્યો. તે વખતે તેમણે પોતાના મોટા મોટા શિષ્યો, સંતો તથા હરિભક્તોને બોલાવીને સહજાનંદ સ્વામીનો મહિમા કહ્યો. 'પોતે ડુગડુગીના વગાડનારા છે અને ખેલના ભજવનારા તો આ સહજાનંદ છે' – એવી ઘણી વાતો કરી સૌની સંમતિ લીધી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પણ વિશાળ હૃદયે અનુમતિ આપી, પણ એમના મનમાં લેશ પણ સંદેહ ન થયો કે પોતાને એ પદ કેમ ન મળે ? જો કે સહજાનંદ સ્વામી એમની ઘણી આમન્યા રાખતા અને એમને રામાનંદ સ્વામીની જગ્યાએ ગુરુ તરીકે ગણતા.

રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી ઘણા અકળાઈ ગયા. શ્રીજીમહારાજે એમના શિષ્યોને સમાધિ કરાવી પણ વાત મનાઈ નહીં. પછી રામાનંદ સ્વામીએ એમને દર્શન દઈ શ્રીજીમહારાજનો અપરંપાર મહિમા સમજાવ્યો કે આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. ત્યારે તેમની અશાંતિ દૂર થઈ. શ્રીજીમહારાજને તેમણે રામાનંદ સ્વામીની ગાદી ઉપર ઊંચકીને બેસાર્યા, પૂજા કરી અને 'જય સદ્‌ગુરુ...'ની આરતી બોલીને ઉતારી અને કીર્તન જોડ્યું :

*'ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી એ વાત કેને કહ્યાની,*
*વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષા આણે....'*

આ પ્રસંગ પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને એક નાની લાકડી પ્રસાદીરૂપે આપી, તે જેને અડાડે તેને સમાધિ થાય. આમ, એમનાં વચને પછી અનેકને સમાધિ થવા લાગી.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો શ્રીજીમહારાજની આજ્ઞાથી દેશમાં ફરતા અને સત્સંગ કરાવતા, પણ મતપંથીઓ તરફથી એમને ખૂબ કષ્ટો સહન કરવાં પડતાં. એક વાર એક ગામમાં એક દ્વેષી વેરાગીએ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને પકડીને થાંભલે બાંધ્યા અને તેમનાં નાક-કાન કાપવાં તે છરો ઘસવા બેઠો. બ્રહ્મમુનિ શોક કરવા લાગ્યા કે 'આ નાક-કાન કાપશે તો લોકમાં સૌ એમ જાણશે કે આમણે કંઈ બૂરું કામ કર્યું લાગે છે.'

ત્યારે નિઃસંશયી મુક્તમુનિ બોલ્યા કે ‘પૂર્વે આપણે બૈરાં-છોકરાં સારુ ઘણા જન્મમાં નાક-કાન કપાવ્યાં હશે, તો આ જન્મમાં શ્રીજીમહારાજને માટે ભલે કપાય; આપણી લાજ શ્રીજીમહારાજના હાથમાં છે, તે જરૂર રક્ષા કરશે.’

એટલામાં રાઘવ જત નામનો એક માણસ ત્યાં આવ્યો. તેણે બાવાને છરો ઘસવાનું કારણ પૂછ્યું. જેવી હતી તેવી બાવાએ વાત કરી. ગરીબ ગાય જેવા સાધુને આ કસાઈ દુઃખ દેશે એ બીકે તરત રાઘવ જતે બાવાને ધમકાવી સંતોને છોડાવ્યા અને સુરક્ષિત રીતે ગામ બહાર પહોંચાડી દીધા.

આવા જ એક પ્રસંગે મુક્તાનંદ સ્વામીની સાધુતા સહન ન થઈ શકવાથી દ્વેષીઓએ આકરું ઝેર ચંદનમાં ઘોળી, પૂજા નિમિત્તે તે ચંદન તેમના શરીરે અર્ચ્યું. શ્રીજીમહારાજની કૃપાથી સ્વામીને તો કંઈ જ ન થયું પણ ચંદન અર્ચનારના હાથની ખાલ ઊતરી ગઈ. આવાં આકરાં દુઃખો તેઓ એક પોતાના ઈષ્ટદેવને પ્રસન્ન કરવા સહન કરતા.

તેમની સાધુવૃત્તિ, નિર્માનીભાવ અને હિતયુક્ત વાણીથી તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં લોકોને ખૂબ ભાવ થતો, સત્સંગ પ્રત્યે આદર થતો. સ્વામી સૌને વાતો કરી શ્રીજીમહારાજનો મહિમા સમજાવતા અને આશરો કરાવતા. સુરત, અમદાવાદ વગેરે શહેરોમાં પણ એમણે ખૂબ સત્સંગ પ્રવર્તાવેલો. શ્રીજીમહારાજ પણ એમને દરેક જગ્યાએ આજ્ઞા કરી મોકલતા.

એક વખત મુક્તાનંદ સ્વામી પોતાના સાઠ સાધુના મંડળ સાથે અમદાવાદ આવી પહોંચ્યા અને અહીં સાબરમતીને કાંઠે દરિયાખાનના ઘુંમટમાં ઉતારો કર્યો. સંતો નદીમાં સ્નાન કરી, ધ્યાનમાં બેસતા, કથાવાર્તા કરતા અને ભિક્ષા માગી પાશેર અન્ન જમી લેતા. ક્યારેક ભિક્ષા ન મળે તો ઉપવાસ કરતા.

આ રીતે મુક્તાનંદ સ્વામીએ વરતાલ અને તેની આજુબાજુના પ્રદેશમાં, કાનમ પ્રદેશમાં અને શ્રીજીમહારાજ આજ્ઞા કરી જ્યાં મોકલતા ત્યાં બધી જગ્યાએ ખૂબ સત્સંગ પ્રવર્તાવ્યો. વડોદરામાં શ્રીજીમહારાજની આજ્ઞાથી સભા જીતી તેવી જ રીતે જામનગર રાજ્યમાં પણ સભાપ્રસંગે, નિત્યાનંદ સ્વામી વગેરે વિદ્વાન સદ્‌ગુરુઓ સાથે હતા તો પણ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને શાસ્ત્રાર્થ કરવા આજ્ઞા કરી. શ્રીજીમહારાજના સાંનિધ્યમાં જ સ્વામીએ રાજદરબારમાં ‘સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક છે’ તે શાસ્ત્રોક્ત

રીતે પુરવાર કરી વિદ્વાનોને મહાત કર્યા હતા.

જેમ જેમ સમય ગયો તેમ તેમ સ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપનો વિશેષ મહિમા - દિવ્યભાવ સમજાવા લાગ્યો. તે તેમની કાવ્યરચના ઉપરથી સહેજે જણાઈ આવે છે. જ્યારે સર્વોપરી સ્વરૂપ તેમને યથાર્થ સમજાયું ત્યારે, *'સુખદાયક રે, સ્વામી સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ....'* તથા *'માઈરી મૈં તો પુરુષોત્તમ વર પાયો'* વગેરે કીર્તનો બનાવ્યાં.

મુક્તાનંદ સ્વામી પોતે પૂજામાં, રામાનંદ સ્વામીની કોપીનનો આડબંધ પ્રસાદી તરીકે રાખતા અને નિત્ય દર્શન કરતા. એક વખત તેઓ પૂજા કરતા હતા ત્યાં ચૈતન્યાનંદ સ્વામી તેમને પગે લાગવા આવ્યા. એટલે સ્વામીએ તે પ્રસાદીનું વસ્ત્ર તેમને દર્શન કરવા આપ્યું, પણ ચૈતન્યાનંદ સ્વામી તો આંખો મીંચી ગયા. સ્વામીએ તેમને કારણ પૂછ્યું તો તેઓ કહે કે 'મારે તો પતિવ્રતાની ભક્તિ છે.'

મુક્તાનંદ સ્વામીને પણ આ વચનથી ચોટ લાગી ગઈ અને તે વસ્ત્ર બાજુમાં તાપવા રાખેલી સગડીમાં નાખી દીધું. તેમને મનમાં દુઃખ થયું કે મારામાં આટલી કસર રહી જતી હતી. તે વખતે તેમણે,

*'છાંડીકે શ્રી કૃષ્ણદેવ ઓર કી જો કરું સેવ,*
*કાટી ડારો કર મેરો, તીખી તલવાર સે....'*

પતિવ્રતાની ટેક અને પ્રગટ સ્વરૂપની ઉપાસનાનાં અદ્‌ભુત પદો રચ્યાં. ત્યારપછી રામાનંદ સ્વામીના ઘણા શિષ્યોને તેમણે શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપનો મહિમા સમજાવી નિઃસંશય કરેલા.

એક વાર લોયા ગામમાં શ્રીજીમહારાજે શાકોત્સવ ગોઠવેલો. ત્યારે ગામડાંના કેટલાક હરિભક્તો શ્રીજીમહારાજનો મહિમા સાંભળી દર્શને આવ્યા. શ્રીજીમહારાજ જાતે મોટા મોટા ચૂલા ઉપર મોટાં મોટાં કડાયાં ગોઠવી, હવેજથી ભરેલાં વંતાકનો ઘીમાં વઘાર કરતા હતા. શ્રીજીમહારાજે ટૂંકી ધોતડી પહેરી હતી, હાથ હળદરવાળા હતા અને શરીર પરસેવે રેબઝેબ થયું હતું. શ્રીજીમહારાજનું આવું વિચિત્ર રૂપ જોઈને દર્શનાર્થીઓને તો સૂગ ચડી અને થયું : 'આવા તે ભગવાન હોતા હશે !'

તેઓ તો ત્યાંથી જ પાછા વળતા હતા. ત્યાં મુક્તાનંદ સ્વામી તેમને જોઈ ગયા અને એક બાજુ લઈ જઈ ભગવાનના મનુષ્યભાવ અને દિવ્યભાવ

સંબંધી ઘણી વાતો કરી. ભગવાન મનુષ્યરૂપે પધારે ત્યારે તેમની સર્વ ચેષ્ટા મનુષ્યના જેવી જ હોય તે સમજાવ્યું.

આથી, તેમના મનનું સમાધાન થયું અને ધીરે ધીરે શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય દૃઢ થયો. આમ, મુક્તાનંદ સ્વામી અનેક ભક્તોને શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપનો દિવ્યભાવે સહિત નિશ્ચય દૃઢ કરાવતા.

મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજને પણ સદાય એ જ રીતે દિવ્યભાવથી નિહાળતા. એક વાર શ્રીજીમહારાજે એક નાની સળી હાથમાં લઈ તોડી નાખી. સ્વામીએ આ જોયું એટલે તરત પૂછ્યું કે 'આ શું ચરિત્ર કર્યું ?'

મનુષ્ય હોય તે આવા ચાળા કરે પણ ભગવાનની આ ક્રિયામાં તો જરૂર દિવ્યતા હોવી જ જોઈએ. શ્રીજીમહારાજે પણ તેમનો ભાવ જોઈ દયા કરી કહ્યું કે 'એક બ્રહ્માંડનો પ્રલય કરી, એક બ્રહ્માંડ રચ્યું.' સ્વામી રાજી થયા.

આવા તો અનેક પ્રસંગોની નોંધ મુક્તાનંદ સ્વામીએ લીધેલી છે.

જન્મથી જ સાહિત્ય, સંગીત અને કલા જેમને વરેલાં છે અને માર્ગીના પંથમાં જેનો અધિક વિકાસ થયો છે તે એમની કળાને સંપ્રદાયમાં આવ્યા પછી વિશેષ પ્રકાશ મળ્યો. તેઓ શ્રીજીમહારાજની મૂર્તિનાં, ઉપદેશનાં સુંદર પદો રચતા અને સુમધુર કંઠે ગાતા. ક્યારેક ઘૂઘરા બાંધી નૃત્ય કરતા અને નૃત્ય કરતાં કરતાં પગના અંગૂઠાથી જમીન ઉપર રંગોળીઓ બનાવતા. આ રીતે સ્વામી, શ્રીજીમહારાજ આગળ મુજરા કરતા, જે તેમની શ્રીજીમહારાજ વિષેની પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ઠા બતાવે છે. સ્વામીની બહુમુખી પ્રતિભામાં, ખાસ કરીને એમની વાણી ને રૂપમાં સૌ સહેજે આકર્ષાતા. આથી તેઓ હંમેશાં શરીર ઉપર વસ્ત્ર પરિધાન કરી રાખતા, માત્ર મુખ ઉઘાડું રાખતા. કહે છે ચંદ્રની કાંતિમાં એમનું રૂપ સવિશેષ ખીલી ઊઠતું.

એક વાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને તેમની વિશેષતા પૂછેલી ત્યારે તેમણે વિનયપૂર્વક કહેલું કે 'ગમે તેવો મલિન આશયવાળો અને પથ્થર જેવા કઠણ મનવાળો માણસ હોય, પણ જો મારી વાત સાંભળે તો તેનું અંતઃકરણ પલળીને કોમળ ફૂલ જેવું થઈને ભગવાન સન્મુખ થઈ જાય, એવો મારી વાણીમાં આપની કૃપાથી ગુણ જણાય છે.' તેથી દલપતરામે તેમની વાણીના પ્રવાહને 'ગંગાના પ્રવાહ' તરીકે વર્ણવેલ છે.

તેઓ નાડીપરીક્ષક પણ હતા. જ્યારે જ્યારે શ્રીજીમહારાજને શરીરે કસર

જણાય ત્યારે શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીને જ નાડી જોવા બોલાવતા. ભક્ત-હૃદયવાળા સ્વામી પણ શ્રીજીમહારાજની એ અદ્‌ભુત મનુષ્યલીલા સમજી હરિભક્તોનાં સુખને માટે શ્રીજીમહારાજને રોગમુક્ત થવા પ્રાર્થના કરતા.

તેમની તિતિક્ષાની સીમારૂપ એક પ્રસંગ પણ જાણવા જેવો છે. સ્વામીની શારીરિક પ્રકૃતિ સારી ન હતી. વળી, શ્રીજીમહારાજની આજ્ઞા હતી કે તેમણે અખંડ સાંપ્રદાયિક સાહિત્ય લખવું. આ કાર્યમાં રત તેઓ પોતાના દેહની સાર-સંભાળ જરા પણ રાખતા નહીં. એક વાર તેમને આસને ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ખબર પૂછવા આવ્યા. સ્વામી તે વખતે જમતા હતા. સ્વામી જમી રહ્યા એટલે નિત્યાનંદ સ્વામીએ પાત્રમાં વધેલી થોડી ખીચડી પ્રસાદીરૂપે લીધી. જ્યાં મોઢામાં મૂકે છે ત્યાં કાંકરાની કડકડાટી બોલી. તેઓ અકળાઈ ગયા અને બોલી ઊઠયા કે ‘તમને આવું કોણ જમાડે છે ?’

પછી સ્વામીના સેવકને બોલાવીને નિત્યાનંદ સ્વામીએ ઠપકો આપ્યો કે ‘માંદા સંતને આવું જમાડો છો, અનાજ સાફ કરીને તો રાંધો,’ વગેરે ઘણું કહ્યું.

ત્યારે તે લહિયા સેવકે જવાબ આપ્યો કે ‘હું સાફસૂફ કરવા રહું તો લખું ક્યારે ? કોઠારમાંથી જેવું મળે એવું રાંધી દઉં છું. મારાથી વિશેષ નહીં બને.’

તેની આવી ઉદ્ધતાઈ જોઈ ગોપાળાનંદ સ્વામીએ અનોપમાનંદ સ્વામીને બોલાવ્યા અને સ્વામીને અનુકૂળ રસોઈ બનાવી જમાડવા આજ્ઞા કરી. જ્યારે નિત્યાનંદ સ્વામીએ સ્વામીને પૂછ્યું કે ‘આવું કેટલા દિવસથી ચાલે છે ?’

ત્યારે સ્વામી કહે કે ‘હું તો હંમેશાં આવું જ જમું છું.’

તેમને થયું કે ખરેખર, આ તો મુક્તાનંદ સ્વામી જ સહન કરે !

સાથે એમનામાં માતૃપ્રેમ પણ એવો જ હતો. એક વખત ભૂખ લાગવાથી કસમયે નાના સંતો ભંડારમાં બેસી સૂકા રોટલા જમતા હતા. ત્યારે શ્રીજીમહારાજની આજ્ઞા હતી કે સંતોએ એક જ વાર જમવું. જો કે વિદ્યાર્થી સંતોને થોડી છૂટ હતી. એવામાં મુક્તાનંદ સ્વામી ત્યાંથી પસાર થયા, ત્યારે સંતો તથા સ્વામીની નજર એક થઈ. સ્વામીને જોઈને, સ્વામી ઠપકો આપશે એ ભયથી સંતોના હાથમાંથી રોટલા નીચે પડી ગયા. આ જોઈ સ્વામીના મનમાં વિચાર આવ્યો કે ‘મને જોઈને સંતોના હાથમાંથી ટુકડા પડી ગયા. મારી આટલી બધી બીક ! ધાક ! સંત તો જનની સમાન હોવા જોઈએ.’

પોતાને ધિક્કારતાં તરત પાછા ફર્યા અને સંતો પાસે જઈ હેતથી પૂછ્યું કે

'કાંઈ વધ્યું-ઘટ્યું છે, આજ તો મને પણ ભૂખ લાગી છે, તે ખાઈએ.' સંતોએ રાજી થઈ સ્વામીને પણ રોટલાના ટુકડા આપ્યા અને સૌનાં હૃદયમાં શાંતિ થઈ ગઈ. સંતોને થયું કે 'હવે ફિકર નહીં, સ્વામી પણ આપણી સાથે જમ્યા.'

શ્રીજીમહારાજના વચનમાં સારધાર વર્તવાની સ્વામીની ટેક પણ દાખલા રૂપ હતી. તે સમયે શ્રીજીમહારાજ પોતે વર્તમાનનાં જુદાં જુદાં પ્રકરણ ફેરવતા. એક વાર મુક્તાનંદ સ્વામી ગામડે ફરતા હતા ત્યાં શ્રીજીમહારાજનો પત્ર આવ્યો કે કઠણ વર્તમાન ફેરવવાનાં છે, માટે સૌ સાવધાન રહેજો. આ પત્ર વાંચી સ્વામીએ વિચાર કર્યો કે શ્રીજીમહારાજ એવાં તો કેવાંક આકરાં વર્તમાન આપશે ? તેમણે લીમડો વાટીને પીવાનો શરૂ કર્યો. શ્રીજીમહારાજને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે સ્વામીની આજ્ઞા પાળવાની તત્પરતા જોઈ બહુ રાજી થયા.

છતાં એમના વર્તનમાં જડતા પણ નહોતી. વચનપાલનમાં પણ તેઓ દેશકાળ પ્રમાણે વિવેક જોતા. એક વાર સ્વામી મંડળ સાથે મારવાડ દેશમાં વિચરતા હતા. તે વખતે ચારેબાજુથી વિરોધીઓ સંતોને ત્રાસ આપતા. ભિક્ષા માગીને નિર્વાહ કરતા સંતોને ક્યારેક અન્ન પણ મળતું નહીં અને ઉપવાસ થતા. આ મંડળને પણ અહીં ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથે દિવસે ભગવાનની પ્રેરણાથી અને સંતોની સુવાસથી એક બ્રાહ્મણ ત્યાં ખેંચાઈ આવ્યો. મુક્તાનંદ સ્વામીએ તેને ઉત્તમ જ્ઞાનોપદેશ આપ્યો. આથી બ્રાહ્મણને ગુણ આવ્યો અને સંતોને ભૂખ્યા જાણી, ખીચડી રંધાવી. સંતોને ત્યારે ગળ્યા-ચીકણાનાં વર્તમાન હતાં, તેથી સ્વામીએ બ્રાહ્મણને ખીચડીમાં ઘી નાખવાની ના પાડી હતી. ભગવાનને થાળ ધરાવ્યો. સંતોની પંક્તિ થઈ અને આત્માનંદ સ્વામીના પાત્રમાં ખીચડી પડી. તેમને ઘીની સહેજ સુગંધ આવી તેથી એકદમ બોલ્યા : 'અનિડો, ઘી ગંધાય છે !' એમ કહી ઊભા થઈ ગયા.

પંક્તિમાં ગભરાટ ફેલાઈ ગયો. ત્રણ દિવસના ભૂખ્યા, લથડિયાં લેતા સંતોને મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જતો લાગ્યો. બ્રાહ્મણ મૂંઝાયો. તેણે સ્વામીને વાત કરી કે 'મેં ખીચડીમાં ઘી નાખ્યું જ નથી. આ તો ભગવાનના થાળની ખીચડીમાં ઘી નાખેલું, તે પ્રસાદીની ખીચડી બીજી ખીચડી સાથે ભેળવી, તેથી તેની સહેજ - નહીં જેવી સુવાસ આવતી હશે.'

ત્રણ દિવસના ભૂખ્યા સંતોને અત્યારે તૈયાર ભોજનથી વંચિત રાખવા

તે તેમના પ્રાણ ખૂંચવી લેવા સમાન સ્વામીને જણાયું. આપત્કાળ સમાન ધર્મસંકટમાં શ્રીજીમહારાજને સંભારીને સ્વામીએ મનોમન નિર્ણય લઈ લીધો ને સંતોને કહ્યું કે 'તમે સૌ જમી લો અને આજ્ઞાભંગ નિમિત્તે શ્રીજીમહારાજ ઠપકો દેશે તો મારે માથે.' સંતો જમીને તૃપ્ત થયા. જો કે વચનની મૂર્તિ સમા આત્માનંદ સ્વામી જમ્યા નહીં.

સંતો ફરતાં ફરતાં શ્રીજીમહારાજને મળ્યા અને શ્રીજીમહારાજને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓ સ્વામી ઉપર બહુ રાજી થયા અને બોલ્યા : 'આત્માનંદ સ્વામીના ત્યાગ કરતાં મુક્તાનંદ સ્વામીની લાજ ચઢે.' કારણ, સ્વામીએ સંતોને નભાવ્યા હતા. 'સત્સંગની મા' સમાન મુક્તાનંદ સ્વામીએ આવા અનેક પ્રસંગોએ સદ્‌ગુણોની ફોરમ ફેલાવી હતી.

વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની અનેક જગ્યાએ પ્રશંસા કરી છે : 'જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હતું, તેવું ને તેવું આ જ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.' (સારંગપુર પ્રકરણ ૩)

'....મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ.' (ગઢડા અંત્ય પ્રકરણ ૨૪) વગેરે.

શ્રીજીમહારાજના સ્વધામગમન પછી સ્વામીનું મન વિહ્‌વળ બની ગયું હતું. શ્રીજીમહારાજે એમને આજ્ઞા કરી હતી કે 'તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.' (ગઢડા મધ્ય પ્રકરણ ૫૮) આ આજ્ઞાનુસાર સ્વામીએ હજુ હાથમાંથી કલમ મૂકી ન હતી. અવિરતપણે સાહિત્યરચના કરી રહ્યા હતા. હવે શ્રીજીમહારાજ અંતર્ધાન થયા ! કોણ તેમની કલમ છોડાવે ? કારણ એમનું શરીર ક્ષીણ થતું જતું હતું.

એવામાં એક વખત લખતાં લખતાં સ્વામીના હાથમાંથી કલમ પડી ગઈ. પછી ગોપાળાનંદ સ્વામીએ આજ્ઞા કરી કે 'હવે રહેવા દ્યો, તમે શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળી લીધી છે.' તેમણે શરૂ કરેલો ધર્માખ્યાનનો ગ્રંથ અધૂરો હતો તે નિત્યાનંદ સ્વામીએ પૂરો કરવાની બાંયધરી આપી, તેથી મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા અને નિત્યાનંદ સ્વામીને ગુલાબનો પ્રસાદીનો હાર આપ્યો અને બોલ્યા : 'તમે મારા ખરા સેવક છો.'

મુક્તાનંદ સ્વામીએ હવે ધામમાં જવાનો સંકલ્પ કર્યો. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વગેરેને સત્સંગની ભલામણ કરી અને લગભગ ૭૨ વર્ષની વયે, ગઢપુરમાં, સંવત ૧૮૮૬ના અષાઢ વદી એકાદશીને દિવસે મધ્યાહ્‌ન સમયે સૌ સંતો-હરિભક્તોની હાજરીમાં, ભજન કરતાં કરતાં અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા.

તેમના દિવ્ય જીવન અને કાર્યની સ્મૃતિરૂપે તેમણે, સાહિત્યસર્જનમાં – સંસ્કૃત સાહિત્યમાં ૭ અને પ્રાકૃત ભાષામાં ૨૩ ગ્રંથો રચ્યા છે. વચનામૃતના સંપાદનકાર્યમાં પણ તેમનો ફાળો છે. સંસ્કૃત સાહિત્યમાં (૧) બ્રહ્મસૂત્ર ભાષ્ય, (૨) ભાગવત દશમભાષાટીકા, (૩) નિર્ણય પંચક અને (૪) સત્સંગિજીવન માહાત્મ્ય વગેરે.

પ્રાકૃતમાં ગુજરાતી અને હિંદી ભાષામાં દોહા, ચોપાઈ, ધોળ, પ્રભાતી, ગોડી, ગરબી, સામેરી વગેરે અનેક રાગ-ઢાળ અને છંદોમાં રચાયેલાં એમનાં પદોમાં અને કીર્તનોમાં શ્રીજીમહારાજની મૂર્તિનું વર્ણન, સર્વદેશીય ઉપદેશ અને સંતનાં લક્ષણો તથા મહિમા સચોટ રીતે વર્ણવેલાં છે.

સ્ત્રીઓ માટે પણ રૂક્ષ્મણિવિવાહ, સતીગીતા વગેરે ગ્રંથો તથા લગ્નનાં ગીતો અને 'હોરીનાં પદો' વગેરે રચ્યાં છે. ગુજરાતીમાં રચેલા ગ્રંથોમાં 'ઉદ્ધવગીતા' અને 'મુકુંદબાવની' પ્રસિદ્ધ છે. એમના ભક્તહૃદયમાંથી સ્ફૂરેલી દરેક રચનાના પદે પદે ભરપૂર ભક્તિ-રસાયણ ઝરે છે.

## કીર્તન પ્રસાદી

### રાગ-કાફી : પદ-૧

અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે - અનુ.
જે શીખે જે સાંભળે ત્રિપુટીને તાને રે,
મનનું કૃત્ય મન લગી અસત્ય માને રે - અનુ.
જ્યાં લગી જગ વિસ્તર્યો મૃગતૃષ્ણા પાણી રે,
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે - અનુ.
જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે,
મુક્તાનંદ કહે ગુરુમુખી તે સુખડાં માણે રે - અનુ.

**પદ-૨**

અનુભવીને આપદા અંતરથી ભાગી રે,
અંતરજામી ઓળખ્યા ત્યાં લગની લાગી રે - અનુ.
ઊરમી ને ત્રણ ઈષણા અહંતાને ત્યાગી રે,
જક્તજીવન જોઈને ત્યાં બુદ્ધિ જાગી રે - અનુ.
ચૌદ લોક વૈકુંઠ લગી માયાની પાગી રે,
તેથી અનુભવી અળગા રહે ત્રય તાપ આગી રે - અનુ.
અષ્ટસિદ્ધિ નવ નિધિ તે નિર્માલ્ય ત્યાગી રે,
મુક્તાનંદ કહે ગુરુમુખી રહે રામરાગી રે - અનુ.

**પદ-૩**

અનુભવીને અંતરે રહે રામ વાસ રે,
તે બોલે તે સાંભળે દૃષ્ટિ પ્રકાશે રે - અનુ.
જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે,
ભાત દેખી ભૂલે નહીં અનુભવ ઉજાસે રે - અનુ.
કેસરી કેરા ગંધથી કરિ કોટી ત્રાસે રે,
તેમ આત્માના ઉદ્યોતથી અજ્ઞાન નાસે રે - અનુ.
હું ટળ્યે હરિ ઢૂંકડા તે ટળાય દાસે રે,
મુક્તાનંદ મહાસંતને પ્રભુ પ્રગટ પાસે રે - અનુ.

**પદ-૪**

અનુભવી આનંદમાં ગોવિંદ ગાવે રે,
પ્રીત કરી પરબ્રહ્મ શું ભવમાં ન આવે રે - અનુ.
મરજીવાને મારગે જન કોઈક જાવે રે,
પે'લું પરઠે મોત તે મુક્તાફળ પાવે રે - અનુ.
વેગે વહેતાં વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે,
તેમ ડગમગે દિલ જ્યાં લગી નવ બ્રહ્મ પ્રકાશે રે - અનુ.
બ્રહ્મ થઈ પરબ્રહ્મને જુએ તે જાણે રે,
એવા જીવનમુક્ત જનનાં ગુણ વેદ વખાણે રે - અનુ.
કાયા માયા કૂડ છે જેમ ધૂમછાયા રે,
મુક્તાનંદ કહે ગુરુમુખીમાં પદ સમાયા રે - અનુ.

# વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી

‘તમે અહીં કેમ આવ્યા ? લોજ ન ગયા ?’

‘સ્વામી ! આપ અહીં બિરાજો છો, તે આપને મૂકીને બીજે ક્યાં ભટકવું !’

‘કેમ અમે આજ્ઞા મોકલી હતી ને કે સૌએ વર્ણીનાં દર્શન કરવા લોજ જવું. તે બહુ મોટા છે, પ્રતાપી છે, યોગી છે.’

‘કેવા મોટા ? સુખાનંદ... રઘુનાથદાસ... રામદાસ... મુકુંદદાસ... જેવા ?’

‘ના, એ બધાયથી પણ ઘણા મોટા.’ સ્વામીએ સહેજ હસતાં કહ્યું.


‘આપના જેવા ?’ સહસા ભક્તથી પુછાઈ ગયું.

‘અમારાથી પણ મોટા. આ તો સાક્ષાત્ અવતારના અવતારી છે.’ સ્વામીએ મક્કમતાથી કહ્યું. વર્ણીનો અપરંપાર મહિમા નવા આગંતુક લાલજી ભક્તને સમજાવ્યો અને લોજ જવા આજ્ઞા કરી.

લોજ જવાનો આદેશ રામાનંદ સ્વામીએ પોતાના દરેક ભક્ત ઉપર ભુજથી મોકલ્યો હતો, પણ પતિવ્રતાની ટેકવાળા લાલજી ભક્તે તેની અવજ્ઞા કરી હતી. મનમાં પશ્ચાત્તાપ અનુભવતા લાલજી ભક્ત લોજ આવી પ્રેમાર્દ્ર-ભાવે વર્ણીને મળ્યા, કૃતકૃત્ય થયા. પૂર્વનો સંબંધ હોય એમ વર્ણીએ પણ આ ભક્તરાજને જોતાંવેંત આશીર્વાદ આપ્યા કે ‘તમો શુકજી સમાન વૈરાગ્યયુક્ત થશો.’ અંતઃચક્ષુ ઊઘડતાં લાલજી ભક્તને પણ વર્ણીમાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. વર્ણીમાં અનન્ય ભક્તિભાવ ઉદ્‌ભવ્યો.

આ લાલજી ભક્તનો જન્મ જામનગર પાસે શેખપાટ ગામે, સંવત ૧૮૨૨ની વસંત પંચમીના શુભ દિવસે પિતા રામભાઈ સુથાર તથા માતા અમૃતબાને ત્યાં, આત્માનંદ સ્વામીના આશીર્વાદથી થયો હતો.

શિશુ અવસ્થાથી જ આ બાળકમાં સૌને ભક્તપણાનાં ચિહ્‌નો દેખાતાં હતાં. પ્રભુમાં આસક્ત જીવો પૂર્વસંસ્કારના યોગે જન્મથી જ જગતમાં જુદા તરી આવે છે, પણ પ્રારબ્ધવશ માયાના પ્રવાહમાં તણાય છે. આ લાલજી ભક્તને નાની વયમાં જ માતા-પિતાએ લગ્નજીવનમાં જોડી દીધા. ભક્તરાજે વંશ-પરંપરાગતનો સુથારી ધંધો સંભાળી લીધો અને કામમાંથી નવરાશ મેળવી



વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામી

ભગવદ્ભક્તિ, કથા-કીર્તનમાં મન પરોવવા લાગ્યા.

ભગવદ્કથા-શ્રવણ અને ગોષ્ઠિનો એમને એટલો તો ઈશક હતો કે ભાદરા ગામના મૂળજી શર્માને તેઓ રોજ મળતા. લાલજી ભક્ત રાત્રે કામથી પરવારી શેખપાટથી ચાલે, તે ભાદરા અને શેખપાટની વચ્ચે એક મહાદેવનું દેરું હતું ત્યાં આવે. મૂળજી શર્મા પણ વાળુ-પાણી કરી, ચાલતાં ત્યાં આવી પહોંચે. બંને આખી રાત ભગવદ્સ્વરૂપનું સ્મરણ અને ચર્ચા કરે. મળસ્કે પોતપોતાને ગામ પહોંચી જાય. ભાદરા ને શેખપાટ વચ્ચે ખાસ્સું સાત ગાઉનું અંતર. બંને રોજ સાડા ત્રણ ગાઉ ચાલીને આવે અને પાછા જાય. આવી હતી એમને કથાવાર્તામાં આસક્તિ !

આ વિસ્તારમાં સૌના પ્રીતિપાત્ર બનેલા આત્માનંદ સ્વામીના દેહત્યાગ પછી રામાનંદ સ્વામીનો પ્રભાવ વધવા લાગ્યો. એમના ગુણોનું વર્ણન સાંભળી લાલજી ભક્ત અને મૂળજી શર્મા એમનાં દર્શને આવ્યા. સ્વામીની સામર્થી જોઈ આ બંને ભક્તો એમના આશ્રિત થયા. સ્વામીએ એમને ગુરુમંત્ર આપી વૈષ્ણવી કંઠી બાંધી. ધીરે ધીરે લાલજી ભક્તનું મન સ્વામી તરફ વિશેષ આકર્ષાવા લાગ્યું અને એક સમયે એમણે રામાનંદ સ્વામી પાસે યાચના કરી કે 'પ્રભુ ! મને આપનાં ચરણોમાં રાખી લો.'

અંતર્યામી સ્વામી રાજી થયા, પણ જરા વિલંબથી, ધીરજ આપતાં બોલ્યા કે 'સમય આવે બોલાવી લઈશું.'

દિન-પ્રતિદિન આ ભક્તરાજને સ્વામીમાં વિશેષ વૃત્તિ રહેવા લાગી અને જગતમાંથી મન પાછું પડતું ગયું. એવામાં સ્વામીના આદેશથી વર્ણીનો યોગ થયો, એમની સાથે જીવ મળી ગયો.

ગૃહસ્થાશ્રમમાં લાલજી ભક્તને બે બાળકો હતાં – માધવજી અને કાનજી. ભક્તરાજ ભજન-સ્મરણ કરતા અને ધર્મપત્ની 'કંકુ' વ્યવહાર ચલાવતી. સંસાર સુખી હતો.

રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી શ્રીજીમહારાજ ગામોગામ વિચરણ કરતા અને ભક્તોના મનોરથો પૂર્ણ કરતા. ફરતાં ફરતાં શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા. હાલાર દેશના હરિભક્તો અહીં ભેગા થયા હતા. શેખપાટથી લાલજી ભક્ત પણ આવ્યા હતા. ભાદરાના પાદરથી પસાર થતી ઊંડ નદીને કાંઠે શ્રીજીમહારાજ સૌ ભક્તમંડળી સાથે પહોંચ્યા. નદીમાં પાણી બે કાંઠે હતું.

પુષ્કળ પાણી જોઈ જળવિહાર કરવા શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો. લાલજી ભક્તને શ્રીજીમહારાજે એક તરાપો બનાવી લાવવા કહ્યું.

'જરૂરી સાધન વગર એકદમ તરાપો કેમ બનાવવો?' – લાલજી ભક્તને પ્રશ્ન થયો. શ્રીજીમહારાજ કહે : 'આપણે નદી પાર કરવી જ છે, માટે એક ચલાખો (ચોફાળ - ખાદીનો કટકો) લાવો.'

વચનમાં વિશ્વાસી લાલજી ભક્ત ચલાખો લાવ્યા. સૌના મનમાં એમ થતું કે 'શ્રીજીમહારાજ શું કરશે? ચલાખો શું પાણી ઉપર તરશે?' અને સૌના આશ્ચર્ય વચ્ચે શ્રીજીમહારાજે ચલાખો પાણીમાં તરતો મૂક્યો અને પોતે એના ઉપર બેસી ગયા. સૌ ભક્તો તો જોઈ જ રહ્યા કે સ્વપ્ન તો નથી ને ! શ્રીજીમહારાજની આજ્ઞાથી મૂળજી શર્મા, લાલજી ભક્ત, રત્ના ભગત અને ડોસા ભગત પણ ચલાખા ઉપર બેઠા. શ્રીજીમહારાજની ઈચ્છાથી ચલાખો પાણી ઉપર તરવા લાગ્યો અને થોડી વારમાં તો સૌ સામે પાર આવી પહોંચ્યા. આવું અલૌકિક આશ્ચર્ય જોઈ લાલજી ભક્ત તથા બીજા ભક્તોને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય વિશેષ દૃઢ થયો.

ત્યારપછી લાલજી ભક્તના આમંત્રણથી શ્રીજીમહારાજ સંવત ૧૮૬૦માં શેખપાટ પધાર્યા. અહીં શ્રીજીમહારાજે વસંત પંચમીનો ઉત્સવ ઊજવ્યો. લાલજી ભક્તના કોડ પૂરા કર્યા. પછી શ્રીજીમહારાજે કચ્છમાં જવાનો સંકલ્પ કર્યો. અજાણ્યા દેશમાં કોઈ ભોમિયો જોઈએ, એટલે શ્રીજી-મહારાજે લાલજી ભક્તને પૂછ્યું કે 'અમારે કચ્છ જવું છે, તો તમારા જેવો સારો ભોમિયો શોધી આપો.'

ભક્તે વિચાર કર્યો કે 'શ્રીજીમહારાજે મારા જેવાની માગણી કરી એમાં જરૂર મર્મ છે. બીજા કોને ગોતવો? લાવને હું જ જાઉં. શ્રીજીમહારાજની સેવાનો આવો લાભ ફરી ક્યારે મળશે ?' અને લાલજી ભક્તે શ્રીજીમહારાજને સહર્ષ જણાવ્યું કે 'હું જ આપની સાથે આવું તો કેવું ?'

'તો તો અમે બહુ રાજી,' એમ કહી શ્રીજીમહારાજે જવાની તૈયારી કરી.

લાલજી ભક્તને તો કચ્છના વિકટ માર્ગનો ને મુશ્કેલીનો ખ્યાલ હતો. તે મુજબ એમણે તૈયારી કરી. સાથે ભાતું લીધું અને બતકમાં પાણી લીધું. કદાચ કંઈક ખરીદવું પડે તો સાથે નાણું પણ જોઈએ; એટલે થોડી 'કોરી' (નાણાંના સિક્કા) પણ ચોરના ભયે જોડામાં સંતાડી, પણ શ્રીજીમહારાજને

વાત કરી નહીં.

કચ્છ તરફ જતાં માર્ગમાં એક ભિક્ષુક મળ્યો. તેની આજીજી સાંભળી શ્રીજીમહારાજે સાથે લીધેલું ભાતું તેને અપાવી દીધું.

આગળ જતાં ચોર ભેટી ગયા. તેમણે બંનેની જડતી લીધી, પણ કાંઈ હાથ આવ્યું નહીં. તેમને નિરાશ થયેલા જોઈ શ્રીજીમહારાજે તેમને સામેથી બોલાવી કહ્યું કે 'તમે તમારી વિદ્યામાં પારંગત નથી. આ ભક્તના જોડામાં જુઓ.'

આવા શાહુકાર શેઠ જોઈને ચોરને નવાઈ લાગી, પણ એને ક્યાં ખબર હતી કે આ તો સાક્ષાત્ ભગવાન છે. બાર કોરીઓ લઈ ચોર રસ્તે પડ્યા. લાલજી ભક્ત તો ભોંઠા પડ્યા. જો કે એમને ચિંતા શ્રીજીમહારાજની હતી કે હવે શ્રીજીમહારાજને શું જમાડીશ ? તે જાણી શ્રીજીમહારાજ કહે કે 'આ તો તમારે મોટું વિઘ્ન આવવાનું હતું તે અમે થોડામાં ટાળ્યું.'

આગળ જતાં તરસથી પીડાતા એક સંતપુરુષ મળ્યા. તેમને પાણી અપાવી દીધું. આમ, જગતના સર્વ આધારથી રહિત કરી લાલજી ભક્તને શ્રીજીમહારાજે એક પોતાનો જ આધાર રખાવ્યો.

વિકટ રણમાં લાલજી ભક્તને તરસ લાગી. પાણી વગર ગળે શોષ પડવા લાગ્યો. ત્યારે શ્રીજીમહારાજે રણમાં પાણીની સરવાણી બતાવી તેમને વીરડો ગાળવા કહ્યું. લાલજી ભક્તે પાણી ચાખ્યું તો મીઠું. શ્રીજીમહારાજને ધરાવી પોતે પીધું. થોડું આગળ ચાલ્યા. શંકાનું સમાધાન કરવા લાલજી ભક્તે પાછા ફરી વીરડાનું પાણી ચાખ્યું તો ખારું ! તેમને ખાતરી થઈ કે રણના ખારાપાટમાં શ્રીજીમહારાજે તેમને માટે જ ચમત્કાર સર્જ્યો ! રસ્તામાં બે દૈવી પુરુષો મળ્યા. તેઓ શ્રીજીમહારાજને પ્રણામ કરી આગળ ચાલ્યા.

આગળ જતાં તળાવને કાંઠે વિશ્રામ લેવા શ્રીજીમહારાજ બેઠા. એકમાત્ર બાવળનો છાંયો હતો તે જગ્યા સાફ કરી, લાલજી ભક્તે શ્રીજીમહારાજને પોઢાડ્યા. શ્રીજીમહારાજ અડવાણે પગે હતા તેથી માર્ગમાં ઘણા કાંટા વાગેલા. શ્રીજીમહારાજનાં ચરણારવિંદ ખોળામાં લઈ, લાલજી ભક્ત જ્યાં કાંટા કાઢવા જાય છે ત્યાં બંને ચરણારવિંદમાં એમને સોળ ચિહ્નોનાં દર્શન થયાં. એમના આનંદનો પાર ન રહ્યો ! તેઓ શ્રીજીમહારાજ સાથે વાત કરતાં જાય અને ધીરેથી કાંટા કાઢતાં જાય. લાલજી ભક્તે વાતચીતમાં શ્રીજીમહારાજને, રસ્તામાં મળેલી વ્યક્તિઓ માટે પૂછ્યું. ત્યારે શ્રીજીમહારાજે જણાવ્યું કે

'પહેલા જે સંતપુરુષ મળ્યા તે રામાનંદ સ્વામી હતા. પછી બે દૈવી પુરુષો મળ્યા તે દેવો હતા.'

કાંટા નીકળી ગયા એટલે આગળ ચાલ્યા અને આધોઈ ગામને પાદર બંને આવી પહોંચ્યા. અહીં આવી શ્રીજીમહારાજ કહે કે 'મને તો ખૂબ ભૂખ લાગી છે, ક્યાંકથી ખાવાનું લાવો.'

લાલજી ભક્તે થોડી રીસ બતાવી કહ્યું કે 'ભાતું હતું તે આપી દીધું, કોરી આપી દીધી, હવે હું શું લાવું ?'

આ ગામમાં એક લુહાણા ભક્ત હતા, તેને ત્યાંથી શ્રીજીમહારાજે રોટલા લાવવા કહ્યું. એટલે ભક્તરાજ કહે : 'અહીં તો મારું સાસરું છે, મને બધા ઓળખે, મારે કેમ કરી ભિક્ષા માગવી ?'

'તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો ?' રમૂજ કરતાં શ્રીજીમહારાજે કહ્યું.

'તો તો બહુ સારું.' આજ્ઞાંકિત ભક્તરાજથી બોલતાં તો બોલાયું પણ પછી મનમાં થયું કે શ્રીજીમહારાજ શું કરશે ?

અણધાર્યું કરાવે, અણચિંતવ્યું આપે એનું નામ જ ભગવાન ! આજ દિવસ સુધી કરેલી લાલજી ભક્તની મુમુક્ષુતાની કસોટીથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે ત્યાં આગળ જ એમની મૂછ અને ચોટલી કાતરી નાખી, જૂનાં લૂગડાં ઉતરાવી કૌપીન અને અલફી ધારણ કરાવી, માથે ટોપી પહેરાવી. રૂપ બદલાયું. હવે નામ પણ બદલવું જોઈએ. એથી શ્રીજીમહારાજે તે જ ઘડીએ એમને ગુરુમંત્ર આપી ત્યાગીની દીક્ષા આપી અને 'નિષ્કુળાનંદ' નામ પાડ્યું. 'કુળ તજી નિષ્કુળ થયેલા' એમની હજુ પરીક્ષા અપૂર્ણ હોય તેમ એમના સાસરાને ત્યાં જ ઝોળી લઈ, ભિક્ષા માગવા શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક લગાડતાં નિષ્કુળાનંદ તો ઊપડ્યા. સસરાના આંગણામાં આવી ઊભા રહ્યા. ઘરવાળાં બહાર આવી જુએ છે તો મહાત્માના વેષમાં પોતાના પતિને જ દીઠા. હાંફળાં-ફાંફળાં દોડીને માને વાત કરી. માએ શિખામણ આપી કે બંને બાળકોને લઈને એમની આગળ ઊભી રહે, એટલે જરૂર એમનું મન પીગળશે. પણ આ તો વૈરાગ્યયુક્ત ત્યાગ હતો, અંતર રંગાઈ ચૂક્યું હતું, એટલે એટલું જ બોલ્યા કે 'અગ્નિને ઊધઈ લાગે નહીં, તેમ હવે મને તમારી માયા નહીં લાગે. આ તો

શ્રીજીમહારાજ અહીં પધાર્યા છે, તે કલ્યાણનો ખપ હોય તો સેવા કરી લો, શ્રીજીમહારાજને રોટલા જમાડો.'

પોતાના ધણીના અનાસક્ત સ્વભાવને જાણતી પત્ની સમય વરતી કંઈ બોલી નહીં અને ઊના ઊના રોટલા ને ઘી તથા અથાણું ભિક્ષાની ઝોળીમાં ભરી દીધાં. શ્રીજીમહારાજ પ્રેમથી જમ્યા. બધી વાત સાંભળી. સ્વામીની વૈરાગ્ય-ભાવનાથી રાજી થયા. પાછળથી એમનાં કુટુંબીઓ સમજાવવા આવ્યાં ત્યારે સ્વામીએ પોતાના પૂર્વજન્મોની વાત કરી : *'મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ...'* એમની આવી દૃઢતા અને સમજણ જોઈ સૌ પાછા વળ્યા.

અહીં શ્રીજીમહારાજે એમને આજ્ઞા કરી કે 'તમે 'યમદંડ' નામના ગ્રંથની રચના કરો.'

તેઓ કહે કે 'અનુભવ વગર મારે શું લખવું ?'

એટલે શ્રીજીમહારાજે એમને યમલોક અને તેની યાતનાઓનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં. એમણે ગ્રંથનો પ્રારંભ કર્યો.

શ્રીજીમહારાજ કચ્છ પધાર્યા અને પાછા ફરતાં બંને સાથે ગઢપુર આવ્યા. અહીં મુક્તાનંદ સ્વામીના સમાગમથી શ્રીજીમહારાજની મૂર્તિમાં એમને વિશેષ હેત થયું. આ પછી એક વાર શ્રીજીમહારાજે એમને સમાધિમાં અદ્‌ભુત દર્શન કરાવ્યું. આ સ્વરૂપ-દર્શનનું એમણે પદ રચ્યું : *'સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ...'*

થોડાં વર્ષો પછી ફરી કુટુંબીઓ તરફથી ઉપાધિ આવી. એમના ઘેરથી અને બંને પુત્રો એમને લેવા આવ્યા. ત્યારે સ્વામીએ મોટા પુત્ર માધવજીને વાતો કરી, વૈરાગ્યનો રંગ લગાડ્યો અને પ્રગટ ભગવાનને રાજી કરવા સાધુ બનવા કહ્યું. પૂર્વના સંસ્કારથી માધવજીને ચોટ લાગી ગઈ અને દીક્ષા લઈ લીધી. ગોપાળાનંદ સ્વામીએ એમનું નામ 'ગોવિંદાનંદ' પાડ્યું અને તેમને શ્રીજીમહારાજ પાસે લઈ જઈ ઓળખાણ આપી, આશીર્વાદ અપાવરાવ્યા. શ્રીજીમહારાજ બોલ્યા : 'સિંહના તો સિંહ જ હોય.'

નૈષ્ઠિક બ્રહ્મચારી એવા આ ગોવિંદાનંદ સ્વામી પણ પિતાને પગલે પગલે બહુ સમર્થ બન્યા.

શ્રીજીમહારાજે એક વાર સ્વામીને સ્ત્રીઓની સભામાં વાતો કરવા જવા કહ્યું, પણ સંતોને માટે તો શ્રીજીમહારાજની આજ્ઞા હતી કે અષ્ટપ્રકારે સ્ત્રી

અને ધનનો ત્યાગ રાખવો. એટલે તેઓ તો સ્ત્રીઓની સભામાં ગયા નહીં.

પછી શ્રીજીમહારાજે તેમને પૂછ્યું કે 'કેમ ગયા નહીં ?'

ત્યારે નમ્રતાથી તેઓ બોલ્યા કે 'આપની આજ્ઞા ન પાળી તેથી તમો વિમુખ કરશો તો હું થઈશ, પણ સ્ત્રીઓની સભામાં જઈ વાતું કરી, મારે ત્યાગીના નિયમમાંથી ભ્રષ્ટ થવું નથી.'

આવી એમની દૃઢતા જોઈ શ્રીજીમહારાજ રાજી થયા, કારણ, આવા સંતો જ પોતાનો ને સમાજનો ઉદ્ધાર કરી શકે.

એમની વૈરાગ્યની છટા પણ એવી જ આકરી હતી. એક વાર ગોપાળાનંદ સ્વામીના બહુ આગ્રહથી નિષ્કુળાનંદ સ્વામી વડોદરા ગયા. મોટા શહેરમાં વિષયનો જોગ વધારે થાય તેથી તેઓ શહેરમાં જતા નહીં. ગોપાળાનંદ સ્વામીએ ખાસ દૂધપાકની રસોઈ કરાવી હતી. નિષ્કુળાનંદ સ્વામી ભંડારમાં ગયા અને જોયું તો દૂધના ભરેલા દેગડા પડેલા. આ જોઈ તેઓ પોટલાં બાંધી જવાની તૈયારી કરવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામીને ખબર પડી એટલે એકદમ આવ્યા ને એમને એકાએક જવાનું કારણ પૂછ્યું.

નિષ્કુળાનંદ સ્વામી કહે કે 'આ દૂધની રેલમછેલ ઊડતી હોય ત્યાં ત્યાગીથી કેમ રહેવાય ?'

પછી ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નંખાવ્યા, સાદી રસોઈ કરવાની ખાતરી આપી ત્યારે નિષ્કુળાનંદ સ્વામી રહેવા તૈયાર થયા.

નિષ્કુળાનંદ સ્વામી કારિયાણીમાં એક વાર કૂવાના થાળા પાસે કૂંડી બનાવવાનું કામ કરતા હતા. તે વખતે શ્રીજીમહારાજ કારિયાણીમાં બિરાજતા હતા. સંવત ૧૮૭૭નો આસો મહિનો હતો. એવામાં ગામડેથી ગોપાળાનંદ સ્વામી ત્યાં શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામીનો હાથ પકડી 'અક્ષર ઓરડી'માં પધાર્યા. નિષ્કુળાનંદ સ્વામીને થયું કે નક્કી શ્રીજીમહારાજ કંઈક રહસ્યની વાત ગોપાળાનંદ સ્વામીને કરવા માગે છે. તેથી તેઓ પણ પાછળ પાછળ ગયા. એટલે શ્રીજીમહારાજે એમને પાછા મોકલ્યા અને કૂંડીનું કામ ચાલુ રાખવા કહ્યું અને કમાડ વાસી દીધું. પણ નિષ્કુળાનંદ સ્વામી આવો અવસર કેમ ચૂકે ? તેથી કમાડની તિરાડમાં કાન માંડ્યા, ત્યારે શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યના છ હેતુની અને અવતાર-અવતારીના ભેદની વાત ગોપાળાનંદ સ્વામીને કરી.

આથી, નિષ્કુળાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ કહેલા શ્રીજીમહારાજના મહિમાના શબ્દો સાંભરી આવ્યા અને સર્વોપરી ઉપાસનાનો સિદ્ધાંત સમજાયો. આ વાતને આધારે એમણે ‘પુરુષોત્તમ પ્રકાશ’ નામનો શ્રીજી-મહારાજનું અવતારીપણું અને પુરુષોત્તમપણું સમજાવતો અદ્‌ભુત ગ્રંથ લખ્યો.

શ્રીજીમહારાજે એક વખત સભામાં વાત કરી કે ‘આ ગઢડા મંદિરના મહંત નિષ્કુળાનંદ સ્વામીને બનાવવા છે.’

આ વાત એમણે જ્યારે જાણી ત્યારે તેઓ એકદમ મૂંઝવણમાં પડી ગયા અને ગઢડાથી થોડે દૂર ગઢાળી ગામે ચાલી ગયા. તેમને થયું કે ‘જો હું રહીશ તો શ્રીજીમહારાજ જરૂર મને મહંત બનાવી દેશે.’ અને તે અધિકાર તો તેમને ભારરૂપ હતો. પછી શ્રીજીમહારાજે તેમની ખબર કઢાવી અને ગઢાળીથી બોલાવ્યા.

શ્રીજીમહારાજે તેમને એકાએક ચાલ્યા જવાનું કારણ પૂછ્યું ત્યારે એમણે વિનયપૂર્વક કહ્યું કે ‘એક નાની ઉંદરડી હોય અને તેના ઉપર હજાર મણનો પાટડો પડે તો તે બચે ખરી ? તેના ચૂરેચૂરા થઈ જાય. તેમ આ બધો વ્યવહાર મારા જેવા સામાન્ય ઉપર પડે તો મારું ઠેકાણું ન રહે.’ જ્યારે શ્રીજીમહારાજે એમને ખાતરી આપી કે ‘અમે તમને મહંત નહીં બનાવીએ;’ ત્યારે જ સ્વામી શાંતિથી ત્યાં રહ્યા. આવી હતી તેમની ઉત્કટ વૈરાગ્યવૃત્તિ !

આથી તો પછી એમણે ધોળેરા રહેવાનું પસંદ કરેલું. દરિયા કિનારે એક ખૂણામાં આવેલું આ ગામ, સૂકા પ્રદેશને કારણે નિરસ અને નિર્જન જેવું હતું. કોઈ પદાર્થનો યોગ જ ન થાય. વળી, આ મંદિરના મહંત અદ્‌ભુતાનંદ સ્વામી પણ એવી જ રુચિવાળા હતા. એટલે અહીં એમને સારું ફાવતું.

સાધુતાની આવી મહેક સાથે સ્વામીમાં વિશિષ્ટતા તો એ હતી કે કળા-કૌશલ્ય અને સાહિત્યમાં પણ તેઓ પ્રવીણ હતા. શિલ્પકામ સારું જાણતા. ધોળેરા મંદિરમાં ઠાકોરજીના બારસાખ અને ઘુંમટીઓની કમાનો એમની ઉત્તમ કારીગરીનો નમૂનો છે. બીજાં પણ ઘણાં નાનાં-મોટાં કામો એમના કલાત્મક હાથે થયાં છે. ગઢડામાં અક્ષર ઓરડી પણ એમણે જ બનાવેલી. એમનું ચિરઃસ્મરણીય સર્જન એટલે વરતાલમાં ફૂલદોલના સમૈયામાં બનાવેલો, નકશીકામથી ભરપૂર બાર બારણાંનો હિંડોળો – જેમાં શ્રીહરિએ બારેય બારણે જુદું જુદું સ્વરૂપ ધારી સૌને અલૌકિક દર્શન આપ્યાં હતાં.

ધોળેરાનું પાણી સ્વામીને માફક નહોતું આવતું અને શરીરે ગરમી ફૂટી નીકળતી. જો કે પોતે ખાવા-પીવામાં ખૂબ સંયમી એટલે રોટલો ને છાશ જ જમતા. પણ તેમને ગરમીનો રોગ ઓછો થતો નહીં. તેમનું આ દુઃખ જોઈ મંદિરના સર્વ સંતો તથા હરિભક્તોએ શ્રીજીમહારાજને પ્રાર્થના રૂપે ધૂન શરૂ કરી. તેમણે આ જાણ્યું તેથી સૌને બોલાવીને કહ્યું કે 'મારે મારું પ્રારબ્ધ તો ભોગવવું જ પડે. જો હું દુઃખ નહીં ભોગવું અને પ્રારબ્ધ પૂરું નહીં કરું તો મારે ફરી જન્મ ધરવો પડશે. મારું દુઃખ તો તમે લઈ શકો એમ નથી. વળી, દેહનાં દુઃખ સારુ તો શ્રીજીમહારાજને ક્યારેય પ્રાર્થના કરાય જ નહીં. માટે તમે જો મારું હિત ઇચ્છતા હો તો આ પ્રાર્થના બંધ કરી, શ્રીજીમહારાજની ઇચ્છાથી જે થાય તે મને ભોગવવા દો.'

એમની આવી આત્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાથી સૌ અચરજ પામ્યા.

સંવત ૧૯૦૪માં ૮૨ વર્ષની વયે ધોળેરા મંદિરમાં જ સ્વામીએ દેહ-ત્યાગ કર્યો અને અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા.

ઘણી મોટી ઉંમરે ત્યાગી થયેલા નિષ્કુળાનંદ સ્વામીએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો ન હતો, પણ પ્રાકૃત ભાષાના વિશાળ જ્ઞાનથી અને શાસ્ત્રોના બહોળા અનુભવથી એમણે સત્સંગને ગુજરાતી ભાષામાં અમૂલ્ય સાહિત્ય ભેટ આપ્યું, જે કેવળ શ્રીજીમહારાજની કૃપાનું ફળ ગણાય. જીવનના અંતિમ સમય સુધી પણ એમણે સાહિત્ય રચવાનું ચાલુ રાખ્યું હતું. એમના સાહિત્યમાં સમાજમાં રૂઢ થયેલાં દૃષ્ટાંતો ને પ્રયોગોનો સચોટ ઉપયોગ થયેલો છે, સાથે અર્થસભરતા અને પદલાલિત્ય પણ એકધારું જળવાઈ રહે છે. ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, નિયમ અને વિવિધ ઉપદેશ સંબંધી એમનાં ગ્રંથો અને કાવ્યો સંપ્રદાયના સાહિત્યમાં ગૌરવરૂપ છે. શ્રીજીમહારાજની હયાતીમાં જ રચાયેલો શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનો ગ્રંથ 'ભક્તચિંતામણિ' આજે ઘેર ઘેર ગવાય છે.

એમણે નાના-મોટા ૨૩ ગ્રંથો રચ્યા છે. જેમાંથી મુખ્ય ગ્રંથો (૧) ભક્ત-ચિંતામણિ, (૨) યમદંડ, (૩) સારસિદ્ધિ, (૪) વચનવિધિ, (૫) હરિબળગીતા, (૬) ધીરજાખ્યાન, (૭) સ્નેહગીતા, (૮) પુરુષોત્તમ પ્રકાશ, (૯) ભક્તિનિધિ, (૧૦) ચોસઠ પદી વગેરે છે.

આ બધાં પદ્યસાહિત્યમાં, સરળ ગુજરાતી ભાષામાં, શાસ્ત્રનાં સુંદર

દૃષ્ટાંતો આપી એમણે દરેક વિષયની આબેહૂબ છણાવટ કરી છે. ખાસ કરીને એમનાં પદોમાં ભગવાનના અખંડ ધારક – પરમ એકાંતિક – સાચા સંતનાં લક્ષણો અને મહિમા અદ્‌ભુત રીતે આલેખવામાં આવ્યા છે. શ્રીજીના હૃદ્‌ગત અભિપ્રાયને જાણનારા અને ગુણાતીતાનંદ સ્વામીના સખા આ સંતવર્ય સંત-અસંતની સાચી સૂઝ (ખાસ કરીને ચોસઠ પદીમાં) અને સંત દ્વારા કલ્યાણની તત્ત્વદૃષ્ટિ સત્સંગ-સમાજને આપી છે. આ ઉપરાંત, એમનાં રચેલાં કીર્તનોનો સંગ્રહ પણ સારો છે.

## કીર્તન પ્રસાદી

### રાગ-કાફી : પદ-૧

સંત વિના રે સાચી કોણ કહે, સાચા સુખની વાત,
દયા રહી છે જેના દિલમાં, નથી ઘટમાં ઘાટ... સંત.
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતની સાથ,
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ... સંત.
જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટવા ઈયળનું અંગ,
તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ... સંત.
જાણો સંત સગા છે સહુના, જીવ જરૂર જાણ,
નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નિર્વાણ... સંત.

### પદ-૨

અનુપ સંતને આપું ઉપમા, એવું નથી જો એક,
જોઈ જોઈ જોયું મેં જીવમાં, કરી ઊંડો વિવેક... અનુ.
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, શોધે નાવે સંતને તોલ,
દીઠાં સુણ્યાં તે દોષે ભર્યાં, સંત અતિ અમળ અમોલ... અનુ.
સાતે દૃષ્ટાંતે સહુ સૂચવી, કહે કવિજન કોય,
સરે સાર તેમાં શોધતાં, સંત સમ નહીં સોય... અનુ.
જેવા એ સંત કહીએ શિરોમણી, તેવા હરિ સહુ શિરમોડ,
નિષ્કુળાનંદ નિહાળતાં, ન જડે એ બેની જોડ... અનુ.

### પદ-૩

સુખી કર્યા રે જન જક્તમાં, પ્રભુ પ્રગટી આ વાર,

નિવાસી કર્યાં બ્રહ્મમો'લનાં, અગણિત નરનાર... સુખી.
જે સુખ અગમ અજ ઈશને, સુર સુરેશને સોય,
તે સુખ દીધું છે દાસને, જે સુખ ન પામે કોય... સુખી.
ધામી વિના રે એહ ધામનું, કોણ સુખનું દેનાર,
માટે આપે આવી આપિયું, અખંડ સુખ અપાર... સુખી.
એહ સુખથી જે સુખિયા થયા, રહ્યાં દુઃખ તેથી દૂર,
નિષ્કુળાનંદ નિર્ભય થઈ, રહ્યા હરિને હજૂર... સુખી.

**પદ-૪**

ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ,
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ... ભાગ્ય.
અનાથપણાનું મે'ણું ઊતર્યું, સદા થયા સનાથ,
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ... ભાગ્ય.
કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ,
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ... ભાગ્ય.
અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત,
પાંપળાં સર્વે પરાં પળ્યાં, મળ્યા શ્રીહરિ સાક્ષાત્... ભાગ્ય.
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ,
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ... ભાગ્ય.
ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર,
સુખ તણી સીમા શી કહું, મને મોદ અપાર... ભાગ્ય.
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય,
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય... ભાગ્ય.
આજ અમૃતની હેલી થઈ, રહી નહીં કાંઈ ખોટ,
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ... ભાગ્ય.
રાંકપણું તો રહ્યું નહીં, કોઈ મ કે'શો કંગાલ,
નિરધનિયાં તો અમે નથી, મહા મળ્યો છે માલ... ભાગ્ય.
કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ,
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ... ભાગ્ય.
ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ,
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ... ભાગ્ય.

# આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ

આ આચાર્ય ભગવાન સ્વામિનારાયણના નાનાભાઈ શ્રી ઈચ્છારામ પાંડેના ચોથા પુત્ર હતા. એમનો જન્મ સંવત ૧૮૬૮ના ફાગણ વદી ચોથને દિવસે ઉત્તર પ્રદેશના આમલીઆ ગામમાં થયો હતો. બાળપણથી જ એમનામાં સાત્ત્વિક વૃત્તિ વિશેષ જણાતી હતી.

વિ.સં. ૧૮૮૦માં ૧૨ વર્ષની ઉંમરે ધર્મકુળ સાથે તેમનું શ્રીજીમહારાજ સાથે પ્રથમ મિલન થયું હતું.

શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં એમનામાં રહેલા દૈવી ગુણોનો અધિક વિકાસ થયો. શ્રીજીમહારાજને વિષે એમને અનન્ય ભક્તિભાવ હતો. તેમનામાં સાદાઈ ઘણી હતી. પૂજાવિધિમાં પણ કિંમતી સામગ્રી કરતાં અંતરના ભાવને તેઓ વધુ મહત્ત્વ આપતા. ખૂબ ગદ્ગદ ભાવથી પોતે પૂજાવિધિ કરતા. દરેક ધર્મકાર્યમાં પોતે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની સલાહ લેતા અને એમના અક્ષરવાસ પછી એમની આજ્ઞાથી, અક્ષરબ્રહ્મ સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને પૂછતા. મર્યાદા પાળવાનું એમને ખૂબ તાન હતું.

તેમનામાં સેવાભાવના પણ ઉત્તમ હતી. એક વખત એક સંતને તાવ આવતો હતો. લગભગ પાંચ દિવસના તેમને ઉપવાસ થયા હશે. પછી તેમને ખાવાની રુચિ થઈ એટલે સેવકને કંઈ કરી લાવવા આજ્ઞા કરી. રાતનો સમય હતો અને લોટ વગેરે સાધન હાજર ન હતાં. તેથી તે સેવકે વિચાર કર્યો કે આચાર્ય મહારાજના રસોડે જાઉં. એટલે તે આચાર્ય મહારાજ પાસે આવ્યા અને માંદા સંતની વાત કરી. તેઓએ અત્યંત સહાનુભૂતિથી તે સેવકને કહ્યું કે 'અત્યારે તમે બીજાં સાધન વગર એકલા લોટથી શું કરશો ? માટે હું જ તમને સરસ મજાનો રોટલો તૈયાર કરી આપું.' એમ કહી પોતે અબોટિયું પહેરી, જાતે ચૂલો સળગાવી, માંદાને ભાવે એવો, સહેજ મીઠું, જીરું નાખીને રોટલો બનાવી દીધો અને માંદા સંતને જમાડ્યા. આવું બીજા આચાર્યથી કદી બને નહીં !

વરતાલમાં રામનવમીના સમૈયા ઉપર ઘણા સંતો આવ્યા હતા. તેમાં ગઢડાથી આવેલા એક સંતને પેટમાં અચાનક દુખાવો ઊપડ્યો. ચૂંક આવવા



આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજ

લાગી. આચાર્ય મહારાજને આ વાતની ખબર પડી, એટલે પોતે બે પાર્ષદોને લઈને તે સંતને આસને ગયા. પછી તે સંતને પેટમાં જ્યાં આગળ વધારે દુખતું હતું ત્યાં એમણે સ્પર્શ કર્યો કે તરત જ તેમને શાંતિ થઈ ગઈ. આમ, શ્રીજીમહારાજના પ્રતાપે આચાર્ય મહારાજે સંતનું દુઃખ ટાળ્યું.

મોટા મોટા સદ્‌ગુરુઓ પણ એમનો બહુ મહિમા સમજતા. એક પ્રસંગે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ રઘુવીરજી મહારાજ સાથે સુરત પધાર્યા. અહીં રહેતા પારસી અરદેશરજીને સંતોનો મહિમા, પણ આચાર્ય મહારાજનો ખાસ મહિમા નહીં. એથી સંતોએ વિચાર્યું કે ‘અરદેશરજી મોટા હરિભક્ત છે, તેમને રઘુવીરજી મહારાજનો મહિમા સમજાય તો સારું.’

ત્યાં એવું બન્યું કે ગોપાળાનંદ સ્વામીએ સાધુ કેશવજીવનદાસજીને સમાધિ કરાવી. અરદેશરજીએ સાધુની નાડી જોઈ પણ તે ચાલતી ન હતી. એવી રીતે ત્રણ દિવસ થયા. એટલે અરદેશરજીએ સ્વામીને કહ્યું કે ‘હવે સાધુને સમાધિમાંથી જાગ્રત કરો.’

ત્યારે સ્વામી કહે કે ‘તમે રઘુવીરજી મહારાજને કહો, તે જગાડશે.’

આચાર્ય મહારાજ સભામાં પધાર્યા એટલે અરદેશરજીએ તેમને વિનંતી કરી. તેથી તેમણે તે સાધુને નામ લઈને બોલાવ્યા કે તરત તેઓ જાગ્રત થઈ ગયા. પછી તે સાધુએ વાત કરી કે ‘હું તો સમાધિમાં ગયો હતો અને શ્રીજીમહારાજે સૌને ‘જય સ્વામિનારાયણ’ કહ્યા ત્યાં રઘુવીરજી મહારાજે મને જગાડ્યો.’

આથી, અરદેશરજીને પણ રઘુવીરજી મહારાજનો ઘણો મહિમા સમજાયો.

આવા ઐશ્વર્યસંપન્ન હોવા છતાં એમની પ્રકૃતિ નમ્ર હતી. સૌ પ્રત્યે ક્ષમાવૃત્તિ રાખતા.

એક વાર મહેળાવમાં સંતમંડળ ગયેલું અને શ્રીજીમહારાજના મહિમાનું કીર્તન ગાતું હતું :

*‘મતપંથને માથે મેખ મારી, લીધા જન છોડવી જો,*
*મુંડ્યા કંઈક ગુરુ ભેખ, પાડ્યા મહંત ને ગોડવી જો.... રાજે ગઢપુર.’*

મંદિરની બાજુમાં આવેલી હવેલીમાં ગુંસાઈએ આ પદ સાંભળ્યું. ઘણા વખતની રીસ ભેગી થયેલી, તેથી હલ્લો લઈ તે મંદિરમાં આવ્યો. જુવાનિયા સાધુઓ તો આઘાપાછા થઈ ગયા પણ એક ઘરડા સાધુ બેસી રહ્યા. તેમને

સૌએ માર્યા, તે એટલી હદ સુધી કે તે સાધુનો દેહ ત્યાં ને ત્યાં જ પડી ગયો.

આ વાતની વરતાલમાં ખબર પડી એટલે કોઈકે સો બંદૂકધારી પાર્ષદોને મહેળાવ જઈ, તે ગુંસાઈની ખબર લઈ લેવા આજ્ઞા કરી. પણ રઘુવીરજી મહારાજને ખબર પડી એટલે એમણે સૌને વાર્યા કે 'આપણે વેર લેવું નથી, શ્રીજીમહારાજ સારું કરશે.'

આ બાજુ એક સાધુ મરી ગયા એટલે વાત સરકાર સુધી પહોંચી અને ગુંસાઈને સજા થવાની તૈયારી થઈ. પછી બધા વૈષ્ણવો ભેળા થઈ રઘુવીરજી મહારાજ પાસે આવ્યા, માફી માગી અને ગુંસાઈને છોડાવવા વિનંતી કરી. તરત આચાર્ય મહારાજે ફરિયાદ પાછી ખેંચાવી ગુંસાઈને સજામાંથી બચાવી લીધા.

આવા આચાર્યપ્રવર રઘુવીરજી મહારાજ ઘણા નિઃસ્પૃહી હતા. પોતાની સંપત્તિ સત્સંગને અર્થે વાપરતા અને સત્સંગ વધારતા. સંવત ૧૯૧૧ના હરિજયંતીના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા ત્યારે આચાર્ય મહારાજે કહ્યું : 'આ વખતે પધરામણીની ભેટ ઠીક આવી છે. માટે સત્સંગિજીવનની કથા કરાવીએ અને સાડા ચાર મહિના સાધુ-હરિભક્તોનું તમામ ખોરાકી ખર્ચ મારે આપવું.'

આ સાંભળી સ્વામી રાજી થયા અને બોલ્યા : 'બહુ સારું, આપનો એ જ ધર્મ છે. આપને ધન ભેગું કરીને બીજો શો ઉપયોગ કરવાનો હતો ? આપનો ધર્મ – સત્સંગ વધારવો, સાચવવો અને તેની પુષ્ટિ કરવી – એ જ છે.'

આ પ્રસંગે સ્વામી જૂનાગઢ થઈ પાછા વરતાલ પધાર્યા. સમૂહ ઘણો ભેગો થવાનો હતો અને ગોમતીમાં પાણી હતું નહીં. એટલે આચાર્ય મહારાજે સ્વામીને પ્રાર્થના કરી : 'સ્વામી ! તમો ઇચ્છા કરો તો વરસાદ થાય ને ગોમતી ભરાય.'

તે જ દિવસે બપોર પછી ઘણો વરસાદ થયો ને ગોમતી તળાવ પાણીથી છલોછલ ભરાઈ ગયું.

દેશોદેશથી મોટેરા સંત-હરિભક્તો આવ્યા હતા. સવારે મંગળા અને શણગાર આરતી વચ્ચે તથા સવારની કથા પછી આચાર્ય મહારાજની આજ્ઞાથી સ્વામી, શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની તથા વિષયખંડનની અને અક્ષરરૂપ થવાની અદ્‌ભુત વાતો કરતા.

આવી આકરી વાતોથી કેટલાય ઝાંખા પડી ગયા. એટલે તેમણે કથા

પછી શુકમુનિ વાતો કરે એવી ગોઠવણી કરી; પણ શુકમુનિના ઝીણા સાદથી અને શાસ્ત્રની સૂક્ષ્મ વાતોથી ઘણાને રસ પડ્યો નહીં. ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈ આચાર્યને કહ્યું કે 'સ્વામીને અહીં રાખ્યા છે તો વાતો કરાવો, નહીં તો જૂનાગઢ જવા દો.'

એટલે આચાર્ય મહારાજે સભામાં સૌને કહ્યું કે 'આ કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતું કરશે અને જેને ન સદે તે ગામડે ફરવા જાય.'

આમ, સ્વામીના સમાગમનો અલભ્ય લાભ લીધો અને સૌને અપાવ્યો.

કથાપ્રસંગમાં એક વાર રઘુવીરજી મહારાજે સ્વામીને પ્રશ્ન પૂછ્યો હતો કે 'અક્ષર કોણ ?'

ત્યારે સ્વામી કહે : 'જેની વાંસે ઝાઝા મનુષ્યો ખેંચાતા હોય; જેની વાતોથી જીવનું અજ્ઞાન દૂર થઈ બ્રહ્મભાવ પ્રગટ થતો હોય અને શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેવો તત્ત્વે સહિત નિશ્ચય થતો હોય તેને અક્ષર જાણવા.'

આ વખતે જ સ્વામીની પ્રેરણાથી રઘુવીરજી મહારાજે, શ્રીજીમહારાજનાં લીલાચરિત્ર અને સર્વોપરી મહિમાનો ગ્રંથ લખવા અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા કરી હતી. આ ગ્રંથ તે હરિલીલાકલ્પતરુ.

શ્રીજીમહારાજે તેમની અનેક વખત રક્ષા કરી હતી. એક વાર રઘુવીરજી મહારાજ વિચરણ કરતાં મહી કાંઠે પધાર્યા. અહીં નદીના પ્રવાહમાં સ્નાન કરવા ઊતર્યા. ત્યારે પ્રવાહનો વેગ ઘણો હોવાથી પોતે તણાવા લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે દિવ્યરૂપે દર્શન આપી હોડીનો પ્રબંધ કર્યો અને તેમને ઉગારી લીધા. આમ, શ્રીજીમહારાજ તેમની અખંડ રક્ષા કરતા.

એમનાં ધર્મપત્ની વિરજાદેવીને પણ શ્રીજીમહારાજને વિષે અનન્ય ભક્તિ હતી. તેઓ હંમેશાં શ્રીજીમહારાજની વાતો સાંભળવા સ્ત્રીઓની સભામાં જતાં. તેમને ભક્ત જાણી શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા પછી પણ દર્શન આપતા. એક વખત તેમણે નિત્ય-નિયમ પ્રમાણે થાળ તૈયાર કર્યો ત્યારે શ્રીજીમહારાજ જમવા પધાર્યા. શ્રીજીમહારાજ થાળ જમ્યા અને પછી ચળું કરી, જળપાન કરી, મુખવાસ લઈને અદૃશ્ય થઈ ગયા. ત્યારે વિરજાદેવીને સ્મૃતિ થઈ કે શ્રીજીમહારાજ તો અક્ષરધામમાં પધાર્યા છે, માટે આ તો દિવ્યરૂપે આવીને થાળ જમી ગયા.

નાની ઉંમરે વિરજાદેવીના અક્ષરવાસ પછી ઘણાએ રઘુવીરજી

મહારાજને ફરી લગ્ન કરવાં આગ્રહ કર્યો, પણ સ્વામીના સમાગમથી હવે અખંડ બ્રહ્મચર્ય પાળવાનું એમણે નક્કી કર્યું હતું. છતાં હૃદયમાં ગ્રંથિઓ તૂટે નહીં ત્યાં સુધી સુખ આવે નહીં. તેથી તેમના મનમાં મંથન ચાલતું હતું.

એવામાં એક વાર વિચરણમાં એમણે સિગરામમાં સ્વામીને સાથે બેસાર્યા અને એક પેંડો જમવા આપ્યો. ત્યારે સ્વામી બોલ્યા કે 'પાંચસો પરમહંસ ગળું ઝાલીને કહે છે કે 'ખાઈશ નહીં, ઝેર છે.'

આ સાંભળી રઘુવીરજી મહારાજે સ્વામીને પૂછ્યું કે 'આપ આવી રીતે વર્તો છો તો અમારા શા હાલ થશે ?'

સ્વામી કહે : 'ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી, તીર્થવાસી થઈને જૂનાગઢ આવો. જો હું તમારી ગ્રંથિઓ ગાળી ના નાખું તો હું ગુણાતીત નહીં !'

તેઓ વર્ષોવર્ષ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા. ઘણી વાર ગઢડા થઈને જૂનાગઢ જવામાં ગઢડાના સંતો ઇરાદાપૂર્વક આચાર્ય મહારાજને ગઢડા રોકી રાખતા. પછી જૂનાગઢમાં સ્વામી શ્રીજીમહારાજને પ્રાર્થના કરે એટલે સાક્ષાત્ શ્રીજીમહારાજ એમને દર્શન દઈ કહેતા કે 'જૂનાગઢ જલદી જાઓ, ત્યાં સ્વામી તમારી વાટ જુએ છે.'

એક વાર વિચરણમાં આચાર્ય મહારાજે સ્વામીને પૂછ્યું કે 'સ્વામી ! અંતરમાં ટાઢું કેમ થાય ?'

ત્યારે સ્વામી બોલ્યા કે 'ગાયનું વાછરું ગાયનાં આંચળે વળગે તો સુખ આવે; તેમ આ સત્સંગ, મૂર્તિઓ, શાસ્ત્રો, આચાર્ય વગેરે મહારાજનું શરીર છે; પણ મોટા એકાંતિક સંત છે તે ગાયનાં આંચળને ઠેકાણે છે. તે દ્વારે શ્રીજીમહારાજ અખંડ રહ્યા છે, માટે તેમને વળગે ત્યારે શ્રીજીમહારાજનું સુખ આવે.'

ત્યારપછી સંવત ૧૯૧૭માં ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી, પોતે તીર્થવાસી થઈને ફક્ત એક સેવકને લઈને સિગરામ અને બીજો રસાલો છોડી સીધા જૂનાગઢ પહોંચ્યા.

પોતે સવારમાં મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં આવી જતા. શણગાર આરતી પછી ઉતારે આવી ખીચડી અથવા બાટી ને મગની દાળ ઝટ ઝટ તૈયાર કરી કથામાં બેસી જતા. રાજભોગ વખતે જમવા પધારતા.

વળી, બપોરે પણ આરામ છોડી કથા સાંભળતા. આળસ, નિદ્રા, રસાસ્વાદ વગેરેનો ત્યાગ કરી, શ્રદ્ધાપૂર્વક, નિર્માનીપણે સ્વામીનો સમાગમ કર્યો અને સ્વામીએ એમની ગ્રંથિઓ ગાળી ગુણાતીત કરી દીધા.

તેથી સ્વામી કહેતા કે 'આખા વરતાલમાં એક રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો.' કારણ, 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' – એવી એમને દૃઢ નિષ્ઠા હતી.

આમ, છતી દેહે અક્ષરધામનું સુખ પ્રાપ્ત કરી, સંવત ૧૯૧૯ના મહા સુદ બીજને દિવસે તેઓ દેહત્યાગ કરી અક્ષરનિવાસી થયા.

એમણે દેહ મૂક્યો ત્યારે સ્વામીને શરીરે તાવ આવી ગયો હતો, એવું સ્વામીને પણ એમને વિષે અપાર હેત હતું.

સ્વામી ઘણી વાર બોલતા કે 'રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય અને ગય રાજા જેવો એક રાજા થાય તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દસ કરોડ ભજે.' અને શ્રીજીમહારાજ પણ કહેતા : 'ધર્મકુળમાં રઘુવીરજી જેવો કોઈ નથી.' એમની રહેણી કે સ્થિતિ ક્યાંય જોવા ન મળે અને ત્યાગની છટા પણ શ્રીજીમહારાજના જેવી જ હતી.

એમણે લગભગ સાડત્રીસ વર્ષ આચાર્યપદ શોભાવ્યું. પોતાને પુત્ર ન હતો તેથી ઉત્તરાધિકારી તરીકે પોતાના ભાઈ બદરીનાથના પુત્ર ભગવત્પ્રસાદજી મહારાજને દત્તક લઈ પોતાની ગાદીના ઉત્તરાધિકારી બનાવ્યા.

તેઓ સાહિત્યપ્રેમી હતા અને એમણે નીચેના ગ્રંથો રચાવ્યા : (૧) શ્રીહરિલીલાકલ્પતરુ, (૨) સર્વમંગલસ્તોત્રની વ્યાખ્યા, (૩) શિક્ષાપત્રી ભાષ્ય અને (૪) જનમંગલ સ્તોત્રની વ્યાખ્યા.

એમના વરદ હસ્તે નીચેનાં મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠાઓ થઈ :

વરતાલમાં દ્વારિકાધિશ; ગઢડામાં હરિકૃષ્ણ મહારાજ ને રેવતી-બળદેવ; જૂનાગઢ, ધોળેરા અને ખંભાતમાં હરિકૃષ્ણ મહારાજ; સુરતમાં નારાયણમુનિ અને રાધાકૃષ્ણ; મુંબઈમાં હરિકૃષ્ણ મહારાજ અને ગોલોકવિહારી; તેમજ ભરૂચ, માણાવદર, ઊના, બુરાનપુર વગેરે ગામોમાં પણ એમના હસ્તે પ્રતિષ્ઠા થઈ છે.

સ્વધર્મયુક્ત રહી, સંપ્રદાયનો અનેકવિધ ઉત્કર્ષ કરી, રઘુવીરજી મહારાજે પોતાના ભક્તપદને સાર્થક કર્યું છે.



ભક્તરાજ કુશળકુંવરબા

# ભક્તરાજ કુશળકુંવરબા

'...અને રૂક્ષ્મણિનું ભગવાન જે તે હરણ કરતા હવા...' – ભાગવતની કથા કરતાં પુરાણી જ્યારે આ શબ્દો બોલ્યા ત્યારે એકાગ્રચિત્તે કથાનું શ્રવણ કરતી ચતુર રાણીના કાન ચમક્યા અને અંતરનો સાદ સંભળાયો કે આવી રીતે જો ભગવાન પ્રત્યક્ષ મળે તો જ કલ્યાણ થાય.

આ મનની વાત રાણીએ પુરાણીને પણ કહી : 'ભૂદેવ મહારાજ ! આ તમે કથા કરે રાખો અને હું સાંભળે રાખું એમાં આપણો ભલીવાર નહીં વળે. એ તો જેમ રૂક્ષ્મણિજીનું કાંડું ભગવાને પકડ્યું તેમ આપણું કાંડું પ્રગટ ભગવાન પકડશે તો જ આપણો ઉદ્ધાર થશે...'

પોથીમાંથી માથું ઊંચું કરી, ડોકું ધુણાવી બ્રાહ્મણે પણ હા ભણી.

આ રાણી તે ધર્મપુરનાં કુશળકુંવરબા.

ગુજરાતની ચારુભૂમિ ચરોતરમાં ધર્મજ ગામમાં, મહીડા રજપૂત કેસરીસિંહને બે સંતાન હતાં : કુમાર ઉમેદસિંહ અને કુંવરી કુશળકુંવર. બાળપણથી જ પુત્રીમાં ધર્માચરણની વૃત્તિ હતી. દેવસેવા અને ભજન-ભક્તિ કુશળકુંવરના જીવ સાથે વણાયેલાં હતાં. ઉંમરલાયક થતાં પુત્રીને પિતાએ, ધર્મપુરના સૂર્યવંશી સિસોદિયા કુળના, સોમદેવ નામના રાજકુમાર સાથે પુષ્કળ દાયજો આપીને પરણાવી. એમને રૂપદેવજી નામે કુમાર થયો અને રૂપદેવજીને ત્યાં વિજયદેવજીનો જન્મ થયો. સોમદેવ અને રૂપદેવ બંને પિતા-પુત્ર અકાળે અવસાન પામ્યા, તેથી રાજ્યની જવાબદારી રાજમાતા કુશળકુંવરબા ઉપર આવી પડી. ભગવત્પરાયણ રાણીએ આ માયિક ઉપાધિથી દૂર રહેવા, નાની ઉંમરના પૌત્ર વિજયદેવને ગાદીએ બેસાડ્યો અને તેને રાજવીને યોગ્ય કેળવણી આપવાનો બંદોબસ્ત કર્યો. પોતે પણ નછૂટકે આઠ દિવસે એક વાર રાજ્યકારભારની ખબર રાખતાં.

ભગવદ્ભક્તિ અને કથાશ્રવણમાં જ રાણીનો સમય બહુધા વ્યતીત થતો. અંતઃપુરમાં રોજ બ્રાહ્મણ આવતો અને ભાગવતની કથા સંભળાવતો. રાણી એકચિત્તે કથા સાંભળતી ત્યારે બ્રાહ્મણ સાથે રાણીને ઉપર પ્રમાણે

વાર્તાલાપ થયો. આ પ્રસંગ પછી રાણીની વૃત્તિ ભગવત્પ્રાપ્તિ માટે વિશેષ ઝંખવા લાગી.

આ સિવાય રાણીને બીજા પણ બે નિયમો હતા : બ્રાહ્મણો પાસે ચોખ્ખું અન્ન રંધાવી હંમેશાં શિરા-પૂરીનું સદાવ્રત દેવું અને સાયંકાળે ધર્મશાળામાં ઊતરેલા બાવા-વૈરાગીઓ અને તીર્થવાસીઓનો ચરણસ્પર્શ કરવો.

એવામાં ભગવાનની ઈચ્છાથી જ એક સમયે શ્રીજીમહારાજના પરમહંસ પરમચૈતન્યાનંદ સ્વામી એકડમલ બનીને ફરતાં ફરતાં ધર્મપુર આવી પહોંચ્યા. બપોરે શિરા-પૂરીનું સદાવ્રત જમીને તેઓ ધર્મશાળાના ખૂણામાં બેઠા હતા. રોજના નિયમ પ્રમાણે સાંજે કુશળકુંવરબા ધર્મશાળામાં આવ્યાં અને તીર્થવાસીઓનાં ચરણસ્પર્શ કરતાં કરતાં જ્યાં સ્વામી પાસે આવ્યાં ત્યાં તેઓ એકદમ ચમક્યા. પગ દૂર ખસેડી બોલ્યા : 'અમે બાઈઓથી દૂર રહીએ છીએ, અમારે પગે અડશો નહીં.'

અવગણના થવા છતાં શ્રદ્ધાળુ બાઈએ જિજ્ઞાસાથી પૂછ્યું : 'આપ કોણ છો ?'

'અમે સ્વામિનારાયણના સાધુ છીએ ?'

'એ સ્વામિનારાયણ કોણ છે ?'

'એ તો પ્રગટ ભગવાનનો અવતાર છે ?' સ્વામીએ નીચી દૃષ્ટિએ જવાબ આપ્યો.

આ શબ્દો સાંભળતાંની સાથે જ કુશળકુંવરબાના હૃદયમાં ઝબકારો થયો. જાહેરમાં વિશેષ વાર્તાલાપની મર્યાદા સાચવવા રાણીએ સ્વામીને વળતે દિવસે મહેલમાં પધારવા આમંત્રણ આપ્યું. બીજે દિવસે સવારે બોલાવવા આવેલા રાજ્યના માણસ સાથે સ્વામી મહેલમાં ગયા અને કુશળ-કુંવરબાને શ્રીજીમહારાજના સ્વરૂપની અને મહિમાની અદ્ભુત વાતો કરી. પૂર્વના બીજબળથી રાણીને શ્રીહરિના સ્વરૂપમાં પ્રતીતિ થઈ આવી. પરમ-ચૈતન્યાનંદ સ્વામીને બંગલામાં ઉતારો આપ્યો. બાઈ રોજ નવીન થાળ ભાવથી સ્વામીને માટે મોકલતાં. સત્સંગ અને મહિમાની સબીજ વાતો સ્વામી હંમેશાં તેને કરતા. રોજ સાંજે રાજકુમાર વિજયદેવજી સ્વામીને હાથી ઉપર બેસાડી ગામ બહાર હનુમાનગઢીએ દર્શન કરવા લઈ જતા.

આ વાત શ્રીજીમહારાજે ગઢડામાં જાણી, એટલે શ્રીજીમહારાજે બે

સંતોને આજ્ઞા કરી કે 'પરમચૈતન્યાનંદ સ્વામી ધર્મપુરમાં છે, માટે તેમને બોલાવી લાવો.'

સંતો ઘણું કષ્ટ વેઠી ધર્મપુર પહોંચ્યા. સ્વામીને મળ્યા ને શ્રીજી-મહારાજનો સંદેશો આપ્યો, પણ સ્વામીએ નામરજી બતાવી. સંતોએ ગઢડે આવી શ્રીજીમહારાજને વાત કરી, એટલે શ્રીજીમહારાજ કહે કે 'હાથી ખૂંત્યો, તે હાથી જાય ત્યારે જ નીકળે.'

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા ને આજ્ઞા કરી કે 'બાઈ વાતો સાંભળવાનું કહે તો વચમાં પડદો બંધાવીને એક કલાક વાતો કરજો.'

મુક્તાનંદ સ્વામી પચીસ સાધુનું મંડળ લઈ ભાવનગરથી વહાણમાં બેસી વલસાડને ખાળે ઊતર્યા ને ત્યાંથી ધર્મપુર સાંજના ચાર વાગે આવી પહોંચ્યા. તે વખતે પરમચૈતન્યાનંદ સ્વામી કુંવર ભેગા હાથીએ બેસી હનુમાનગઢીએ જતા હતા. મુક્તાનંદ સ્વામીને જોઈને હાથી ઊભો રખાવ્યો અને તેઓ એકદમ નીચે ઊતરી પડ્યા. સ્વામીને દંડવત્પ્રણામ કરી દરબારગઢમાં લઈ ગયા. કુશળકુંવરબાને સંદેશો મોકલ્યો કે 'મારા ગુરુ મુક્તાનંદ સ્વામી આવ્યા છે.' રાણીએ તેમને માટે પણ થાળ મોકલ્યો.

રાણીએ વાતો સાંભળવાની ઇચ્છા દર્શાવી એટલે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે 'મને શ્રીજીમહારાજે એક કલાક વાતો કરવાનું કહ્યું છે, માટે આડો પડદો બાંધો અને ઘડિયાળની શીશી મૂકો.'

આમ, ઘણી વાતો સાંભળ્યા પછી બાઈએ મુક્તાનંદ સ્વામીને કહી મોકલ્યું કે 'શ્રીજીમહારાજનાં દર્શન કરવાં છે, તો ગમે એમ કરીને બોલાવો.'

સ્વામીએ સામું કહી મોકલ્યું કે 'તમારા ગુરુ પરમચૈતન્યાનંદ સ્વામીને આમંત્રણનો પત્ર લઈને મોકલો, તો શ્રીજીમહારાજ જરૂર આવશે.'

કુશળકુંવરબાએ શ્રીજીમહારાજનો આવો મહિમા જાણી ખૂબ ભાવથી, ડાંગરનું એક એક ફોતરું હાથે ફોલીને ચોખાના અખંડ કણ તૈયાર કરેલા, તે ઉત્તમ ચોખા તથા આજીજીભર્યો આમંત્રણ પત્ર, પરમચૈતન્યાનંદ સ્વામી અને હરિભક્તો સાથે શ્રીજીમહારાજ ઉપર મોકલ્યા.

ગઢડામાં કાર્તિકી પૂનમનો સમૈયો કરી, સંવત ૧૮૭૨માં શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામી અને સંત-હરિભક્તોનો સંઘ લઈ વરતાલ, બોચાસણ

થઈને મહી, નર્મદા, તાપી નદી ઊતરીને સુરત થઈ ધર્મપુર પધાર્યા.

મહારાજના આગમનના સમાચાર સાંભળી વિજયદેવ શણગારેલ હાથી, ઘોડા, રથ, પાલખીઓનું સૈન્ય લઈને એક ગાઉ સામે ગયા. કુંવર શ્રીજીમહારાજના પગમાં પડી ગયા. પછી શ્રીજીમહારાજને હાથી ઉપર પધરાવ્યા. સંતોને રથ તથા પાલખીમાં બેસાર્યા ને ધામધૂમથી નગરમાં લાવ્યા. શ્રીજીમહારાજને હવેલીમાં ઉતારો આપ્યો. પોષ વદ દશમનો દિવસ હતો.

આજ ઘડી સુધી જેની ઝંખના કરતા હતા તે મનમોહન મૂર્તિ શ્રીહરિનાં દર્શન કરવાં કુશળકુંવરબા દોડતાં આવી પહોંચ્યાં અને એકદમ શ્રીહરિનાં ચરણમાં મસ્તક મૂકી ચરણકમળ પકડી લીધાં. દેહભાન ભૂલી ગયાં. આંખમાંથી આપોઆપ પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. તે વખતે શ્રીહરિએ તેમનું કાંડું ઝાલી ઊભાં કર્યાં. સચેતન થતાં કુશળકુંવરબાની વૃત્તિ શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં એકતાર થઈ ગઈ. ત્યારે એમણે શ્રીહરિને એ જ શબ્દો કહ્યાં કે 'જેવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને રૂક્ષ્મણિજીનું કાંડું પકડ્યું હતું તેમ આજ આપે મારું કાંડું પકડ્યું છે, એટલે મારું કલ્યાણ નિશ્ચિત થઈ જ ગયું છે.'

'તમે ઘણા જન્મથી મોક્ષને માટે યત્ન કરતાં હતાં. અમદાવાદ પાસે અડાલજની વાવ પણ તમે જ બંધાવી હતી. તો આજે યોગ થઈ ગયો.' શ્રીહરિએ સાંત્વન આપતાં વહાલથી કહ્યું.

દર્શનનું આવું અદ્ભુત સુખ કેમ જતું કરાય ? એ લોભે કુશળકુંવરબાએ શ્રીજીમહારાજને ત્યારે પ્રશ્ન પૂછ્યો : 'હે મહારાજ ! તમે લખ્યું કે અનિર્દેશથી લિખાવિંત સ્વામીશ્રી સાત સહજાનંદજી મહારાજ, તે અનિર્દેશ તે શું ?'

શ્રીજીમહારાજ રાણીનો ભાવ સમજી અલૌકિક દર્શન આપતાં બોલ્યા : 'આ તમારો દરબાર છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર તે અનિર્દેશ છે, ને પૃથ્વી નિર્દેશ છે ને જળ અનિર્દેશ છે.' એમ ઉત્તરોત્તર તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ, પ્રધાન અને પ્રકૃતિ સુધી સમજાવતાં કહ્યું : '...ને પ્રકૃતિપુરુષ નિર્દેશ છે ને એથી પર અક્ષરધામ અનિર્દેશ છે. ત્યાં રહીને અમે કાગળ લખાવીએ છીએ.' એટલી વાત કરી ત્યાં સુધી કુશળકુંવરબા શ્રીહરિની રસઘન મૂર્તિ એકચિત્તે હૃદયમાં ઉતારતાં નિર્નિમેષ નેત્રે જોઈ રહ્યાં.

આવો અલભ્ય લહાવો રખે ખૂંચવાઈ જશે તો ! એ દહેશતે, ભાવવિભોર બનેલાં રાણીએ શ્રીજીમહારાજને ગદ્ગદભાવે સ્તુતિ કરી, છ માસ સુધી

રોકાઈ જવા આગ્રહ કર્યો. વળી, કાઠિયાવાડથી અને બીજેથી સૌ ભક્તોને તેડાવવા વિનંતી કરી. શ્રીજીમહારાજ કહે કે 'કાઠિયાવાડના લોકો ભારે ભારે ઘોડા લાવે તેને રસ્તામાં ભરૂચનું દાણ લાગે; અને બીજા જે ભક્તો આવે તેને પણ રસ્તામાં ચોરનો ભય ઘણો છે.'

ત્યારે કુશળકુંવરબાઈએ આગ્રહ કરતાં કહ્યું કે 'અમે ભરૂચનું દાણ માફ કરાવીશું અને રસ્તામાં શૂરવીર શસ્ત્રધારી અસવારો ગોઠવી ચોકી કરાવીશું. પણ સૌને બોલાવો.'

તેમનો આવો અપાર ભાવ જોઈ શ્રીજીમહારાજે સૌને તેડાવવા પત્ર લખ્યા.

શ્રીજીમહારાજ અને સંતોને ભાતભાતનાં પકવાનના નિત્ય નવીન થાળ જમાડવાની ઉત્તમ સગવડ રાણીએ કરાવી હતી. છતાં પોતે જાતે પણ બધી દેખરેખ રાખતાં. એમને ખબર પડી કે સંતો શ્રીજીમહારાજનાં દર્શન-સમાગમનો લાભ લેવાની ઉતાવળમાં કાચી-પાકી રસોઈ બનાવી જમી લે છે ને માંદા પડે છે, એટલે તત્કાળ એમણે ચાર રસોઈયાનો પ્રબંધ કર્યો. વળી, સંતો પત્તરમાં પાણી નાખી જમતા, તે જોઈ તેમણે શ્રીજીમહારાજને વિનંતી કહી મોકલી કે 'સંતો પાત્રમાં પાણીની અંજલિ ન લે, કારણ અમારા દેશમાં તેમ કરવાથી અપચો થાય છે.' આવો હતો એમને શ્રીહરિના સંતો પ્રત્યે અનુરાગ !

વળી, પોતાના ઈષ્ટદેવ અને સંતો માટે ઉત્તમ એવા મેવા-મીઠાઈ પરગામથી મંગાવતાં. શેરડીનાં ગાડાં અને તાજા ગોળનાં ભીલાં પણ સંતોને માટે મોકલતાં. દૂધ, દહીં, ઘી, ખાંડ અને સાકરની પણ રેલમછેલ કરી દીધી હતી. કુશળકુંવરબાની સર્વ ઊર્મિઓનો પ્રવાહ હવે એક જ તરફ ઢળ્યો હતો કે શ્રીજીમહારાજ કેમ રાજી થાય ? એમને માટે પદાર્થની કોઈ કમી નહોતી. સાથે તેમના ભક્તિભાવને પણ અવધિ નહોતી.

રાણીની ઇચ્છાથી વિજયદેવે ભારે ઠાઠથી પુરમાં શ્રીજીમહારાજની સવારી કાઢી, નગરજનોને દર્શનનો યોગ કરાવ્યો. હનુમાનગઢીએ શ્રીજી-મહારાજ અને સંતોને પધરાવ્યા. અહીં કુંવરે અશ્વવિદ્યાના સુંદર દાવો શ્રીજી-મહારાજની આગળ મુજરારૂપે રજૂ કર્યા. શ્રીજીમહારાજે રાજી થઈ તેને આશીર્વાદ આપ્યા.

પછી તો સંતોનાં મંડળો તથા સુરત શહેરના પ્રેમી હરિભક્તો અને

ઠેઠ ગઢપુરથી જીવુબા વગેરે બાઈઓ આવી પહોંચ્યાં. શ્રીજીમહારાજે કુશળ-કુંવરબાને આજ્ઞા કરી કે ‘જીવુબાનો ઉતારો તમારી સાથે રાખો અને હંમેશાં તેમનો સમાગમ કરો.’

શ્રીહરિ પણ સૌ સંતો-હરિભક્તોને દર્શન-સમાગમનું સુખ આપતા. સંતો પણ અખંડ કથાવાર્તા કરતા. શ્રીહરિ સૌને નિત્ય નવીન ભોજન પંક્તિમાં પીરસતા. વળી, નદીએ સૌની સાથે સ્નાન કરવા જતા. પુરમાં અનેક નવા મુમુક્ષુઓને ત્યાં પધરામણી કરતા. બાજુમાં વાંસદા ગામમાં પણ ત્યાંના રાજા રાયસિંહને ત્યાં પધરામણી કરી અને કૃપાપ્રસાદરૂપે પોતાનાં ચરણારવિંદની છાપ પાડી આપી.

એવામાં વસંત પંચમીનું પર્વ આવ્યું. આ ઉત્સવમાં પણ શ્રીહરિએ અહીં રંગોત્સવ કર્યો. તે વખતે બસો જેટલા ભીલ શ્રીહરિનાં દર્શને આવ્યા. રાણીએ કહેવરાવ્યું કે ‘સૌને શ્રીહરિ વર્તમાન ધરાવે.’

એટલે શ્રીહરિએ રંગની કૂંડીમાંથી તાંસળી ભરીને રંગ બધા ભીલ ઉપર ઉડાડ્યો અને બોલ્યા કે ‘આ રંગના છાંટા જેને અડ્યા એનાં કલ્યાણ.’

પછી કુશળકુંવરબાની આજ્ઞાથી કુંવર વિજયદેવે ભારેભારે વસ્ત્રાલંકારો ધરાવી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રીહરિનું પ્રત્યેક અંગ કિંમતી અલંકારોથી મઢી દીધું. આરતી ઉતારી. એ વખતે રાણીએ શ્રીહરિને વિનંતી કરી કે ‘હે મહારાજ ! આ રાજ્ય, ધનના ભંડાર બધું આપનું છે. આપ અહીં અખંડ રહો. મોટા મોટા જગન કરો. આપની ઇચ્છા પ્રમાણે ધન વાપરો. અમે તો માત્ર એમાં શેર અન્ન પૂરતાં જ ભાગીદાર રહીશું. આપની દાસભાવે સેવા કરીશું.’ એ પ્રકારે ઘણી પ્રાર્થના કરી.

ત્યારે શ્રીહરિ રાજી થઈ બોલ્યા કે ‘અમે આ લોકમાં રાજ્ય કરવા નથી આવ્યા. અમારે તો અનેક જીવનાં કલ્યાણ કરવાં છે ને તમે પણ રાજ્યની વાસના ન રાખશો, નહીં તો બીજો જન્મ લેવો પડશે.’

આથી, ફરી રાણીએ પ્રાર્થના કરી કે ‘મહારાજ ! હું તો આપની આવવાની વાટ જોઈ રહી હતી, હવે મને નિર્વાસનિક કરી આપના ધામમાં લઈ જાઓ.’

શ્રીજીમહારાજે ભેટમાં ધરાવેલી બધી સોનામહોરો રાજ્યના નોકરોને વહેંચી દીધી. પછી રાણીની ઇચ્છાથી અંતઃપુરમાં, શસ્ત્રાગારમાં એમ વિવિધ

ભવનોમાં પગલાં કર્યાં.

શ્રીહરિએ જવાની તૈયારી કરી. ફરીથી કુશળકુંવરબાએ શ્રીહરિને રોકાઈ જવા બહુ તાણ કરી. તેઓ બેબાકળાં બની ગયાં. ત્યારે શ્રીહરિએ ધીરજ આપી કહ્યું : ‘આ દાઢીવાળાને કચેરીમાં સામો બેસાડીને તેની સાથે વાતો કરો છો, તે તમને અંતકાળે દેખાશે. માટે તેની અને તમારી બેઠક નોખી રાખો ને તમારી બેઠકમાં અમારાં ચરણારવિંદ પધરાવીને તેમાં તમારી વૃત્તિ રાખો ને બે બાઈઓને પાસે રાખીને હંમેશાં તેની પાસે કથા વંચાવો ને સાંભળો.’ એમ કહી શ્રીહરિએ કૃપા કરીને પોતાનાં બંને ચરણારવિંદની છાપ ચંદનથી પાડી આપી.

કુશળકુંવરબાએ બે હાથ જોડી તે પ્રમાણે વર્તવા શ્રીહરિ પાસે કબૂલ કર્યું અને પોતાના કુંવર સાથે શ્રીહરિને હાથી ઉપર પધરાવી, એક ગાઉ સુધી વાજતે-ગાજતે વળાવવા ગયાં.

શ્રીહરિની વિદાય પછી કુશળકુંવરબાને આઘાત ઘણો લાગ્યો પણ ધીરજ રાખી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહેવા લાગ્યાં. વળી, શ્રીહરિનું જે જે સુખ લીધું હતું, બાવીસ વાર આરતી ઉતારી હતી, એટલી જ વાર વૃત્તિથી મળ્યાં હતાં એ બધું સંભારવા લાગ્યાં.

શ્રીહરિ પધાર્યા પછી બરાબર પંદરમે દિવસે જ કુશળકુંવરબાએ શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં દેહત્યાગ કર્યો. તે વખતે દરબારગઢમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો હતો. તે વાત શ્રીહરિએ ગઢડામાં જીવુબાઈ તથા લાડુબાઈ આગળ કરી કે ‘આજે ધર્મપુરમાં કુશળકુંવરબાઈએ દેહ મૂક્યો.’



ભક્તરાજ પર્વતભાઈ

# ભક્તરાજ પર્વતભાઈ

કાઠિયાવાડમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ ફરીને સારો સત્સંગ ફેલાવ્યો હતો. ગામ અગતરાઈના પર્વતભાઈ પણ રામાનંદ સ્વામીના આશ્રિત થયા હતા. કણબી જ્ઞાતીના ગામડિયા જેવા જણાતા આ ભક્ત પૂર્વસંસ્કારના બળે અખંડ ભગવત્ સ્વરૂપમાં જ ધ્યાનમગ્ન રહેતા. જ્યારે એમને શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે તો પૂર્વના મુક્ત હોય તેમ તત્કાળ તેમને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય થયો કે 'આ તો અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે અને સર્વ અવતારના અવતારી છે.' આવો હતો એમનો માહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચય !

તેઓ એક વાર શ્રીજીમહારાજનાં દર્શને લોજ આવ્યા. શ્રીજીમહારાજે વાતવાતમાં સહજભાવે એમને કહ્યું કે 'સદાવ્રતમાં દાણાની તાણ પડે છે.'

અનુવૃત્તિના પાલક પર્વતભાઈ ઘેર પહોંચ્યા. કોઠીઓમાં હતું એટલું બધું જ અનાજ લગભગ સોળ કળશી જેટલું, આઠથી દસ જેટલાં ગાડાં ભરી લોજ લઈ આવ્યા. શ્રીજીમહારાજ તો જોઈ જ રહ્યા. અનાજનાં ગાડાં છોડતાં પર્વતભાઈને પૂછ્યું કે 'ઘેર છોકરાં સારુ કાંઈ રાખ્યું છે કે નહીં ?'

'મહારાજ ! કણબીનાં છોકરાં ને કૂકડાં ભૂખે ન મરે ! એ તો ઉકરડા ઉથામીને પણ પેટ ભરે.' પર્વતભાઈએ હસતાં હસતાં કહ્યું. શ્રીજીમહારાજ તથા મુક્તાનંદ સ્વામી એમનો આવો ભાવ જોઈ બહુ જ રાજી થયા.

આવા પર્વતભાઈનાં વખાણ ઘણી વખત શ્રીજીમહારાજ પોતાના કાઠી હરિભક્તો આગળ કરે કે 'સોરઠ દેશમાં પર્વતભાઈ જેવા હરિજન કોઈ નહીં.'

કાઠીઓને પણ આવા પ્રેમી ભક્તનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગી.

શ્રીજીમહારાજ કહે : 'જૂનાગઢ જઈશું ત્યારે અગતરાઈ જઈશું.'

એવામાં જૂનાગઢ જવાનું થયું. ત્યાંથી શ્રીજીમહારાજ કાઠી દરબારોનો સંઘ લઈ અગતરાઈ પધાર્યા.

શ્રીજીમહારાજ અને ભક્તોનાં દર્શનથી પર્વતભાઈ તો હરખઘેલા થઈ ગયા. ઢોલિયો ઢાળી શ્રીહરિને પધરાવ્યા અને શ્રીહરિનાં ચરણ ચાંપવા બેસી

ગયા. કાઠીઓ તો ઘોડાના જોગાણ ને ખડ માટે આમતેમ ફાંફાં મારવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ પાસે આવી ફરિયાદ કરી. શ્રીજીમહારાજે પર્વતભાઈને બધી જોગવાઈ કરવા કહ્યું. એટલે પર્વતભાઈ કહે કે 'મહારાજ ! ઘરના ધણી આવે પછી ચાકરને શી ચિંતા !'

શ્રીજીમહારાજ હસતાં હસતાં કાઠીઓને કહે કે 'જુઓ તો ખરા, આણે તો અમને જ ઘરધણી બનાવ્યા. હવે અમારે તમારી ફિકર કરવાની.'

પછી બાજરાની કોઠીઓ અને ખડ હતું તે પર્વતભાઈએ કાઠીઓને બતાવ્યું. કાઠીઓએ તો કોઠીનાં સાણાં કાઢી નાખ્યાં અને પાવરાં ભરી ભરીને ઘોડાંને ચડાવ્યાં અને વાડામાં ખડનાં ભર હતાં તેમાં ઘોડાંને છૂટાં મૂકી દીધાં. શ્રીજીમહારાજે આ જોયું, એટલે બધાને મીઠો ઠપકો આપ્યો કે 'ઘેર આમ બગાડો છો ?' એમ કહી સૌને રીતમાં વર્તાવ્યા.

પર્વતભાઈનો ભાવ જોઈ શ્રીહરિએ કાઠીઓને ખાંતે કરીને જમાડવાનો વિચાર કર્યો. ગોળ, ચોખા ને છૂટી ધારે ઘી મળે એટલે કાઠીઓને તો વાહ વાહ! રસોઈ તૈયાર થઈ એટલે સૌ પ્રથમ તો પર્વતભાઈએ હોંશે હોંશે શ્રીહરિને જમાડ્યા. પછી કાઠીઓની પંક્તિ ફળિયામાં થઈ. ગોળ, ચોખા પીરસાયા. શ્રીહરિ ઘીની તાંબડી લઈને નીકળ્યા. પર્વતભાઈએ પોતાને ગળે હાથ મૂકી શ્રીહરિને વિનંતી કરી કે 'મહારાજ ! ઘીની ધાર પાછી ખેંચો તો મારા સમ છે.'

કાઠીઓએ પણ એવો ઠરાવ કરેલો કે શ્રીજીમહારાજ ઘી પીરસે એટલું પીરસવા દેવું, પાછા પડવું નહીં. શ્રીજીમહારાજ તો ઘી રેડતા જાય, તે તાંસળી છલકાય ત્યાં સુધી રેડે. કાઠીઓ 'હાં હાં' કરી ગર્જના કરે ત્યારે જ શ્રીજીમહારાજ આગળ ખસે. વળી, ઘીની ધાર પાછી ખેંચે નહીં એટલે વચમાં ઘી ઢોળાતું જાય. આ જોઈ પર્વતભાઈ ફેરફૂદરડી ફરતાં, કૂદતાં જાય અને બોલતાં જાય : 'અહોહો, આ મારા વાલાની લીલા તો જુઓ. આવી લીલા ક્યારેય નહોતી કરી.'

કાઠીઓના મોંમાંથી પણ હેતના ઉદ્‌ગાર નીકળી ગયા કે 'વાહ ! પર્વત વાહ ! બીજા પર્વત ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહીં. શ્રીજીમહારાજ વખાણ કરતા હતા તેવા જ પર્વતભાઈ છે.'

એક વખત પર્વતભાઈ પોતાના ખેતરમાં સાંતી હાંકતા હતા ત્યારે

એમને સંકલ્પ થયો કે 'ભગવાને વરાહ અવતાર કેવો ધર્યો હશે ?'

ત્યારે શ્રીજીમહારાજે વિચાર્યું જે 'પર્વતભાઈએ એક અવતાર જોવાનો સંકલ્પ કર્યો તે દેખાડવો પડશે અને બીજા અવતારો જોવાનો સંકલ્પ કરશે તો તે પણ દેખાડવા પડશે. માટે ચોવીસેય અવતાર સાથે દેખાડી દઉં.'

પર્વતભાઈ હળ હાંકતાં શ્રીજીમહારાજની મૂર્તિનું ચિંતવન કરતા હતા ત્યાં એમને તેજ દેખાયું અને તેજમાં ચોવીસેય અવતારનાં દર્શન થયાં. આશ્ચર્યમાં ગરકાવ પર્વતભાઈથી ઉદ્ગાર નીકળી ગયા : 'અહોહો ! શ્રીજીમહારાજની દયા તો જુઓ.' પણ એમને વિચાર આવ્યો કે 'આ બધા અવતારના કારણ કોણ હશે ?' એટલામાં એ દરેક અવતારને શ્રીહરિની મૂર્તિમાં સમાઈ જતા એમણે જોયા ને મનની ભ્રાંતિ ટળી ગઈ.

પર્વતભાઈ શ્રીહરિની મૂર્તિને અખંડ દેખતા; અને ગોલોક, વૈકુંઠાદિક ધામો અને અક્ષરધામ પણ દેખતા. બ્રહ્માંડોની રચનાને પણ જોતા. જેમ કોઈ પુરુષના હાથમાં ચિંતામણિ હોય ને જે જે પદાર્થ ચિંતવે તે તે તેને પ્રાપ્ત થાય તેમ પર્વતભાઈને શ્રીહરિની મૂર્તિનું અખંડ ચિંતવન થતું, તેથી જે મનોરથો ધારે તે સત્ય થતા.

એક પ્રસંગે પર્વતભાઈ ખેતરમાં સાંતી હાંકતા હતા. બપોરનું ટાણું હતું. તેથી પર્વતભાઈ માનસીમાં શ્રીજીમહારાજને થાળ જમાડવા લાગ્યા. શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થયેલા પર્વતભાઈનું સાંતી ધીમું પડી ગયું. તેથી પાછળવાળાને થયું કે 'પર્વતભાઈ ઝોલે ચઢ્યા છે.' એમ જાણી પરોણો અડાડ્યો. પર્વતભાઈ હલી ગયા અને ખાલી હાથમાંથી એકદમ દહીંનાં ઢેફાં નીચે હળ ઉપર અને ચાસમાં દડી પડ્યાં. પાછળના સાંતીવાળાને આ જોઈ નવાઈ લાગી અને તે પર્વતભાઈ પાસે દોડી આવ્યો. આશ્ચર્યવત્ તે શ્વાસભેર પૂછવા લાગ્યો કે 'આ દહીં ક્યાંથી ?'

પર્વતભાઈએ ધીરેથી કહ્યું કે 'હું માનસીમાં શ્રીજીમહારાજને દહીં ને રોટલા જમાડતો હતો. શ્રીજીમહારાજે મારો સંકલ્પ સત્ય કર્યો, પણ તમે અડપલું કર્યું એટલે આ દહીં હાથમાંથી ઢળી પડ્યું.'

તે સાંતીવાળો પર્વતભાઈની આવી સ્થિતિ જોઈ દિંગ થઈ ગયો ! અને હંમેશાં એમ જ બનતું કે પર્વતભાઈ જે ચાકર-દાડિયા રાખતા તે એમનું વર્તન જોઈ સત્સંગી થઈ જતા.

આ વાત એક હરિભક્તે ગઢડા આવી શ્રીજીમહારાજને કરી. ત્યારે શ્રીજીમહારાજે કાગળ લખીને મયારામ ભટ્ટને આપ્યો ને પર્વતભાઈ પાસે મોકલ્યા. અગતરાઈ આવી મયારામ ભટ્ટે પર્વતભાઈને કાગળ આપ્યો. કાગળ વાંચી પર્વતભાઈ તરત શ્રીહરિ પાસે જવા નીકળ્યા. ત્યારે પર્વતભાઈનો દીકરો બહુ માંદો હતો. અંતકાળ જેવી સ્થિતિ હતી. તેથી મયારામ ભટ્ટે તેમને કહ્યું : 'આ છોકરો માંદો છે ને અંતકાળ જેવું છે તેને મૂકીને ક્યાં ચાલ્યા ?'

'તમે આ કાગળ લાવ્યા તે બોલે છે કે તરત ગઢડે આવો. માટે હવે ઘડી એક પણ રહેવાય નહીં.' પર્વતભાઈએ નિશ્ચયપૂર્વક કહ્યું.

પર્વતભાઈ હજુ બે ખેતરવા પણ નહીં પહોંચ્યા હોય અને તેમને તેડવા વાંસે માણસ દોડતો આવ્યો. તેને જોઈ પર્વતભાઈને અણસાર આવ્યો એટલે લૂગડાં કાઢી ફાળિયું પહેરી લીધું. માણસ નજીક આવ્યો એટલે પૂછ્યું : 'કેમ આવ્યો છે ? જો છોકરે દેહ મૂકી દીધો હોય તો તમે અગ્નિસંસ્કાર કરી આવજો. હું હવે પાછો નહીં આવું.' એમ કહી પર્વતભાઈએ નાહી લીધું ને આગળ ચાલ્યા. માણસ તો નિરાશ થઈ પાછો વળ્યો.

પર્વતભાઈ ગઢડે પહોંચ્યા ને શ્રીજીમહારાજને દંડવત્પ્રણામ કરી પગે લાગ્યા. અંતર્યામી પ્રભુએ સૌને જણાવવા પર્વતભાઈને પૂછ્યું : 'તમારો દીકરો માંદો હતો તે સુવાણ થઈ ?'

'મહારાજ ! બહુ જ સુવાણ થઈ ગઈ છે, કારણ કે હવે તેને સાંતી હાંકવું નહીં પડે ને ખેતીનો ધંધો આળસ્યો અને તમારા ધામમાં ગયો.' પર્વતભાઈએ નમ્રતાથી જવાબ આપ્યો.

'દીકરો મર્યો તેનો તમને જરા પણ શોક કે ખરખરો નથી થતો ?' શ્રીહરિએ પૂછ્યું.

પર્વતભાઈ કહે કે 'ખાટલાનો પાયો ભાંગ્યો હોય તેનો ખરખરો કે શોક કરવો પડે, કારણ કે સુથારની ગરજ પડે અને આ તો તમારા ધામમાં ગયો.'

આ સાંભળી શ્રીજીમહારાજ મરક મરક હસવા લાગ્યા અને સભાજનો વિસ્મિત બની અહોભાવમાં ડૂબી ગયા.

એક વખત શ્રીહરિ અગતરાઈ પધાર્યા. પર્વતભાઈ શ્રીહરિને અને સૌ સંત-હરિભક્તોને વાડીએ તેડી ગયા. ખેતરમાં શેરડી હિલોળા લેતી હતી. સારાં સારાં સાંઠાં ગોતી, પર્વતભાઈએ સુધારીને શ્રીહરિ આગળ ફાળિયામાં

શેરડીનાં માદળિયાં ધર્યાં. શ્રીહરિ પ્રેમથી જમવા લાગ્યા. પછી ખોબો ભરી પર્વતભાઈને આપવા લાગ્યા. પર્વતભાઈ કહે : 'મારે તો નિયમ છે. મારા ઈષ્ટદેવ જમે પછી જમાય.'

'તમારા ઈષ્ટદેવ વળી કોણ?' શ્રીહરિએ આશ્ચર્ય સાથે પૂછ્યું.

'કેમ, મારા ઈષ્ટદેવ તો આ સંતો છે. આપની ઓળખાણ એમણે કરાવી. માટે સંતો જમે પછી મારે જમાય. આપે સંતોને ખટરસના નિયમ આપ્યા તે દિવસથી અમે ઘરનાં બધાંએ ખટરસના નિયમ લીધા છે.' પર્વતભાઈએ વિવેકથી કહ્યું.

શ્રીજીમહારાજ આ જાણી ઘણા રાજી થયા. પછી સંતોને શેરડી જમાડી ખટરસના નિયમ મુકાવ્યા. પર્વતભાઈ પણ જમ્યા. દોઢ વરસે નિયમ મૂક્યો. આવી હતી એમને સંતો સાથેની આત્મબુદ્ધિ !

આવા ભક્તનો વ્યવહાર શ્રીહરિ સાચવતા. એક વખત પર્વતભાઈ શ્રીહરિ પાસે ગઢડે આવેલા. આ બાજુ એવું બન્યું કે પર્વતભાઈનું ખેતર રેઢું જોઈને, ઘઉંનો પોંક ચોરવા ચોર ખેતરમાં પેઠા. જ્યાં ઘઉંની ડૂંડીઓ તોડે છે, ત્યાં તો તેમના વાંસામાં કોરડા પડવા લાગ્યા. આમતેમ જોયું તો કોઈ નહીં. ફરી તોડવા જાય ત્યાં ફરી વાંસામાં કોરડા ઝીંકાયા. એટલે નાઠા. બીજે છેડે જઈને તોડવા લાગ્યા તો ત્યાં પણ એ જ હાલ થયા. બેહાલ હાલતે ચોર પાછા વળ્યા. એમને થયું કે નક્કી પર્વતભાઈના સ્વામિનારાયણ એના ખેતરનું રક્ષણ કરે છે.

કેટલીક વાર તો પર્વતભાઈ ચોરને સામેથી બોલાવીને અનાજ આપી દેતા ને શ્રીહરિનો મહિમા કહેતા. વળી, પોતાને ત્યાં નવા નવા સાથી-દાડિયા રાખીને તેમને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરી, સત્સંગી કરતા.

એક વાર દાદાખાચરનો ગોલો માંદો પડ્યો હતો. તેથી સભામાં જે આવે એને શ્રીજીમહારાજ પૂછે કે 'તમે દાદાખાચરના ગોલા (સેવક) થશો.' પણ સૌ ના પાડે.

કાઠી દરબારો કહે કે 'અમારે તો ઘેર માણકિયું પૂંછડાં ઝાટકે છે, તે અમે શીદ એના ગોલા થઈએ ?'

શ્રીજીમહારાજે પર્વતભાઈને સંભાર્યા અને પર્વતભાઈએ સભામાં પ્રવેશ કર્યો. પર્વતભાઈ શ્રીજીમહારાજને પગે લાગે છે ત્યાં જ શ્રીજીમહારાજે એમને

પૂછ્યું કે 'દાદાખાચરના ગોલા થશો ?'

'હા મહારાજ ! હું થઈશ.' પર્વતભાઈએ બે હાથ જોડી ખચકાયા વગર જવાબ આપ્યો અને બોલ્યા : 'મહારાજ ! બૈરી-છોકરાંના ગોલા તો છીએ જ, તો પછી ભગવાનના ભક્તના ગોલા થવામાં તો અમારાં મોટાં ભાગ્ય ગણાય.'

એક વખત સૌની પરીક્ષા કરતાં શ્રીજીમહારાજે પૂછ્યું કે 'ઢોલિયાના સત્સંગી હોય એ અમારી પાસે બેસો ને સત્સંગીના સત્સંગી હોય એ વાંસે (પાછળ) બેસો.'

ઘણા સંતો-હરિભક્તો શ્રીજીમહારાજના ઢોલિયા પાસે જઈને બેઠા. એકલા પર્વતભાઈ દૂર જઈને બેઠા. સૌને થયું કે આ પર્વતભાઈ કાંઈ સમજતા નથી. પણ એટલામાં તો શ્રીજીમહારાજ ઢોલિયા ઉપરથી ઊતરીને દૂર જ્યાં પર્વતભાઈ બેઠા હતા ત્યાં જઈને બેઠા. ત્યારે સૌને સમજાયું કે શ્રીજીમહારાજનો ખરો રાજીપો તો ભક્તના ભક્ત થવામાં જ છે. ભગવાનના ભક્ત થવું તો સૌને ગમે, પણ જે ભક્તના ભક્ત થવું એ જ દાસત્વભક્તિનું લક્ષણ છે.

એક વખત દુષ્કાળના વરસમાં, હરિભક્તોને તકલીફ પડે એટલે શ્રીહરિએ સંતોને ગામડે જવાની ના પાડી. ત્યારે પર્વતભાઈએ શ્રીહરિ પાસે આવીને પ્રાર્થના કરી કે 'અમારે તો બે દુકાળ પડ્યા.'

શ્રીહરિએ પૂછ્યું કે 'એમ કેમ બોલો છો ?'

ત્યારે પર્વતભાઈ કહે કે 'એક તો વરસ મોળું છે એ દુકાળ અને બીજું આપે સંતોને ગામડે જવાની બંધી કરી એ સંતોની સેવા તથા સમાગમનો દુકાળ.'

પર્વતભાઈની આવી સમજણ જોઈ શ્રીહરિ બહુ રાજી થયા અને સંતોને એમને ગામ મોકલ્યા. આવી હતી એમની દાસત્વભક્તિ !

શ્રીહરિના પ્રત્યક્ષ સમાગમનો ખપ પણ એમને જબરો હતો. એક વખત ખેતરમાં વાડ બાંધવા જરડું કાપવા જતા હતા, ત્યાં કુહાડી છટકીને તેમના પગ પર પડી. એમણે જોડા પહેર્યા હતા એટલે જોડાનો આગળનો ભાગ કપાઈ ગયો, પણ પગ બચી ગયો.

પળે પળે શ્રીહરિનું અનુસંધાન રાખતા પર્વતભાઈને વિચાર આવ્યો કે 'જો કુહાડી પગમાં વાગી હોત તો છ મહિનાનો ખાટલો થાત, તેમાંથી

શ્રીજીમહારાજે મને ઉગારી લીધો. માટે હવે એટલો સમય ગઢડે જઈને શ્રીજીમહારાજનો સમાગમ કરું.'

આવી હતી એમની ઉચ્ચ સમજણ! ગઢડે જઈ પર્વતભાઈએ શ્રીજીમહારાજનો સમાગમ કર્યો. શ્રીજીમહારાજ બહુ રાજી થયા.

એક વખત પર્વતભાઈ અને એમનાં પત્ની બંને ગઢડે શ્રીજીમહારાજને દર્શને આવેલાં. પર્વતભાઈ તો શ્રીજીમહારાજ પાસે બેસી રહે, કથાવાર્તા સાંભળે અને દર્શન કરે. આ જોઈ શ્રીજીમહારાજે મયારામ ભટ્ટને કહ્યું કે 'પર્વતભાઈનાં ઘરનાંને પૂછો કે પર્વતભાઈ ક્યાં જમે છે ?'

ત્યારે તેમનાં ઘરનાંએ કહ્યું કે 'અહીં તો નથી જમતા, એ તો શ્રીજીમહારાજની પ્રસાદી જમતા હશે.'

મયારામ ભટ્ટે આવી એ જ પ્રમાણે શ્રીજીમહારાજને કહ્યું. એટલે શ્રીજીમહારાજ કહે કે 'અહીં તો નથી જમતા.'

પછી શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછ્યું. ત્યારે તેઓ કહે : 'મહારાજ ! આ મૂર્તિ મૂકીને રોટલો શું ભાવે ? હું તો તમારાં દર્શનથી જ તૃપ્ત થઈ જાઉં છું.'

આમ, લગભગ સાત દિવસ સુધી પર્વતભાઈ જમ્યા જ ન હતા. બેઠાં બેઠાં શ્રીહરિની મૂર્તિનું જ સુખ લીધું હતું. આવો દેહનો અનાદર બીજાથી થાય નહીં ! પછી શ્રીહરિએ બ્રહ્મચારીને બોલાવ્યા ને ભક્તરાજને જમાડ્યા.

આવા હતા ભક્તરાજ પર્વતભાઈ ! શ્રીજીમહારાજ એમનું હંમેશાં રટણ કરતા. તે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને કહ્યું હતું કે 'અમારા ખરેખરા સત્સંગી તો પર્વતભાઈ તથા ગોવર્ધનભાઈ આદિક છે, કારણ કે પોતાના આત્માને અક્ષરરૂપ માનીને ત્રણે અવસ્થામાં અમને નિરંતર દેખે છે.'



ભક્તરાજ શિવલાલ શેઠ

# ભક્તરાજ શિવલાલ શેઠ

'આ તમારો છોકરો સ્વામીપંથી થઈ ગયો છે. ગામના ધણી હમીર-ખાચરના દરબારમાં સ્વામી આવ્યા છે એનું એને કામણ લાગ્યું છે, તે એ સ્વામી... સ્વામી... જ કરે છે.' ગામની નિશાળના મહેતાજીએ એક દિવસ બપોર વચાળે નગરશેઠના દીકરાનું કાંડું ઝાલી શેઠાણી પાસે આવી ફરિયાદ કરી. શેઠાણીએ દીકરાને વાર્યો પણ દીકરાએ રોકડું પરખાવ્યું કે 'સ્વામીની મને લગની લાગી છે, તે હવે પીધેલું અમૃત બહાર નહીં નીકળે, બાપા ભલે વઢે.'

માતાએ એકના એક લાડકવાયાને ઘણો સમજાવ્યો પણ દરબાર હમીરખાચરના મલકમાં માનીતી તાજણની વછેરીને જ્યારે વ્યાપકાનંદ સ્વામીએ યમના દરબારમાંથી પાછી બોલાવી, ત્યારે બોટાદમાં ઘરોઘર સ્વામીનાં ગુણગાન ગવાવા લાગ્યાં. કાઠી દરબારોના સોબતી નગરશેઠના દીકરા ભગા દોશીને પણ નાની વયમાં પૂર્વસંસ્કારના બળે સ્વામીના સ્વરૂપની અંતરમાં સૂઝ પડી ગઈ.

પછી તો જૈન સમાજના અગ્રગણ્ય અને ભાવનગર રાજ્યના માનીતા નગરશેઠ ભાઈચંદ દોશીએ વ્યાવહારિક કુનેહબુદ્ધિથી અનેક રીતે પુત્રને સમજાવી જોયો પણ તે પર્વતપ્રાય રહ્યો. છેવટે એક આખો દિવસ આ પોતાના ભાવી વારસદારને ઓરડામાં પણ પૂરી રાખ્યો, પણ પુત્રની શ્રદ્ધા ડગી નહીં. આંખમાં કણું ખૂંચે એમ શેઠના મનમાં એક જ રંજ હતો કે પોતે જૈન શ્રાવકોમાં મોટેરા અને પોતાનો જ પુત્ર બાપ-દાદાનો ધર્મ છોડી દે ને નવા નીકળી પડેલા સ્વામીપંથમાં ભરાઈ પડે. કુટુંબની આબરુ પગ તળેથી સરી જતી જોઈ શેઠને કાળજામાં કારમો ઘા લાગ્યો હતો.

શેઠે વણિક બુદ્ધિથી ભગા દોશીને સત્સંગમાંથી પાછા પાડવા એક પણ ઉપાય છોડ્યો નહીં. છેવટે સારાય મલકના ધણી ભાવનગર નરેશ વજેસંગ બાપુ પાસે પણ પુત્રને લઈ ગયા. ચાલાક દીકરાએ બાપુને પણ સ્પષ્ટતાથી જણાવ્યું કે 'પોતે કાંઈ ખોટું કર્યું નથી. વળી, સ્વામીના સમાગમથી પોતે સદાચારી જીવન જીવે છે અને કુમાર્ગે જતાં અટક્યો છે.'

બાળકની બુદ્ધિથી બાપુ ઘણા ખુશ થયા ને તેની મરજી પ્રમાણે વર્તવા અનુમતિ આપી.

આ પ્રસંગથી ભગા દોશીની દૃઢતામાં અભિવૃદ્ધિ થઈ. સંતોના સેવા-સમાગમમાં વિશેષ લગની લાગી.

એક વખત શ્રીજીમહારાજને રસોઈ આપવા પિતાથી છાનું સીધું લઈને દરબારમાં ગયા. શ્રીજીમહારાજે આવી રીતે ચોરીછૂપીથી આણેલા સીધાનો ઈન્કાર કર્યો. આથી, ભગા દોશી ઘેર જઈ રડવા લાગ્યા. ભાઈચંદ શેઠને પણ આશ્ચર્ય થયું કે બીજા સાધુ-બાવા તો પાકા સીધા માટે ચીપિયા પછાડે ને આ તો પાછું ઠેલે છે. નક્કી સ્વામિનારાયણમાં કંઈક દૈવત હોવું જોઈએ. ભાઈચંદ શેઠ, પુત્રની સાથે સીધું લઈને શ્રીજીમહારાજ પાસે ગયા. સંતોને પત્તરમાં ભેળું કરીને નિઃસ્વાદીપણ જમતા જોઈને તથા શ્રીહરિની અલૌકિક મૂર્તિનાં પ્રથમ દર્શનમાત્રથી જ શેઠના હૃદયમાં ઘેરો પડઘો પડ્યો અને ભગા દોશીને સત્સંગ કરવાની કાયમની સાનુકૂળતા થઈ ગઈ.

ભાઈચંદ શેઠના સ્વર્ગવાસ પછી ભગા દોશીએ પણ ભાવનગર રાજ્યમાં અધિક આબરૂ મેળવી અને નગરશેઠપણું શોભાડ્યું. એ જમાનામાં નવ લાખના આસામી ગણાતા ભગા દોશીએ, વ્યાવહારિક કે સામાજિક પ્રલોભનોમાં ન લોભાતાં સત્સંગ શિરસાટે રાખ્યો અને શ્રીજીમહારાજની કૃપા પ્રાપ્ત કરી.

આવા પવિત્ર પિતાના પુત્ર પણ અતિ પવિત્ર જ નીવડ્યા. આ ભગા દોશીના પુત્ર શિવલાલભાઈનો જન્મ સંવત ૧૮૮૨માં બોટાદ ગામમાં થયો હતો. એકના એક પુત્ર હોવાથી અતિ લાડકોડમાં પુત્રનો ઉછેર થઈ રહ્યો હતો. શિવલાલભાઈ જ્યારે સવા વર્ષના થયા ત્યારે ભગા દોશી તેમને તેડીને ગઢડે શ્રીજીમહારાજ પાસે પગે લગાડવા લાવેલા. બાળકના માથે હાથ મૂકી, કૃપાદૃષ્ટિ કરી શ્રીજીમહારાજ બોલ્યા : 'આ તો સિદ્ધવલ્લભ રાજા છે. તેમણે અમારી સેવા કરેલી. કાંઈક ખામી રહેલી તેથી તમારે ત્યાં જન્મ લીધો છે.'

બાળપણથી જ એમનું જીવન સાદું, સરળ અને ભગવત્પરાયણ હતું. તેમાં વળી ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતોનાં દર્શન તથા સેવા-સમાગમનો એમને સતત યોગ રહેતો. એટલે સંસારમાં સહેજે જ અનાસક્તભાવ સાથે તેમની ભક્તિની અભિરુચિ પોષાતી જ રહેતી.

બહુ નાની વયે સંસારત્યાગ કરવાનો ઉત્કૃષ્ટ વિચાર એમને આવેલો અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને એમણે વાત પણ કરેલી. શ્રીમંત પિતાના એકના એક પુત્ર હોવાથી આચાર્ય મહારાજે એમને સમજાવીને ના પાડી હતી. એમની લગની તો દિન-પ્રતિદિન વધતી જ રહી. શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સાથે અખંડ ભજનનો એમણે વેગ લગાડ્યો હતો. માર્ગમાં ચાલ્યા જતા હોય તોય એમની વૃત્તિ આડી-અવળી ડોલે નહીં. દુકાને પણ ખપ પૂરતી વાતચીત કરે પણ ગામ-ગપાટામાં વ્યર્થ સમય બગાડે નહીં. હાથમાં વચનામૃતનો ગ્રંથ અથવા માળા તો હોય જ અને પોતાની બેઠક સામે જ શ્રીહરિની મૂર્તિ રાખતા.

કુટુંબમાં કોઈ માંગલિક પ્રસંગે શિવલાલભાઈનાં સાળી એમને ઘેર આવેલાં. બહોળા કુટુંબને લઈને અને સ્ત્રીઓ સાથે પ્રયોજન વગર વાતચીત ન કરવાની ટેવવાળા શિવલાલભાઈને, બે-ત્રણ માસથી સાળી ઘરમાં હોવા છતાં ખબર પડેલી નહીં; કારણ તેમનું જીવન જ એ રીતે સત્સંગમય ગોઠવાઈ ગયું હતું. પાંચ વખત માનસી, ધ્યાન, સાયંકાળે મંદિરે જઈ નિત્ય-નિયમ, સ્વાભાવિક ચેષ્ટા વગેરે કરી મોડી રાત્રે ઘેર આવવું. દુકાનમાં પણ એ જ રીતે ભગવાનમાં જ વૃત્તિ રાખવાનો અધ્યાસ. પણ એક દિવસ તેઓ જમવા બેઠા હતા અને તેમનાં સાળી પીરસવા આવ્યાં. તેમનાથી ભાતમાં ઘી વધારે પડી ગયું, ત્યારે સહેજ ઊંચું જોવાઈ જતાં તેમની દૃષ્ટિ સાળી ઉપર પડી અને સ્વાભાવિક પૂછ્યું : 'તમે ક્યારે આવ્યા ?' આ સાંભળી તેમનાં સાળીને જરા માઠું પણ લાગ્યું. પછી સૌએ તેમને સમજાવ્યું કે શિવલાલભાઈની એવી અલૌકિક સ્થિતિ છે.

તેમની દુકાનેથી મંદિરે જતાં રસ્તામાં એક માટીનું ઘર હતું તે પાડીને એના ધણીએ ત્યાં મોટી હવેલી કરેલી. શિવલાલભાઈ હંમેશાં એ રસ્તેથી પસાર થાય પણ એમની વૃત્તિ ક્યારેય એ તરફ ગયેલી નહીં. એક વખત રસ્તે ચાલતાં ચાલતાં એમને છીંક આવી અને ઊંચું જોવાઈ ગયું. એમણે પહેલી જ વાર તે જગ્યાએ હવેલી ભાળી, એટલે સહજ ભાવે પૂછ્યું : 'આ ક્યારે બંધાણી ?'

રસ્તે ચાલતા સૌ હસતાં હસતાં કહેવા લાગ્યા કે 'આ ઇમારત બંધાયે છ માસ થયા છે.'

એક વખત ભગા દોશી કુટુંબ-પરિવાર સાથે ગાડામાં બેસી ગઢપુર દર્શને જઈ રહ્યા હતા. સાથે શિવલાલભાઈ પણ હતા. રસ્તામાં ઘણાં ખેતરોમાં ઊભા મોલ જોઈ ભગા દોશી પાક સંબંધી, જમીન સંબંધી પોતાના અનુભવ પ્રમાણે વ્યાવહારિક વાતો કરતા હતા. થોડી વાર રહી શિવલાલભાઈએ ટકોર કરી કે 'આ બધી વાતોથી આપણે ઘરે અનાજનાં ગાડાં છૂટવાનાં નથી. માટે ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ તો ભજન કરતાં કરતાં જવું જોઈએ, જેથી અંતરમાં શાંતિ રહે અને દર્શન-સમાગમનું પણ સુખ આવે.' આથી, ભગા દોશી વગેરેને પોતાની ભૂલ સમજાણી.

ગઢડાથી વડતાલ જતાં બોટાદ રસ્તાનું ગામ હોવાથી મોટા મોટા સદ્‌ગુરુઓ અહીં પધારતા. ખાસ કરીને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વર્ષમાં બે વખત વરતાલ સમૈયા ઉપર જતા ત્યારે બોટાદ અવશ્ય પધારતા. સાથે સંતોનું મંડળ પણ હોય. સ્વામીને થોડા દિવસ રોકીને શિવલાલભાઈ સમાગમનો ખૂબ લાભ લેતા. ઘણી વાર સ્વામી સાથે વરતાલ પણ સમૈયે જતા. વળી, ઘણી વાર સ્વામી સાથે જૂનાગઢ પણ સમાગમ માટે જતા. જૂનાગઢથી સ્વામી સાથે ક્યારેક સાંખડાવદરના બીડમાં પણ જવાનું થાય, ત્યારે જંગલમાં સ્વામી સાથે ખાખરાની પર્ણકુટિમાં રહે અને ફોતરાં સોતી કાળી અડદની દાળ ને રોટલો સ્વામી સાથે જમી લે. એવાં કષ્ટ સહન કરીને પણ સ્વામીનો સમાગમ કરવાનો એમને ઈશક હતો.

શરૂઆતમાં શિવલાલભાઈને ગોપાળાનંદ સ્વામીનો યોગ વિશેષ હતો, પણ સ્વામી ધામમાં જવાના થયા ત્યારે ભલામણ કરેલી કે 'વ્યવહાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂજા શેઠ પાસે જજે અને વ્યવહાર ને મોક્ષ બંને શીખવાં હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે.'

ગોપાળાનંદ સ્વામીની આ આજ્ઞાનુસાર શિવલાલભાઈએ, પોતે ગઢડા દેશના હોવા છતાં કેટલીક ઉપાધિઓ સહન કરીને, શૂરવીર થઈને, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને સ્વામીને સર્વ પ્રકારે રાજી કર્યા.

એક વખત રઘુવીરજી મહારાજ ગઢડે બિરાજતા હતા ત્યારે સયાજીરાવ ગાયકવાડ મંદિરમાં દર્શને આવવાના હતા. આ વખતે આચાર્ય મહારાજની આજ્ઞાથી શિવલાલભાઈ સરકારના સામૈયામાં કારભારી બન્યા હતા. શિવલાલભાઈ હંમેશાં સાદાં વસ્ત્રો પહેરતાં તેથી રોજના પહેરવેશમાં જ

સરકારનું સામૈયું કરવા જઈ રહ્યા હતા. આ જોઈ આચાર્ય મહારાજે એમને સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને જવાની આજ્ઞા કરી, પણ શિવલાલભાઈ કહે કે 'મારી પાસે તો આ જ વસ્ત્રો છે ને ઘરેણાં તો હું પહેરતો જ નથી.'

પછી આચાર્ય મહારાજની આજ્ઞાથી સારાં વસ્ત્રો ને ઘરેણાં પહેરીને સરકારનું સામૈયું કરવા સૌ સાથે ગયા, પણ સામૈયામાંથી જેવા પાછા ફર્યા કે તરત રૂપાળાં વસ્ત્રો તથા અલંકારો કાઢી નાખ્યાં ને પોતાનાં સાદાં વસ્ત્રો પહેરી લીધાં. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી સમૃદ્ધિની આવી છોળોમાં પણ શિવલાલભાઈ નિઃસ્પૃહી વર્તતા. તેમને શ્રીજીમહારાજે સ્વપ્નમાં આજ્ઞા કરી હતી તેથી સારંગપુરના વૃદ્ધ રાઠોડ ધાધલનો વ્યવહાર જીવ્યા ત્યાં સુધી ચલાવ્યો હતો. ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ત્યારે પણ એ જમાનામાં બાવીસ હજાર રૂપિયા જેટલું ખર્ચ કરી અદ્‌ભુત સમૈયો કરાવ્યો હતો.

આથી જ તો એક દિવસ શિવલાલભાઈને ગાડીમાં બેસારીને સ્વામીએ કહ્યું કે 'તારા મનમાં એમ જાણે છે જે, મેં ગઢડામાં મૂર્તિ પધરાવી ને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા એ કામ બહુ મોટું કર્યું, પણ તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'

કારણ, ગઢડામાં લાગેલા કેટલાક કુસંગના શબ્દોથી શિવલાલભાઈને જરા વ્યાવહારિક મોટપનો ભાર અને સ્વામીને વિષે સહેજ નહીં જેવો મનુષ્યભાવ આવી ગયો હતો. તે શિવલાલભાઈનું અંતર પકડી સ્વામીએ ઉપરની વાત કરી અને કહ્યું :

'આવા સાધુને મૂકીને જે જે સુખ ઇચ્છવું તે તો જેમ એક દિવસ ગાયનું વાછરું છૂટીને ગૌશાળે ગયું ને જાણે જે, દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુંઓ ખાય, તે પાટું ખાઈ ખાઈને મોઢું તો સૂઝી ગયું પણ દૂધનું સુખ આવ્યું નહીં. પછી પોતાની મા આવી તોય ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય તે તો પાટું ખાધા જેવું છે, કેમ જે, આજ્ઞા-ઉપાસનામાં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહીં બેસાય. જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ.' વળી, એમ પણ કહ્યું કે 'આમ ને આમ બે મહિના સુધી વાતું કરીશ ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે. એવો સ્થૂળભાવ આવી ગયો છે. ને આ વાતું તો ભગવાનમાં જોડાવવાની છે.'

સ્વામીના મુખમાંથી નીકળતા પરાવાણીના આ શબ્દો શિવલાલભાઈ બે હાથ જોડી વિનમ્રભાવે સાંભળી રહ્યા; કારણ, પોતે શુદ્ધ મુમુક્ષુ હતા. તેથી પોતાની ખોટ સમજી સ્વામીના શબ્દો ધારી શકતા હતા. એકાત્મતા વગર સામાન્યની સાથે મોટાપુરુષ આવી રીતે વર્તે પણ નહીં.

એક દિવસ સ્વામી સભામાં વાતો કરતા હતા અને કંઈક અવાજ આવ્યો, એટલે સ્વામી કહે કે 'આ સભામાં હાડકું કોણ કરડે છે ?'

તે સાંભળી શિવલાલભાઈ સભામાંથી ઊભા થઈ બહાર જઈ થૂંકી આવ્યા અને સભામાં આવીને બેઠા. તે ઘડીથી પોતે સોપારી ન ખાવાનો નિયમ લીધો, પણ સ્વામીની ટોકણીથી તેમને ખોટું લાગ્યું નહીં.

એક વાર તેઓ બજારમાં જઈ સોનાની લેવડ-દેવડ કરીને થોડું કમાઈ આવ્યા અને તેમાંથી જૂનાગઢ મંદિરમાં રસોઈ આપવા સંકલ્પ કર્યો. ત્યારે સ્વામી કહે કે 'સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દિ' સો કરોડ મણ ઢૂંસા લઈને કમાણી કરવાનો સંકલ્પ થયો? શ્રીજીમહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી?' સ્વામીને તેમની મુમુક્ષુતામાં પૂરેપૂરો વિશ્વાસ હતો, તેથી સ્વામી ઘણી વાર શિવલાલભાઈને ઠપકો આપી સાચું જ્ઞાન આપતા.

શિવલાલભાઈ પણ એવી ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા હતા, તે સ્વામીનાં આવાં હેતનાં કડવાં વચન મીઠા ઘૂંટડાની જેમ હૃદયમાં ઉતારી જતા. સ્વામીએ આ રીતે શિવલાલભાઈનું અલૌકિક ઘડતર કર્યું હતું.

એમનું ધ્યાનનું અંગ પણ જબરું હતું. એક વખત ભગા દોશીએ એમને પૂછેલું કે 'શિવલાલ ! તારા જેવું ધ્યાન કરતાં મને શીખવાડ.'

ત્યારે શિવલાલભાઈ કહે : 'બાપા ! મારા જેવું ધ્યાન તમારાથી નહીં થાય, કારણ હું તો પહેલાં આ આપણી હવેલી અને બોટાદ શહેરને ફરતી આગ ચાંપું છું ને તેની રાખનો ઢગલો કરી, દેહને ખોટું કરીને તેના ઉપર બેસું છું...'

આ વાત સાંભળી ભગા દોશી વચમાં જ બોલી ઊઠયા કે 'શિવા ! તારું ધ્યાન તારી પાસે રાખ, મારે નથી શીખવું.'

અને ખરેખર ! એમનું ધ્યાન પણ એવું જ હતું. તે એક વાર પોતે ધ્યાન કરવા બેઠેલા ત્યારે મેડા ઉપરથી ઘીના ગાડવા ગબડ્યા, તે સીડી ઉપર બધું

ઘી ઢોળાયું પણ શિવલાલભાઈને કશી ખબર રહી નહીં. પછી ભગા દોશીએ પૂછ્યું ત્યારે શિવલાલભાઈ કહે કે 'એમાં શું? પેટમાં ઢોળાવાનું હતું તેના બદલે જમીન ઉપર ઢોળાયું.' પણ રંચમાત્ર ખરખરો તેમને થયો નહીં.

ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી બ્રહ્મજ્ઞાનની અદ્‌ભુત વાતોની નોંધ પણ શિવલાલભાઈએ કરેલી છે. જેમાં એક જગ્યાએ પોતાને વિષે સ્વામીને કેવું હેત હતું તેનો સુંદર ઉલ્લેખ મળી આવે છે. તેઓ લખે છે : 'ચૈત્ર વદ બીજને દિને તાવ વરતાલમાં આવ્યો અને પોતે વદ ત્રીજને દિ' જોવા ઉતારે આવ્યા ત્યાં સુવાણ કરી ગયા. વરતાલની સભામાં કહે કે જેમ બાપ-દીકરાનું નોખું નથી તેમજ ગુરુ-શિષ્યનું નોંખું નથી – તે ઠેકાણે પોતે ગુરુ ને હું શિષ્ય – પોતે બાપ ને હું દીકરો એમ સમજવું.'

શ્રીજીમહારાજના મળેલા સદ્‌ગુરુ ભાયાત્માનંદ સ્વામી જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં વાગડ ગામમાં રહેતા. તે બોટાદ નજીક હોવાથી શિવલાલ શેઠ વાગડ ઘણી વાર જતા અને ભાયાત્માનંદ સ્વામીનો સમાગમ કરતા. આથી, એમને આ મોટા સદ્‌ગુરુ સાથે પણ સારું હેત થયું હતું. છેલ્લે છેલ્લે ગુણાતીતાનંદ સ્વામી વાગડ આવેલા અને ભાયાત્માનંદ સ્વામીને શ્રીજીમહારાજના મહિમાની ને સ્વરૂપનિષ્ઠાની ઘણી વાતો કરી હતી. આથી ભાયાત્માનંદ સ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો હતો અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પણ સમજાયો હતો. પછી ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલભાઈને કહેલું કે 'તારા ગુરુને હવે શ્રીજીમહારાજ ધામમાં લઈ જશે.'

અને બન્યું પણ એમ જ. ભાયાત્માનંદ સ્વામી ટૂંકી માંદગી ભોગવી દેહ મૂકી ગયા. આ પછી તરત શિવલાલભાઈને પણ તાવ આવ્યો. ભગા દોશી તેમને તેડવા વાગડ ગયા. પહેલાં તો તેઓ આવવા સંમત ન થયા પણ પછી સંતોના આગ્રહથી ન છૂટકે બોટાદ આવ્યા, પણ ઘેર ન ગયા અને મંદિરમાં જ ઉતારો કર્યો. થોડા દિવસ પછી જ સંવત ૧૯૧૬ના અષાઢ સુદ પાંચમને દિવસે શ્રીજીમહારાજ અને સ્વામીનું સ્મરણ કરતાં નાની વયમાં અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા.